maj Foundation Ch

गुरुकुल कांगड़ी

ain. Gurukul Kangri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર ટાગોરનાં



68 ગ
૧૪

એકાંકી નાટકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या 64 ग/98
पञ्जिका-संख्या 23564

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण ११८४-११८५

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તા: અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં

એકાંકી નાટકો

અવતરણકાર

રમણીકલાલ જ. દલાલ
બી. એ, એલએલ, બી

CHECKED 1973
Initial

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ પહેલી
દેવદિવાળી : ૨૦૦૬

ओ३म्
पुस्तक संख्या 6451/98
पञ्जिका-संख्या ..
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

કિંમત : અઢી રૂપિયા

પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ
શારદા મુદ્રણાલય
પાનકોરનાકા : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

સ્વયંપ્રકાશ એવાં આ નાટકોને નિવેદનની જરૂર ખરી ? કવિવર રવિન્દ્રનાથ ટાગોરનાં છૂટાં છૂટાં કેટલાંક નાટકો ગુજરાતીમાં રજુ થયાં છે. પરંતુ એકાંકી નાટકોનો આવો સંગ્રહ બહાર પડે તો સારૂં, એમ ઘણા વખતથી થયા કરતું હતું. આમ તો આ નાટકો Sacrifice and other plays છેક ઈસ્વી સન ૧૯૨૪માં અંગ્રેજીમાં નજરે પડયાં. ત્યારબાદ ઈસ્વી સન ૧૯૨૫ માં જ લખેલાં, 'સંન્યાસી' ને 'માલિની' 'શારદા'માં છપાયલાં, 'રાજાની રાણી'ને 'રથયાત્રા' 'સમાલોચક'માં પ્રગટ થયેલાં. એ સાથે 'ચિત્રા' ને 'બલિદાન' આ પુસ્તકમાં ઈસ્વી સન ૧૯૪૯ માં ગ્રંથસ્થ થાય છે. એ હર્ષની વાત નથી ? પ્રકાશકો કહે છે કે વાચકોને નાટકો પ્રત્યે ઓછી રૂચી છે. ગ્રંથસ્થ કરવામાં વિલંબ તેનું જ પરિણામ છે પરંતુ કવિવરનાં પિસ્તાલીસે નાટકો ગુજરાતીમાં રજુ થાય એવું તો પ્રત્યેક સાહિત્યરસિક વાંછે છે અને તેથી જ મળી શકે તે બધાં જ નાટકો ગુજરાતીમાં રજુ કરવાનો આ પ્રારંભ છે. અત્યારે લોકરુચિ નાટકો પ્રત્યે અમીમય બની છે. અવેતન રંગભૂમિને પણ આવાં નાટકોની જરૂર છે. એ સંયોગોમાં ગુજરાતીમાં ભજવવા જેવાં નાટકો નથી, એ ફરિયાદને આ પ્રકાશનથી કંઈક અંશે પહોંચી વળાશે તો આ પ્રયત્ન સાર્થક લેખાશે.

રમણીકલાલ જયચંદભાઈ દલાલ.

દેવદિવાળી : ૨૦૦૬

જયનિવાસ : લાખીઆની પોળ : ખાડિયા. અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

૧. ચિત્રા	૧
૨. સંન્યાસી	૩૧
૩. રાજા–રાણી	૫૫
૪. માલિની	૯૧
૫. રથયાત્રા	૧૧૭
૬. બલિદાન	૧૪૩

पुस्त...
आगत...
तिथि...
गुरुकुल प्र...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્રો

માનવો—

ચિત્રા : મણિપુરની રાજકન્યા

અર્જુન : કુરુવંશી ક્ષત્રિય રાજકુમાર : આ નાટકના સમયે અરણ્યમાં નિવૃત્તિવાસ સેવતો.

[મણિપુરના આજુબાજુના વિસ્તારના ગ્રામ્યજનો]

દેવો—

મદન : કામદેવ

વસંત : કામદેવનો મિત્ર

નોંધ

[ચિત્રાની કાવ્યનાટિકા સીનસિનેરી સિવાય ભજવી શકાશે. ચોમેર વર્તુલાકારે પ્રેક્ષકગણ બેઠો હોય ને વચમાં કલાધરો કામ કરી શકશે.]

[રંગભૂમિ પર રાજકુમારી ચિત્રાનું અંતઃપુર, અરણ્યનું દેવમંદિરઃ એ બે દશ્યો ને ઉપર જણાવેલાં ચાર મુખ્ય પાત્રો ઉપરાંત ત્રણચાર ગ્રામ્ય જનોનાં ગાણ પાત્રો આ નાટિકા માટે પૂરતાં છે.]

[અંતઃપુરમાં ચિત્રા રાજકુમારી વેશે ને દેવાલયમાં સાદે વેશે રજૂ થાય : છેલ્લા પ્રવેશમાં પુરુષવેશે. અર્જુન સાદા તપસ્વી વેશે. આમ્રમંજરીનાં બાણ સાથે મદન અને પુષ્પરાશિ સાથે વસંત, દેવસ્વરૂપે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પરિચય

મહાભારત યુગની વાત છે.

કુરુવંશી રાજા યુધિષ્ઠિર સાથેની શરત મુજબ અર્જુન નિર્વાસિત થયો હતો. પ્રવાસે નીકળેલો ધનુર્ધર અર્જુન મણિપુર આવી પહોંચ્યો. ત્યાંના રાજવી ચિત્રવાહનની સુંદર કન્યા ચિત્રા એની નજરે પડી. પ્રથમ દૃષ્ટિપાતે પ્રેમ સર્જાયો. અર્જુને રાજકન્યાનું માગું કર્યું. રાજા ચિત્રવાહને જણાવ્યું, "મણિપુરના રાષ્ટ્રપિતા પ્રભંજન અપુત્ર હતા. રાજ્યનો ઉત્તરાધિકારી મેળવવા એમણે ભારે તપશ્ચર્યા આદરી. ભગવાન રુદ્રે પ્રસન્ન થઈ, એમને અને પછીના ઉત્તરાધિકારીઓને એક એક સંતાન થશે એવું વરદાન આપ્યું. આજસુધી આ ગાદીનો દરેક રાજા પુત્ર મેળવવા ભાગ્યશાળી થયો હતો. પરંતુ મને કિસ્મતે પુત્રી આપી. એનાથી જ મારે વંશવેલો લંબાવવાનો છે. એટલે આજ સુધી મેં એને પુત્રસમી ઉછેરી છે ને મારી વારસ ઠરાવી છે. મારો વંશ હવે દોહિત્રથી કાયમ રાખવાનો છે. એટલે લગ્ન માટે મારો ઇન્કાર નથી પરંતુ એનો પુત્ર અહીં જ રહેશે. એ શરત કબૂલ હોય તો ભલે પાણિગ્રહણ કરો."

અર્જુને ચિત્રવાહનની માગણીનો સ્વીકાર કર્યો ને ચિત્રા સાથે લગ્ન કર્યું. ચિત્રવાહનના પાટનગરમાં એ ત્રણ વર્ષ રહ્યો. ચિત્રાને પુત્ર થયો એટલે એને પ્રેમપૂર્ણ આલિંગન દઈ, અર્જુને પત્ની અને શ્વસૂરની વિદાય લીધી. એણે પ્રવાસ પુનઃ શરૂ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧]

ચિત્રા : આપ પ્રણયદેવતા પંચબાણ તો નથી ને ?

મદન : સર્જનહારના હૈયે પહેલો હું પ્રગટયો. પુરુષ અને પ્રકૃતિના હૈયાને સુખદુઃખનાં બંધને બાંધવાનું કામ મારું.

ચિત્રા : હું જાણું છું. દર્દ અને દર્દનાં બંધનોનો મને પરિચય છે. અને ભલા, આપ કોણ છો ?

વસંત : હું એમનો મિત્ર, ઋતુરાજ વસંત. મૃત્યુ ને જરા તો જગતને છેક અસ્થિ સુધી દોરશે, પરંતુ હું તો મદનરાજને અનુસરું છું અને મારું આક્રમણ ચાલુ રાખું છું. ઋતુરાજ વસંત એટલે અનંત યૌવન.

ચિત્રા : વંદન હો, વસંતદેવ તમને.

મદન : અરે ! આ તે તારું કેવું કઠોર વ્રત ? અજ્ઞાતસુંદરી ! તપશ્ચર્યા ને દમનથી તારું આ તાઝગીભર્યું યૌવન શાને કરમાવી રહી છે ? સ્નેહભાજન માટે આવું બલિદાન અયોગ્ય છે. તું કોણ છે ? તારી શી પ્રાર્થના છે ?

ચિત્રા : હું ચિત્રા, મણિપુરની રાજકન્યા. ભગવાન શંકરે દેવકૃપા વરસાવી મારા પિતામહને પુત્રસંતાનનું વરદાન આપ્યું. પરંતુ મારી માતાના જીવનગર્ભનો પલ્ટો કરવા એ દૈવી વચન પણ અશકત નિવડયું. હું પુત્રને બદલે પુત્રી રૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મી. છતાં ય મારી પ્રકૃતિ પ્રથમથી જ પુરુષસમોવડી અમોઘ રહી છે.

મદન : એથી જ તારા પિતા તને પુત્રની જેમ ઉછેરે છે. એથી જ તને ધનુર્વિદ્યા ને રાજનીતિમાં પારંગત કરી છે.

ચિત્રા : હા. તેથી જ હું આપની સમક્ષ પુરુષવેશે ઊભી છું. તેથી જ મેં અંતઃપુરનો ત્યાગ કર્યો છે. તેથી જ હું સ્ત્રીસુલભ શૃંગાર કલાઓથી અજ્ઞાત છું. મારા હાથ કમાન વાળવા સમર્થ છે પરંતુ મદનની ધનુર્વિદ્યા ને વસંતની નયનક્રીડા તો, મને કદીયે આવડી નથી.

મદન : મારી એ વિદ્યા તો કોઈનેયં શીખવવી પડતી નથી. સુંદરી, માનવનયનો તો વણશીખવે જ પોતાનું કાર્ય કર્યા કરે છે. જેને હૈયે મારું બાણ વાગે છે તે એની વ્યથા પણ પૂરેપૂરી સમજે છે.

ચિત્રા : સાચી વાત છે, હે મદનદેવતા ! મારી જ વાત કહું ! એક દિવસ પૂર્ણા નદીને કિનારે કિનારે લંબાતા અરણ્યમાં પુરુષવેશે હું એકલી મૃગયા ખેલવા ગઈ હતી. એક વૃક્ષ સાથે મારો અશ્વ બાંધી એક હરણની પાછળ હું જંગલની ઝાડીમાં ઘુસી. એક ખીજામાં ગૂંથાયલાં વનતરુઓની છાયામાં મેં એક સાંકડી કેડી લીધી. ચોમેર પથરાયલી વનરાજિ મધુર કલરવે ગુંજી રહી હતી. મારા માર્ગમાં શુષ્ક પર્ણોની પથારીમાં પડેલા એક યુવાનને મેં અણધાર્યો દીઠો. રોષથી મેં એને દૂર હઠવા આજ્ઞા કરી. એણે તો ગણકાર્યું જ નહિ. મારા ધનુષ્યના તીક્ષ્ણ છેડાથી મેં તેને પ્રહાર કર્યો. પ્રહાર થતાં જ ઊંચાં પડછંદ અંગોવાળી એક આકૃતિ મારી સમક્ષ ખડી થઈ : જાણે ભસ્મના ઢગમાંથી ઓચિન્તી અગ્નિશિખા પ્રગટી. એના મુખકમલના ખૂણે કોઈ મનોરમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મિત રમી રહ્યું હતું. કદાચ મારા છોકરવાદ દેખાવથી એને કુતૂહલ થયું હશે. હે દેવતા, જૂઠું નહીં ભાખું ! ત્યારે જીવનભરમાં પહેલી જ વાર મને સમજ પડી કે હું નારી છું ને એક નર મારી સન્મુખ ખડો છે.

મદન : આવા મંગલ અવસરે જ પુરુષને અને પ્રકૃતિને પોતપોતાના આત્માને ઓળખવા હું દૈવી આદેશ આપું છું. હાં... પછી શું થયું ?

ચિત્રા : ભય ને આશ્ચર્યથી મેં પ્રશ્ન કર્યો, "આપ કોણ છો ?" "હું અર્જુન છું" જવાબ મળ્યો, "મહાન કુરુનો વંશજ" એક પૂતળા જેવી હું જમીન સરસી જડાઈ ગઈ. એમને વંદન કરવાનું પણ વિસરી ગઈ. મારાં સોનેરી શમણાંનો અધિદેવ અર્જુન, આ !!! — બાર બાર વર્ષ સુધી નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાની એણે પ્રતિજ્ઞા લીધી હતી. યૌવનના થનગનાટમાં ઘણીવાર એની સાથે ધનુર્વિદ્યા અજમાવવાના મનોરથો મેં સેવ્યા હતા. દ્વંદ્વયુદ્ધનું આવાહન આપવા ઘણા ય મનસૂબા કર્યા હતા. મારા બાહુબલમાં એટલો મને અટલ વિશ્વાસ હતો. ઓ મૂર્ખ હૈયા ! આજ ક્ષણભરમાં, એ તારી બધી ખુમારી ક્યાં ઓસરી ગઈ ? અખૂટ મહત્વાકાંક્ષાભર્યા મારા અફાટ યૌવનને એની ચરણરજ બનાવવા હું કેમ ઝંખી રહી ? જાણે મને મારા જીવનની એ ધન્યઘડી ભાસી ! કેવા વિચારવમળમાં હું ખોવાઈ ગઈ તેની પણ મને ગમ ન રહી. ત્યાં એ અણધાર્યો વૃક્ષોમાં અદૃશ્ય થઈ ગયો. ઓ મૂર્ખ રમણી ! ન તો તેં એનું સ્વાગત કર્યું, ન તો કોઈ વિવેક-બોલ બોલી કે ન તો તેં એની ક્ષમા માગી ! જડભરત જેવી ઊભી ને ઊભી જ રહી. રોષભર્યા એ વિદાય થઈ ગયા. બીજે જ દિવસે મેં મારો પુરુષવેશ ઉતારી નાખ્યો. રાતુ રેશમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંબર પરિધાન કર્યું. સુવર્ણકંકણો ને કટિમેખલા ધારણ કર્યાં. અણફાવતો મારો એ પોશાક સંકોચ પામતી મારી લજ્જાને વીંટાઈ વળ્યો ને હૈયાના પ્રીતમની મારી શોધ ચાલુ જ રહી. અન્તે અર્જુનને મેં એક શિવાલયમાં શોધી કાઢ્યો. પછીનું, આહ! કેમ ભૂલી જવાય છે! કંઈ યાદ રહેતું નથી!

મદન : મારું જન્મસ્થાન હૃદય છે. આવી વાતો હું વધારે સમજી શકું છું. તારી વાત પૂરી કર.

ચિત્રા : મેં એને શું કહ્યું એ બરાબર યાદ નથી. મને શા ઉત્તર મળ્યા એ પણ યાદ નથી. એ બધું જાણવા તમારે આગ્રહ કરવાની પણ જરૂર નથી! લજ્જાનો મારા પર વજ્રપાત થયો છતાં ય હું ટકી રહી. કેવી કઠોર! રે દંભી પુરુષસમોવડી! હું પાછી વળી ત્યારે એનાં છેલ્લાં વચનો સળગતાં શૂળ સમોવડાં મારા કર્ણપટલને દઝાડી રહ્યાં હતાં, "મેં બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધી છે. હું તારો પતિ થઈ શકું તેમ નથી." પુરુષનું કેવું કઠોર વ્રત! સાચ્ચે જ તું જાણે છે, ઓ પ્રણયદેવતા! અસંખ્ય મુનિવરોએ જન્મજન્માન્તરની તપશ્ચર્યાનાં પુણ્ય નારીચરણે નથી ધરી દીધાં? મેં મારા ધનુષ્યના ટુકડા કરી નાખ્યા. મારાં બાણ મેં સળગાવી મૂક્યાં. ધનુર્ભંગથી કર્કશ બનેલા મારા હાથ પર મને રોષ આવ્યો. ઓ પ્રણયદેવતા, તેં મારી પુરુષશક્તિના ગર્વનું સમૂળું ખંડન કર્યું. પુરુષને શોભતી મારી તમામ વિદ્યાઓ તારી આગળ મિથ્યા થઈ. હવે મને તારા પાઠ પઢાવ. નારીના નિઃશસ્ત્ર નિર્બલ હાથમાં વસતી સૃજનજૂની પ્રચંડ શક્તિની મને ઝાંખી કરાવ.

મદન : ભલે. હું તારો મિત્ર બનીશ. વિશ્વવિજય કરનાર અર્જુનને બંદીવાન બનાવી તારી સમક્ષ રજૂ કરીશ. પછી તારે હાથે જ, રે નારી! તારા તુચ્છકારનો એને મધુર દંડ દેજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રા : સમય હોત તો હું પણ ધીમે ધીમે એનું હૈયું જીતી લેત. દેવતાની સહાયનું અવલંબન ન લેત. એને પડખે એક સહચર બની ખડી રહેત. એના સંગ્રામરથોના ભયંકર અશ્વોને કાબૂમાં રાખત. મૃગયાખેલનમાં એને પૂરેપૂરો સાથ આપત. રાત્રે એના શિબિરની ચોકી કરત. ક્ષત્રિય તરીકેના એના તમામ ધર્મયજ્ઞોમાં સાચી સાથીદાર બનત. નિર્બલનું રક્ષણ કરત. ન્યાયનું પાલન કરત. એક દિવસ જરૂર એવો ઉગત કે આશ્ચર્ય પામી મારા પ્રતિ એણે સ્નેહદ્રવતો દૃષ્ટિપાત કર્યો હોત. 'કોણ છે આ સુકુમાર ? મારાં પુણ્યકાર્યો પેઠે ગયા જન્મનો મારો કોઈ દાસ તો આ જન્મમાં સદેહે હાજર થયો નથી ને ?' કોઈ એકાન્ત ખૂણામાં નિરાશાથી ઝૂરી મરું એવી નારી હું નથી. વિધવા રમણી પેઠે, દિવસે ધૈર્યભર્યું સ્મિત રેલાવી, રાત્રિના અશ્રુપ્રવાહે મારા જીવનને પોષું તેવી હું નથી. મારું ઈચ્છાપુષ્પ ફલપ્રાપ્તિ કર્યા સિવાય ધૂળમાં રગદોળાવા નથી જ નિર્માયું. આત્માની સાચી સાખ પુરાવવા તો જન્મજન્માન્તરનાં તપ તપવાં પડે. એટલે જ હું તારે દ્વારે આવી છું. ઓ વિશ્વવિજેતા કામદેવ ! ઓ ઋતુરાજ વસંત ! મારા યુવાન દેહમાંથી આ અનાકર્ષક સાદાઈ, આ સાજના અંબાર, દૂર કરો. ફક્ત એક જ દિવસ માટે મને કોઈ અલૌકિક સૌંદર્ય બક્ષોઃ મારા હૈયામાં ઓચિન્તો સ્નેહરોપ ઊગ્યો હોય એમ. સંપૂર્ણ સૌંદર્યનો ફક્ત એક જ દિવસ મને આપો ને જુઓ કે હું શું કરું છું.

મદન : તથાસ્તુ ! સુંદરી.

વસંત : એક જ દિવસ નહિ. આખું યે વર્ષ વસંતપુષ્પની મોહિની તારાં અંગોપાંગોને ઉજાળી રહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[૨]

અર્જુન : મને શું સ્વપ્ન આવ્યું ? રહો, રહો ! સરોવરની પાળે જે જોયું એ સત્ય હતું કે સ્વપ્ન ? લીલીછમ હરિયાળી ભૂમિ પર હું બેઠો હતો. સંધ્યાની ઢળતી છાયામાં વીતેલાં વર્ષોના વિચારમાં લીન હતો. ત્યાં વનરાજિમાં જામતા અંધકારમાંથી સંપૂર્ણ સ્ત્રીસ્વરૂપે એક સૌંદર્યમૂર્તિ નીકળી આવી. જલાશયની પાળે પડેલા સફેદ પથ્થર પર ઊભી. એના ખૂલ્લા શ્વેત ચરણકમલના સ્પર્શથી વસુંધરાનું હૈયું પણ જાણે હર્ષાતિરેકથી નાચી ઊઠ્યું. એના દેહ પરનાં આછેરાં આવરણો પણ જાણે રસઘેલા હવામાનમાં ભળી ગયાં:: જાણે પૂર્વની ગિરિમાલાનાં હિમશૃંગોથી પ્રભાતનાં રમ્ય કિરણોએ ઝાકળની હેલી કરી. સરોવરના ઉજળા અરીસામાં એણે જરા નીચા વળી પોતાના વદનકમલનું દર્શન કર્યું. અણધારી તેજસ્વિતા જાણે જમીન પર જડાઈ ગઈ. એણે સ્મિત કર્યું. ડાબા હાથે બેપરવાઈથી એણે વેણી છોડી. એનો સ્યામલ કેશકલાપ ચરણ ચૂમતો છેક ધરણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી ઢળી રહ્યો. નાભિપ્રદેશ જરા ખુલ્લો કરી એણે પોતાના હાથનું અવલોકન કર્યું. કેવા સુંદર હસ્ત ! કોઈ અંતર્ગત પ્રેરણાથી એ પોતાના હસ્ત પંપાળી રહી. મસ્તક નચાવતાં જ એણે પોતાના યૌવનકુસુમોનો મધુર વિકાસ પ્રસાર્યો. નાજુક બદનની કુમાશભરી પ્રફુલ્લતા ને ત્વચાની લજ્જાલહરીથી એ પ્રસન્નચિત્ત બની. એના ભાલપ્રદેશ પર આનંદભરી આશ્ચર્યરેખાઓ ઝળકી ઊઠી. જાણે કોઈ શ્વેત કમલકલિકા પ્રભાતના પુનિત સ્પર્શે નયન ઉઘડતાં જ નીચી નમી જલદર્પણે પોતાની જ પ્રતિકૃતિનું દર્શન કરે અને આખો દિવસ એના આશ્ચર્યાનંદમાં લીન બની રહે. પરંતુ એક ક્ષણમાં જ એના અધર પર રમતું સ્મિત અદૃશ્ય થયું. એનાં નેત્રકમલમાં કોઈ અગમ્ય વિષાદ છાયા છવાઈ ગઈ. ત્વરાથી એણે પોતાની વેણી બાંધી લીધી. ઉત્તરીયથી કરકમલ આચ્છાદિત કર્યાં. એક ઠંડો નિઃશ્વાસ નાંખી કોઈ સુંદર સંધ્યા વિભાવરીમાં અદૃશ્ય થઈ જાય એમ, એ વિદાય થઈ. જાણે મારા મનોરથ સંપૂર્ણ થયા ને ઊડી પણ ગયા...

[કોઈ દ્વાર ખટખટાવે છે.]

અર્જુન : કોણ ! કોણ બારણું ઠોકે છે ?

[શ્રીવેશે સુસજ્જિત **ચિત્રા** પ્રવેશ કરે છે.]

હા, એ જ. ઓ દિલ, જરા થંભી જા. ડરનું કાંઈ કારણ નથી. સુંદરી, હું ક્ષત્રિય છું.

ચિત્રા : મહાનુભાવ, આપ તો મારા મહેમાન છો. આ મંદિરમાં મારો વાસ છે. આપનો હું કેવી રીતે આતિથ્યસત્કાર કરું, એની મને ગમ નથી.

અર્જુન : સુંદરી, તમારું દર્શન જ મારો સત્કાર છે. આપ અન્યથા ન ધારો તો એક પ્રશ્ન કરું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રા : ભલે.

અર્જુન : એવી તે શી કપરી પ્રતિજ્ઞા આપે લીધી છે કે આ એકાંત મંદિરમાં પુરાઇ રહ્યાં છો ? સમગ્ર માનવજાતને આપનાં મનોરમ દર્શનથી શા માટે વંચિત રાખો છો ?

ચિત્રા : એ તો મારા હૈયાની છૂપી આકાંક્ષા છે. ફળીભૂત થાય તે માટે તો હું સદૈવ ભગવાન શંકરની પ્રાર્થના કરું છું, ને ત્રિવિધ આરતી ઉતારું છું.

અર્જુન : તમારે વળી આકાંક્ષા ! તમે તો સમગ્ર જગતની આકાંક્ષાનાં અવતાર છો. ઉષારાણી જ્યાં પોતાની પહેલી તેજપગલી પાડે છે એ દૂર દૂર પૂર્વનાં ગિરિશૃંગોથી માંડીને સૂર્યાસ્તની ભૂમિના અંતભાગ સુધી મેં પ્રવાસ ખેડ્યો છે. વિશ્વભરમાં સુંદરમાં સુંદર, અમૂલ્યમાં અમૂલ્ય ને મહાનમાં મહાન સર્જનોનાં મેં દર્શન કર્યાં છે. એ બધું ય જ્ઞાન તમારે માટે ન્યોછાવર કરવા હું તૈયાર છું. કહો, તમે શું ઝંખી રહ્યાં છો ? તમારી કઈ મહત્ત્વાકાંક્ષા વણપૂરી રહી છે ?

ચિત્રા : હું કોઈને શોધી રહી છું. રે, જેને હું શોધી રહી છું એને બધા ય ઓળખે છે.

અર્જુન : ખરેખર, એવો બડભાગી કોણ છે ? કોની યશપ્રભાએ તમારું સુંદર હૈયું અજવાળ્યું છે, દેવી ?

ચિત્રા : સર્વશ્રેષ્ઠ રાજકુલોત્પન્ન યુગશ્રેષ્ઠ વીર પુરુષ

અર્જુન : જૂઠી કીર્તિની વેદી પર આપનો આ સૌંદર્યવૈભવ વેડફી ન મારતાં. સુંદરી ! સૂર્યોદય પહેલાં વહેલી પ્રભાતે પથરાતા ધુમ્મસ પેઠે કીર્તિની જૂઠી પ્રભા જિહ્વાએ જિહ્વાએ ફેલાતી જાય છે. સર્વશ્રેષ્ઠ રાજકુલોત્પન્ન એ મહા વીર કોણ છે ?

ચિત્રા : તપસ્વી, અન્યની યશગાથાના ઇર્ષાળુ બન્યા જણાઓ છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતભરમાં કુરુરાજનું કુલ વિખ્યાત છે, એ શું તમે નથી જાણતા ?

અર્જુન : કુરુકુલ !

ચિત્રા : અને એ વિશ્વવિખ્યાત કુલના મહાભાગી યુગવીરનું નામ પણ તમે સાંભળ્યું નથી ?

અર્જુન : તમારે જ મોંએ સાંભળું તો !

ચિત્રા : એ સુંદર મનોરમ નામ, અર્જુન. વિશ્વવિજેતા અર્જુન ! એ મહાવીરની યશગાથા મેં અસંખ્ય મોંએ સાંભળી છે. એ અમર નામને મેં મારા સુકુમાર હૈયામાં સંભાળપૂર્વક છૂપાવી રાખ્યું છે. તપસ્વી, આમ અકળાય છે શાને ? એ નામની પ્રભા જૂઠી છે ? કહે, કહે. એમ હશે તો મારી હૃદયમંજુષા છિન્નભિન્ન કરી નાખતાં મને બિલકુલ સંકોચ થશે નહિ. જૂઠા રત્નને ધૂળમાં ફગાવી દેતાં મને જરા પણ વાર નહિ લાગે.

અર્જુન : એનું નામ કે એની યશગાથા, એની વીરતા કે અમોઘ શક્તિ, સાચી હો વા જૂઠી. પરંતુ કૃપા કરી એને તમારા હૈયામાંથી હદપાર ન કરશો. હે રૂપયૌવના કુમારી ! આ પળે જ એ તમારે ચરણે પડે છે.

ચિત્રા : તમે, અર્જુન !

અર્જુન : હા. હું જ અર્જુન. તમારા દ્વાર પરનો સ્નેહભૂખ્યો અતિથિ.

ચિત્રા : ત્યારે બાર સુદીર્ઘ વર્ષો સુધી અખંડ બ્રહ્મચર્યપાલનની અર્જુને પ્રતિજ્ઞા લીધી છે, એ વાત ખોટી ?

અર્જુન : વિભાવરીની છૂપા રહેવાની પ્રતિજ્ઞા જેમ ચંદ્ર વિદારે છે તેમ તમે મારી પ્રતિજ્ઞા ચળાવી નાખી છે.

ચિત્રા : શરમ છે, તમને. મારામાં તે એવું શું જોયું કે તમે તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાવ્રતથી ચલિત થાઓ છો ? આ શ્યામ નયનોમાં તમે કોને શોધો છો ? આ શ્વેત હસ્તકમલમાં તમે શું નિહાળો છો ? તમારા અમોઘ તપનું પુણ્ય પરવારી જવા તમે શા માટે તૈયાર થયા છો ? એથી હું તમને નહિ મળું ! એ સ્નેહ નથી. એ પુરુષ–પ્રકૃતિનું સ્વાર્પણ પણ નથી. અરે રે, આ શરીર, આ જૂઠી માયા, તમારા જેવા બ્રહ્મચારી તપસ્વીને પણ અનન્ત આત્માના જ્યોતિ–પ્રકાશ પ્રત્યે અંધ બનાવી દે છે ! હા. હવે જ મને ખબર પડી, અર્જુન, કે તમારા વીર પુરુષત્વની કીર્તિ માત્ર એક જુઠાણું છે.

અર્જુન : હા. કીર્તિ કેવી વૃથા છે એ હવે મને સમજાય છે. શક્તિનું એ વ્યર્થ ગુમાન છે. એ બધું જ મને એક સ્વપ્નસમોવડું ભાસે છે. માત્ર તું જ સંપૂર્ણ છે. તું જ વિશ્વની જયશ્રી છે. યત્ન માત્રનું અંતિમ ધ્યેય તું જ છે. જીવન દારિદ્રનો અંત તું જ છે. એક સ્ત્રી જ જીવનસર્વસ્વ છે. બીજું બધું જ ધીમે-ધીમે પછીથી પરખાશે. એક ક્ષણભરનાં તારાં દર્શન સદૈવ સંપૂર્ણતાની અવધિ છે.

ચિત્રા : એ હું નહિ, અર્જુન. એ તો દૈવી માયાની મોહની. મારા હૈયાના હાર. જુઠી માયામાં ન ફસા. મને તારું દિલ ન દે. જા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

ચિત્રા : અશક્ય. એ ભાવભરી દૃષ્ટિ ભૂંસી નાખવી અશક્ય. ભૂખ્યા આત્માની આતુર અંગુલિઓ એને ઝડપી લેવા અધીરી બની છે. રોમે રોમથી ગાજી ઊઠતો એના અંતરનો ઘેરો અવાજ પોતાનાં બંધન ફગાવી દેવા મથી રહ્યો છે, છતાં એક ભિક્ષુકને પાછો વાળીએ એમ એને જવા દેવો ? અશક્ય.

[મદન ને વસંત પ્રવેશ કરે છે.]

ઓ પ્રણયદેવતા, આ કઈ ભયંકર જ્વાલામાં આપે મને આવરી લીધી છે ? હું સ્વયં સળગી રહી છું. જેને સ્પર્શ કરું છું એને પણ બાળી ખાખ કરી મૂકું છું.

મદન : ગઈ રાત્રે શું બન્યું હતું ?

ચિત્રા : સંધ્યા સમયે હું તૃણશય્યા પર જરા આડી થઈ હતી. મારી પથારી પર વસંત પુષ્પોની મનોરમ ચાદર બિછાવેલી હતી. મારા સૌંદર્યનું અર્જુને કરેલું અલૌકિક વર્ણન હું સંભારી રહી હતી. દિવસ ભરમાં પળે પળે સંગ્રહેલો એ મધુરસ હું ટીપે ટીપે પી રહી હતી. મારા ગત અવતારો પેઠે મારા આદિજીવનનો ઈતિહાસ મેં વિસારી મૂકયો હતો. જાણે હું કુસુમસમોવડી બની ગઈ હતી. વૃંદાવનનો મૃદુલ ગુંજારવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને મીઠી વાર્તાલહરી સાંભળવાનો મારી પાસે ઘણો જ ઓછો સમય હતો. આકાશ પ્રત્યે માંડેલી મીટ ખસેડી જરા સરખો પણ ચિત્કાર કર્યા સિવાય મારે માટી ભેગું મળી જવાનું હતું. ભૂત અને ભાવિ વિહોણી એ સંપૂર્ણ ધન્ય ઘડીની નવલિકા એમ જ પૂરી થવા નિર્માયલી હતી.

વસંત : યશપ્રભાનું અનંત જીવન પ્રભાતે પુનઃ પ્રગટવાનું જ.

મદન : ટૂંકાક્ષરી ગીતની અનન્ત ભાવના સમોવડું.

ચિત્રા : ત્યાં દક્ષિણની મૃદુલ વાયુલહરીએ મારાં નયનોમાં નિદ્રા ભરી. છાયા કરી રહેલા પ્રફુલ્લિત માલતીમંડપથી મારી દેહકલા પર પુષ્પપાંખડીઓ વરસી રહી. મારા કેશકલાપમાં, મારા વક્ષઃસ્થલે, મારા ચરણકમલે, સ્થલે સ્થલે એક એક પુષ્પે પોતાનું જીવન ન્યોચ્છાવર કરવું ધન્ય માન્યું. હું નિદ્રાવશ થઈ. નિંદ્રાના એ ઘેરા ઊંડાણમાં કોઈ આતુર ઊંડી દૃષ્ટિ ઝગમગતી જ્વાલાની અંગારઝરતી અંગુલિઓ પેઠે મારી શરીરયષ્ટિને સ્પર્શી રહી. હું ઝબકી ઊઠી. પેલો તપસ્વી મારી સન્મુખ ઊભો હતો. ચંદ્ર પશ્ચિમ તરફ ઢળ્યો હતો. ક્ષણભંગુર માનવશરીરમાં અદ્‌ભુત દૈવી કલા પારખવા નીલવર્ણી પર્ણવાતાયનો દ્વારા ચંદ્ર ડોકિયાં કરી રહ્યો હતો. પરિમલભર્યો સમીરણ વાતાવરણ ભારે બનાવતો. રાત્રિનું મૌન જંતુરવે જાગતું જણાતું. સરોવરની વૃક્ષછાયા પણ સ્થિર બની ગઈ. હાથમાં દંડ લઈ એ ઊભો હતો, ઊંચો, ટટાર ને સ્થિર. જાણે અરણ્યનું કોઈ મહાવૃક્ષ. નયનો ઉઘાડતાં જ જાણે જીવનની તમામ વાસ્તવિકતાથી હું પરવારી ગઈ. કો માયાવી ભૂમિ પર સ્વપ્નાવતાર પામી. ઢીલાં વસ્ત્રો પેઠે લજ્જા છેક મારા ચરણ સુધી પહોંચી. એનો અવાજ સંભળાયો, 'પ્રિયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિયે !' ને વિસારે પડેલા મારા જન્મજન્માન્તરો એકરૂપે ઉપસ્થિત થયા. ભાવભર્યા એ પડકારને એમણે ઝીલી લીધો, "આવી નાથ, આવી." મારા હસ્ત લંબાયા. ચંદ્ર પણ વૃક્ષોની આડમાં છૂપાઈ ગયો. સઘળું અંધારપીછોડે ઢંકાઈ ગયું. પૃથ્વી અને સ્વર્ગ, સમય અને સ્થળ, સુખ અને દુઃખ, જીવન અને મૃત્યુ, અસહ્ય ઉન્માદમાં અમે એકાકાર બની રહ્યાં. જ્યોતિના પ્રથમ ચમકારે, પંખીના પહેલા કલરવે, હું ઊઠી. ડાબા હાથમાં મસ્તક નાંખી બેઠી. એ નિદ્રાધીન હતો. એના અધરદ્વય પર આછેરું સ્મિત રમી રહ્યું હતું. જાણે પ્રભાતે બીજનો ચંદ્ર ! અરુણોદયની ગુલાબી લાલી એના ભાલપ્રદેશને આવરી રહી હતી. મેં નિઃશ્વાસ મૂક્યો. હું ઊભી થઇ. તરુપાંદડીઓ ભેગી કરી. એના આછેરા આવરણે સૂર્યકિરણોનો પ્રવાહ થંભાવ્યો. મેં ચોમેર નજર કરી. પૃથ્વી તો એની એ જ હતી. હું કોણ હતી એ યાદ આવ્યું. પોતાના જ પડછાયાથી ભડકતા મૃગલા પેઠે હરણફાળે હું નાઠી. શેફાલીનાં પુષ્પોથી છવાયલી અરણ્યકેડીની યે મને પડી નહોતી. એક એકાંત ખૂણો મેં શોધી કાઢયો. બન્ને હાથે મારા વદનકમળને છુપાવી દીધું. મન મૂકીને રડવા પ્રયત્ન કર્યો. છતાં અશ્રુ આંખે ન આવ્યાં તે ન જ આવ્યાં.

મદન : અરે રે, માનવકન્યા ! હું સ્વર્ગની સુગંધિદાર સુરા ચોરી લાવ્યો. દૈવી ભંડારમાંની ઐહિક રાત્રિની એ પ્યાલી છલોછલ ભરી એ મધુપાન તારા હાથમાં મૂક્યું: છતાં ય આ દર્દભર્યું આક્રંદ ?

ચિત્રા : (કડવાશથી) કોણે પાન કર્યું ? જીવનની મહત્ત્વાકાંક્ષાઓની વિરલ સંપૂર્ણતા. પહેલું જ સ્નેહમિલન મને સાંપડયું છતાં એને હું ઝડપી શકી નહિ. આ ઊછીનું સૌંદર્ય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણુધાર્યું સરી જશે, આ જુઠ્ઠાણું મને ઘેરી લેશે. એ મધુર મિલનનું સ્મરણ પણ ઊડી જશે. કુસુમપાંદડી પેઠે કરમાઈ ખરી પડશે. નર્યા દારિદ્રયથી લજ્જિત સ્ત્રી રુદન કરશે. ઓ પ્રણયદેવતા, મારું આ શાપિત રૂપ મારાં સ્નેહના સાફલ્યને ઝૂંટવી રહ્યું છે. મારા હૈયાની તૃષા અણછીપી જ રહેવા સર્જાઈ છે.

મદન : અરે રે, તારી રાત્રિ વ્યર્થ ગઈ. જીવનનૌકા નંજરે પડી પણ કિનારો લાધ્યો નહિ.

ચિત્રા : અરે, સ્વર્ગ મારા હાથમાં હતું. એક ક્ષણ હું સાન ભાન ભૂલી ગઈ. સવારે સ્વપ્નથી જાગી. મારું શરીર જ મારું પ્રતિસ્પર્ધી બન્યું છે. રોજ રોજ હું એને શૃંગાર સજાવું છું. રોજ એને મારા પ્રિયતમ પાસે મોકલું છું. રોજ એને વહાલથી પસવારતો જોઉં છું. ઓ મદન દેવતા, તારું આ વરદાન લઈ લેઃ પાછું લઈ લે.

મદન : એ લઈ લઉં ? પછી તું તારા પ્રિયતમ પાસે શી રીતે ઊભી રહીશ ? હજી સુખાસ્વાદનો પહેલો ઘૂંટડો તો એણે પીધો નથી. ત્યાં એની એ અમૃતપ્યાલી ઝૂંટવી લઉં ? કેટલી બધી કઠોરતા ! તારા પર એ કેટલો રોષે ભરાશે ?

ચિત્રા : તો પણ સારું થશે. મારું સાચું સ્વરૂપ એને પરખાશે. આ વેશ કરતાં તે ઉત્તમ હશે. એને તે ઉવેખશે, મારો ત્યાગ કરશે, આ હૈયાના ટુકડા થશે છતાં ય ધીરજથી એ બધું હું સહન કરીશ.

વસંત : તો સાંભળ. પાનખર પછી વનરાજિ પુષ્પશૃંગાર ધારણ કરે છે. પછી તે ફલાન્વિત બને છે. એક એવો પણ દિવસ આવશે જ્યારે તારી આ કાયા કરમાશે, ત્યારે અમૃતફલ સમોવડું સત્ય એને પરખાશે. અર્જુન તારો સ્વીકાર કરશે. જા. પુત્રી, જા. તારા ઉત્સવનો ઉન્માદ પૂરેપૂરો માણી લે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[૪]

ચિત્રા : હે વીરશ્રેષ્ઠ, મને આમ કેમ નિહાળી રહ્યા છો?

અર્જુન : તમે માલા ગૂંથો છો તે હું જોઈ રહ્યો છું. શક્તિ ને શોભા એ જોડિયાં ભાઈબેન. તમારી અંગુલિશિખા પર એ નૃત્ય કરી રહ્યાં છે. એ સુરમ્ય દર્શન હું વિચારી રહ્યો છું.

ચિત્રા : કે ?

અર્જુન : સ્પર્શ ને મધુરતાની એજ મૃદુતાથી તમે મારા દેશાટનના દિવસોની અમરમાલા ગૂંથી રહ્યાં છો. હું વતન પહોંચીશ ત્યારે એ મારી મુગટમણિ બની વિરાજશે.

ચિત્રા : વતન ! આ વતન પ્રેમ નથી ?

અર્જુન : વતન માટે નથી ?

ચિત્રા : ના એવી વાતો ન કરશો. સર્વદા નિત્ય ને સમર્થ હોય એને જ વતન લઈ જાઓ. જંગલના ફૂલને તો એ જન્મ્યું છે ત્યાં જ રહેવા દો. અનેક પર્ણો ઉછરીને સુકાય છે. અનેક કુસુમો ખીલી ને કરમાય છે. તેમ એને પણ દિવસાન્તે એના સૌંદર્યમાં જ વિલીન થવા દો, તમારા રાજમહાલયમાં એનું સ્થાન નથી. પથ્થરની દિવાલ સાથે એને અફાળશો નહિ. કરમાતી ને વિસ્મરાતી વસ્તુઓ માટે એ પથ્થરશા હૈયામાં કરુણા નથી.

અર્જુન : આપણો સ્નેહ શું એવો છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રા : એવો જ. એમાં જરા પણ ફરક નથી. એ માટે વિમાસણનું કશું જ કારણ નથી. નવરાશની વેળાનું રમકડું રોજ યાદ કરવાનું ન હોય, આનંદને વિદાય થવાનું દ્વાર બંધ કરીએ તો દર્દ ઊભું થાય. ઉલ્લાસ હોય ત્યારે જ એને માણવાનો. પ્રાતઃકાલની મહત્ત્વાકાંક્ષા જેટલું ઉપાર્જન કરી શકે એથી વધારે તમારી સંધ્યાલોલુપતા કદી ન માગે. આપણો દિવસ આથમ્યો છે. આ માલા ધારણ કરો. હું શ્રમિત છું. મને ટેકો કરો. પ્રિયતમ, આપણા અધરના મધુરમિલને નિરાશાનાં તમામ દર્દ દફનાવી દો.

અર્જુન : સાંભળ, પ્રિયતમે, દૂર દૂરના ગામડાના મંદિરમાંથી પ્રાર્થનાનો મધુર ઘંટારવ સંભળાઈ રહ્યો છે. સંધ્યા આરતીના એ મધુર પડછંદો મૂક વૃક્ષરાજી ને મીઠા સંધ્યાસમીરને નવાજી રહ્યા છે.

[૫]

વસંત : તારે પગલે પગલે હું ડગ ભરી શકતો નથી. પરમ મિત્ર, હું થાકી ગયો છું. તેં પ્રગટાવેલો હુતાશન પ્રજ્વલિત રાખવો એ કપરું કાર્ય છે. હું નિદ્રાથી ઘેરાઇ રહ્યો છું. મારા હાથમાંથી પંખો પડી જાય છે. શીતલ ભસ્મ અગ્નિ-ચમકારને આવરી લે છે. તંદ્રામાંથી હું ચમકી ઊઠું છું. છેલ્લો પ્રયાસ કરી હું એ જ્યોતને જલતી રાખવા મથું છું. પણ આમ ક્યાં સુધી નભશે ?

મદન : તું બાલક જેવો ચંચલ છે. સ્વર્ગ કે પૃથ્વી—ગમે ત્યાં, તારી રમત અસ્થિર છે, દિવસોની મહેનત લઈ ઝીણી ઝીણી વાતો વણી હું રચના કરું છું. છતાં જરા પણ આહ સિવાય એક ક્ષણમાં એને વિદારું છું. પરંતુ આ કામ તો હવે પૂરું થયું છે. સુખપંખાળા દિવસો આથમી રહ્યા છે. વર્ષ પણ અંતભાગે નિરામય ઉલ્લાસમાં ડૂબી રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[૬]

અર્જુન : સવારે હું જાગ્યો ને જોયું. મારા શમણાંએ એક રત્ન પારખ્યું. એ મૂકવાની ડબ્બી મારી પાસે નથી. એને જડવા રાજમુગટ નથી. એને લટકાવવા માલા પણ નથી. એને નાખી દેવા પણ દિલ ચાલતું નથી. ક્ષત્રિયનો આ જમણો હાથ એને સાચવતાં બીજાં કર્તવ્યો ભૂલી જાય છે.

[ચિત્રા પ્રવેશ કરે છે.]

ચિત્રા : શું વિચારી રહ્યા છો ?

અર્જુન : આજ મૃગયા ખેલવા દિલ થાય છે. જો ને, કેવો ધોધમાર વર્ષાદ પડી રહ્યો છે ? ગિરિશૃંગો પર કેવાં ઝાપટાં વાગી રહ્યાં છે ? અરણ્ય પર ગાઢ ગોરંભો છાયો છે. નદીનાળાં યૌવનમસ્ત બની છલકાઈ ઊઠ્યાં છે. એમના હાસ્ય કિલકિલાટે અનેક અંતરાયો ભેદાઈ જાય છે. આવી વર્ષાઋતુમાં અમો પાંચે ભાઇઓ ચિત્રકારણ્યમાં મૃગયાખેલન માટે જતા. કેવા એ સુખી દિવસો હતા ? રમતિયાળ વાદળીઓના દુંદુભિનાદે અમારાં હૈયાં ડોલી ઊઠતાં. મયૂરકેકાથી વનશ્રી ગાજી રહેતી. ભયત્રસ્ત હરણો અમારાં વર્ષાછૂપ્યાં પગલાં પારખી શકતાં નહિ. જલઘોષના નિનાદમાં અમારો પગરવ ક્યાં ય ભળી જતો. ભીની ભૂમિ પર દીપડાનાં પગલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुस्तकालय गुरुकुल काँगड़ी.

એમની બોડની કેડી બતાવતાં. મૃગયાખેલન પછી અમે પાછા વળતા. ઉન્મત્ત જલતરંગોમાં નાહવા પડતા. આજે પણ એ જ જીવ જાગ્યો છે. મૃગયાખેલન માટે દિલ તલસી રહ્યું છે.

ચિત્રા : તમે લીધી છે એ કેડીએ પહેલાં દોડી જાઓ. તમે પાછળ પડ્યા છો. એ મોહક મૃગલું પકડાશે જ એની ખાત્રી છે? ના. હજી વાર છે. સરી જતા શ્રમણાની પેઠે જંગલનું એ પ્રાણી પણ તમને ભુલાવામાં નાખે છે. તમને લાગે છે કે એ ઝડપાઈ ગયું. સમીર લહરી પાછળ વર્ષાદ કેડ બાંધીને પડ્યો છે; ઘેરી બાણવર્ષા કરી રહ્યો છે છતાં વિજેતા વાયૂ એના હાથમાં આવતો નથી. આપણું ખેલન પણ એવું જ છે. પ્રિયતમ, તમે ચંચલ સૌંદર્ય પાછળ પડ્યા છો. તમારા ભાથાનું પ્રત્યેક બાણ તમે તાકો છો. છતાં એ જાદુઈ શિકાર નથી સપડાતો તે નથી જ સપડાતો. એ સુવર્ણમૃગ સ્વતંત્ર ને અસ્પૃશ્ય જ રહે છે.

અર્જુન : પ્રિયતમે, ભાવભર્યાં હૈયાં વાટ જોઈ રહ્યાં હોય એવું તમારે વતન નથી? વિનમ્ર સેવાભાવે એવું વતન મેં તો એક વાર જરૂર અજવાળ્યું છે. આ નિવૃત્તિનિવાસ સ્વીકારી તમે તમારા વતનનો ત્યાગ કર્યો ત્યારથી, એનો ઘરદીવડો દૂર થયો છે, એમ નથી લાગતું?

ચિત્રા : આવી પ્રશ્નપરંપરા શાને? વિચારનો વાયુ પણ ન વાય એવી ઉલ્લાસ ઘડીઓ ઓસરી ગઈ? તમારી સન્મુખ છું એથી હું કાંઈ જ વધારે નથી. મારે માટે બીજે ક્યાંય સ્વર્ગ નથી. કિંશુકપર્ણ પર પડેલા ઝાકળબિંદુનું નામનિશાન હોતું જ નથી. કોઈ પણ પ્રશ્નનો ત્યાં ઉત્તર નથી. તમારી સ્નેહરાગી એવા ઝાકળબિંદુ સમોવડી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુન : જગત સાથે એને કશી જ લેવાદેવા નથી? કોઈ બેપરવા દેવે દુનિયા પર ફેંકી દીધેલા સ્વર્ગના ટુકડા જેવી જ છે?

ચિત્રા : હા.

અર્જુન : ખરેખર, તેથી જ તું સદૈવ ખોવાઈ જતી લાગે છે. મારા હૈયામાં નિરાંત નથી. મારા દિલમાં શાંતિ નથી. મારી નજીક આવ. ઓ અપ્રાપ્ય વનિતા, તું નામ, વતન ને પિતૃઓનાં બંધન સ્વીકાર. ચોમેર તારો વાસ છે એની મારા હૈયાને ખાત્રી થવા દે. સ્નેહની શાંતિભરી સેજમાં શ્રદ્ધાથી નિદ્રાધીન થવા દે.

ચિત્રા : વાદળના મનોહર રંગો, કલ્લોલનાં નૃત્યો અને પુષ્પની સુગન્ધિ બાંધી રાખવાના આ મિથ્યા પ્રયાસ શાને?

અર્જુન : પ્રિયતમે, હવામાં બાચકા ભરાવી સ્નેહની શાંતિની આશા રાખવી નકામી છે. મારી પકડમાં આવે એવું કંઈક આપ. સુખ કરતાં ય વધારે ટકે એવું. દર્દમાં ય ટકી રહે એવું.

ચિત્રા : ઓ વીરશ્રેષ્ઠ, હજી વર્ષ તો પૂરું થયું નથી. ત્યાં થાકી ગયા! પુષ્પનાં જીવન ટૂંકાં હોય છે, એનું કારણ હવે મને સમજાયું. આ દેહલતા પણ, ગઈ વસંતે પુષ્પપાંદડી પેઠે કરમાઈ અવસાન પામી હોત તો એનું બહુમાન થાત. છતાં એના દિવસો ભરાઈ ચૂક્યા છે. પ્રિયતમ, એની જરા પણ દયા ન ખાશો. જે ઉપભોગ થાય એ કરી લો. રખેને તમારું ભિક્ષુક હૃદય વણપુરી લાલસાથી ફરી ફરી પાછું આવી એને વળગે નહિ. ગ્રીષ્મ પુષ્પો કરમાઈ ખરી પડ્યાં હોય છતાં તૃષાતુર મધુમક્ષિકા એને છોડતી નથી એમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[૭]

મદન : આજે તારી છેલ્લી રાત છે.

વસંત : કાલે તારું દેહસૌંદર્ય વસંતના અખૂટ કુંડમાં સ્નાન કરશે. અર્જુનનાં ચુંબનોની સ્મૃતિથી છૂટેલા તારા અધરનો રતુંબડો રંગ તાજી અશોકપાંદડી પેઠે ફરીથી ખીલી ઊઠશે. તારી ત્વચાનો શ્વેત કુમાશભર્યો ઉજાસ પણ જુઈનાં હજારો પુષ્પની સુગન્ધથી મઘમઘી રહેશે.

ચિત્રા : ઓ પ્રભુ, મારી પ્રાર્થના પૂરી કર. આજ રાત્રે, છેલ્લી મિલનઘડીએ મારા સૌંદર્યને મુરઝાતા દિપકની છેલ્લી ચમક પેઠે ચમકાવી દે.

મદન : તથાસ્તુ,

[૮]

ધામ્યજનો : કોણ આપણી વ્હારે ધાશે?

અર્જુન : પણ છે શું? શો ભય છે?

ધામ્યજનો : ઉન્નત ગિરિશૃંગોથી ઘોડાપૂરની ઝડપે લૂંટારુઓ આવે છે. આપણા ગામનો એ વિનાશ કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્જુન : તમારો ગ્રામરક્ષક ક્યાં ગયો ?

ગ્રામ્યજનો : રાજકુમારી ચિત્રા દુષ્ટોનાં દિલ કંપાવી મૂકતી. આ સુખી ધરતી પર એ ઘૂમતી ત્યાં સુધી અમે નિરાંતે ઊંઘતાં. અમને કોઈ વાતનો ડર નહોતો. પણ એ યાત્રાએ ગઈ છે; કોણ જાણે ક્યારે ય આવશે ? એને ક્યાં શોધીએ ?

અર્જુન : એટલે આ પ્રદેશની રક્ષા કોઈ સ્ત્રી કરે છે ?

ગ્રામ્યજનો : અરે, એ તો અમારા પિતૃસ્થાને છે.

[જાય છે.]

[ચિત્રા પ્રવેશ કરે છે.]

ચિત્રા : કેમ એકલા બેઠા છો ?

અર્જુન : રાજકુમારી ચિત્રા કેવી હશે તેની હું કલ્પના કરું છું. પ્રત્યેક વ્યક્તિ એની વાત કરતું આવે છે.

ચિત્રા : હશે, પણ એ સુંદર નથી. મારા જેવાં મૃત્યુમનોહર શ્યામ નયનો એ ધારણ કરતી નથી. એ ધાર્યું નિશાન તાકતી હશે પણ વીરશ્રેષ્ઠનું હૈયું એ કદી ભેદી શકતી નથી.

અર્જુન : લોકો કહે છે, પરાક્રમે એ પુરુષ સમોવડી છે: કુમાશમાં સ્ત્રી છે.

ચિત્રા : એ જ એની કમનસીબી છે. એક સ્ત્રી કેવળ સ્ત્રી જ હોય, હાસ્ય ને આક્રન્દ, સેવા ને સુંવાળા સહચારથી એ પુરુષ હૃદયોને વીંટાઈ વળતી હોય, તો જ એ સુખી. વિદ્યાનો એને શો ઉપયોગ ? સામર્થ્યને એ શું કરે ? અરણ્યકેડીએ આવેલા શિવાલયમાં ગઈ કાલે જ એને દીઠી હોત તો એક દૃષ્ટિપાત પણ કર્યા સિવાય તમે ચાલ્યા ગયા હોત. પરંતુ તમે સ્ત્રીસૌંદર્યથી કંટાળ્યા તો નથી ને ? કે આમ પુરુષશક્તિનાં શમણાં માણી રહ્યા છો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલઘોષના ઉછળતાં શીકરોથી ભીંજાયલાં નીલ પર્ણોથી રાત્રિના અંધારભરી ગુફામાં મેં આપણી મધ્યાહ્ન શૈયા રચી છે. શ્યામળી ને મદઝર શિલાઓની શીળી ને સુંવાળી લીલોતરી નયનો ચૂમી તમને નિદ્રાને ખોળે ઝુલાવશે. ચાલો આપણે જઇએ.

અર્જુન : આજે નહિ, પ્રિયતમે.

ચિત્રા : આજે કેમ નહિ ?

અર્જુન : લુંટારુનું ઘોડાપૂર ગામ તરફ ધસી રહ્યું છે. ભયધેર્યા બ્રાહ્મણોના રક્ષણ કાજે મારે શસ્ત્રસજ્જ થવું છે.

ચિત્રા : એવું કાંઈ કરવાની જરૂર નથી. રાજકુમારી ચિત્રા યાત્રાએ ગઈ તે પહેલાં સરહદના ઘાટે મજબૂત પહેરો મૂક્યો છે.

અર્જુન : પરંતુ મારો જીવ ક્ષત્રિયનો છે ને ? ઘડીક મને જઈ આવવા દે. મને થાય છે કે આ દરિદ્ર હાથને કોઈ નવા તેજે ઝબકાવી લઉં, તો જ તારા મસ્તકનું એ લાયક અવલંબન થશે.

ચિત્રા : પણ તમને ન જવા દઉં તો ? મારું આલિંગન ન વછૂટે તો ? તમે પરાણે મુક્ત થઈ મારો ત્યાગ કરશો ? જાઓ, એક વાર તૂટેલા તાર કદી સંધાતા નથી, એ ન ભૂલશો. જાઓ, તમારી તૃષા વળી ગઈ હોય તો વિદાય થાઓ. ભાગ્યલક્ષ્મી ચંચલ છે. એ કોઈની યે વાટ જોતી નથી. ઘડીક ઊભા રહો. સ્વામી, તમને શું સતાવે છે ? કહો, આજે તમારા દિલમાં કોણ વસ્યું છે ? ચિત્રા તો નથી ને ?

અર્જુન : ખરેખર, આજે ચિત્રાએ જ મારા દિલમાં વાસ કર્યો છે. કઈ મનોકામના પાર પાડવા એ યાત્રાએ ગઈ હશે ? એને તે વળી શાની જરૂર હશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રા : એને શાની જરૂર ? કમનસીબ કહીંની. એની પાસે બધું જ હતું. એની શકિતઓએ જેલની દિવાલો ઊભી કરી હતી. એનું સ્ત્રીહૃદય અંધારકોટડીમાં પૂરાઇ રહ્યું હતું. એ અજ્ઞાત હતી. એની મનોકામના અપૂર્ણ હતી. એની સ્ત્રીસુલભ પ્રણયભાવના તૂટયા ફૂટયા ધાગાથી ઢંકાયલી હતી. સૌંદર્ય એનાથી દૂર ભાગતું. ઉલ્લાસવિહોણા પ્રભાતના આત્મા પેઠે પથ્થરની કો એકલવાયી શિલાટોચે એ બેઠી હતી. શ્યામળાં વાદળવૃંદો એની પ્રકાશવિભૂતિને આવરી લેતાં. એના જીવનની વાત મારી પાસે ન બોલાવશો. પુરુષના કર્ણપથે એ કદી યે મધુર નહિ લાગે.

અર્જુન : એની બધી યે વાત જાણવા આજે મને તાલાવેલી લાગી છે. અજ્ઞાત નગરીના દ્વારે મધ્યરાત્રિએ આવી ઉભેલા કો પ્રવાસી સમોવડો હું ઊભો છું. એના મંદિરઘુમ્મટો ને દુર્ગમિનારા અસ્પષ્ટ છાયા પ્રસારી રહ્યા છે. એના ઉપવન વૃક્ષોના પડછાયા રાત્રિના એ અંધકારને વધારે ભયંકર બનાવે છે. નિદ્રાનું સામ્રાજ્ય તોડી, દૂર દૂરના જલધિતરંગોનું આક્રંદ ઘેરું બની રહ્યું છે. વિચિત્ર મનોહરતા પ્રત્યક્ષ કરવા એ પ્રભાતકિરણો હું ઝંખી રહ્યો છું. મને એની વાત કરો.

ચિત્રા : હવે કહેવાનું બાકી શું રહ્યું છે ?

અર્જુન : મારાં આંતરચક્ષુ દ્વારા હું એનાં દર્શન કરી રહ્યો છું. કોઈ શ્વેત અશ્વ પર એણે સવારી કરી છે. ગૌરવભેર એની લગામો ડાબે હાથે સાચવતી, જમણે હાથે ધનુષ્ય રમાડતી, વિજયશ્રી વરી, એ ચાલી જાય છે. ચોમેર ઉલ્લાસ ભરી આશાની વર્ષા વરસે છે. સદાસતેજ સિંહણ પેઠે ભયંકર વાત્સલ્યથી એ બાલસિંહોનું સંરક્ષણ કરી રહી છે. સ્ત્રીના એ કરકમલ પર એકકે ય સ્ત્રીસુલભ અલંકાર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં અમોઘ શક્તિથી એ શોભી રહ્યા છે. મારું હૈયું ડોલી ઊઠે છે. સુંદરી, શિયાળાની લાંબી તંદ્રા ત્યાગી નાગદેવતા જાગ્રત બન્યા છે. ચાલ, સખી, આપણે પણ ચપલ અશ્વો પર સ્વાર થઈ એની પડખે થઈ જઇએ. બે જ્યોતિતારલા નભમંડળમાં સાથેસાથ ઘૂમી રહે તેમ, આ નીલવર્ણી વિષાદ છાયાના નિદ્રાળુ બંધનમાંથી મુક્ત થઈ ઉન્માદ ભરી સુગન્ધિત મનોહરતા પીતાં પીતાં આપણે પણ આગળ ને આગળ પ્રયાણ કરીએ.

ચિત્રા : સાચું કહો, અર્જુન! કોઈ જાદુઈ દંડની માયાથી હું આ મોહક કુમાશ ને જગતના આરોગ્યભર્યા કઠોર સ્પર્શથી સંકોચાતા આ ડરપોક સૌંદર્યવિકાસથી મુક્ત થઈ જાઉં ને ઉછીનાં આણેલાં વસ્ત્રો પેઠે એને મારા દેહથી દૂર ફગાવી દઉં તો, એ તમને ગમશે? કોઈ સાહસિક જિગરનું સામર્થ્ય ધારી હું મજબૂત ને ટટાર બની ઊભી રહું ને વળાંક લેતી આ નિર્માલ્યતાનાં આકર્ષણ ને કલા ખંખેરી નાખું: કોઈ ગિરિશૃંગે ઉભેલા ઊંચા ને યૌવનભર્યા દેવદાર સમોવડું મારું શીર્ષ ઊંચું રાખી, એને અવલંબતી જાઈની વેલ પેઠે ધૂળમાં આળોટતી મટી જાઉં, તો એ દૃશ્ય તમારા પુરુષ નયનને આકર્ષશે? ના. ના. એ તમને કદી નહિ ગમે. ચંચલ યૌવનની સૌંદર્યભરી વાનગીઓ મારી પાસે ભરી ભરી રાખું ને ધીરજથી તમારી વાટ જોઉં, એ જ ઠીક છે. તમે પાછા આવશો ત્યારે હસતે વદને હું મારી આ સૌંદર્યભરી દેહપ્યાલીમાં આનંદસુરા ઠાલવી તમારા મુખે ધરીશ. એ સુરાપાનથી તૃપ્ત થઈ તમે કામે લાગજો કે રણખેલને સંચરજો. ને હું જરા પામીશ ત્યારે મારે માટે જે ખૂણો મળશે તે આભારપૂર્વક અપનાવી તમારા માર્ગમાંથી હું ખસી જઈશ. વિભાવરીની સખી દિવસના તેજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી સાથીદાર. બને, એ તમારા વીર આત્માને ગમશે ? ડાબો હાથ ગૌરવશીલ જમણા હાથનો ભાર ઉપાડવા કટિબદ્ધ થાય, એ તમને રુચશે ?

અર્જુન : જાણે હું તને સાચી પિછાની શકયો જ નથી. તું તો કોઈ સુવર્ણપ્રતિમાના ભીતરમાં છૂપાયેલી દેવી જેવી લાગે છે. હું તને સ્પર્શ કરી શકતો નથી. તારા અમૂલ્ય ઉપહારોનું ઋણ હું ચૂકવી શકતો નથી. મારો સ્નેહ એવો અધૂરો છે. કેટલીક વાર તારી વિષાદઘેરી દૃષ્ટિના ઉંડાણની પછીતે, અર્થની જ મજાક ઉડાવતા તારા રમતિયાળ શબ્દોની ભીતરમાં, સ્વશરીરની દળદરી નાજુકતા ચીરી નાખવા મથતા કોઈ ભવ્ય આત્માની હું ઝાંખી કરું છું. સ્મિતના પવનઝીણાં આવરણ ઉવેખી, દર્દની કોઈ અગમ્ય જ્યોતિ બહાર પડવા મથી રહે છે. ભ્રાંતિ સત્યની આગાહી કરે છે. છૂપા વેશે એ પોતાનાં આવરણો ને અલંકારો દૂર ફેંકી દે છે અને સાચા નગ્ન સ્વરૂપમાં પ્રત્યક્ષ થાય છે. તારા એ અંતિમ સ્વરૂપનાં દર્શન હું વાંછું છું : સીધાં સાદાં ને સાચાં સ્વરૂપનાં.

અરે, પણ પ્રિયતમે ! આ આસું શાને ? આમ હાથમાં વદન છૂપાવી દેવાની શી જરૂર ? તને મેં દુઃખ દીધું હોય તો પ્રિય સખિ, મેં કહ્યું એ બધું જ ભૂલી જા. મને વર્તમાનમાં જ સંતોષ છે. સૌંદર્યની પ્રત્યેક ક્ષણ અંધકારમાં છૂપાયલા અજ્ઞાત માળામાંથી ઊડી આવતા કોઈ ભેદી પંખી પેઠે સંગીતનો સંદેશ લઈ ભલે આવે. એ સુખ પ્રાપ્તિના કિનારે હરહંમેશ હું આશાભર્યો બેસી રહીશ ને મારા દિવસો પૂરા કરીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[૯]

ચિત્રા : (પિછોડી ઓઢી છે) સ્વામી આખી યે પ્યાલી પીવાઈ રહી કે ? ખરેખર, અન્ત આવ્યો કે ? ના. બધું ય પૂરું થયું છે છતાં કંઈક બાકી છે. આપના ચરણારવિંદમાં મારું અંતિમ સ્વાર્પણ.

સ્વર્ગના નંદનવનથી અજોડ સૌંદર્યભર્યાં પુષ્પો હું લાવી છું. મારા હૈયાના હાર, બધી કાર્યવાહી હવે પતી ગઈ હોય, બધાં કુસુમો કરમાઈ ગયાં હોય તો, મંદિરમાંથી એને બહાર નાખી આવું. (પીછોડી ઉતારી, અસલી પુરુષ-વેશમાં રજૂ થતાં) જુઓ, તમારા પૂજારી પર એક કૃપા ભરી અમીદૃષ્ટિ કરો.

મેં પૂજા કરી એ પુષ્પો જેવી હું સૌંદર્યસંપૂર્ણ નથી. મારામાં ક્ષતિઓનો પાર નથી. જગતના આ રાજ માર્ગ પર હું તો એક પ્રવાસઘેલી પ્રવાસી છું. મારાં વસ્ત્રો મેલાં ઘેલાં છે, મારા પાદપદ્મો કંટકોથી લોહી નીતરતાં છે. હું પેલું પુષ્પસૌંદર્ય ક્યાંથી લાવું ? ક્ષણભર જીવનની અકલંકિત મનોરમતા મારામાં ક્યાંથી હોય ? મારી પાસે તો મ્રોનું હૃદય એ જ એક ઉપહાર છે. ત્યાં તમામ સુખદુઃખો ભેગાં મળ્યાં છે. ધરતીની ધૂળમાંથી પ્રગટેલી એક કન્યકાની આશા નિરાશાઓ ને લગ્ન મસ્તીઓ છે. અમર જીવન પ્રતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉડતા સ્નેહકુવારા જ અહીં ઉછાળા મારી રહ્યા છે. અહીં એક એવી અપૂર્ણતા છૂપાઈ છે કે એ અનુપમ રમણીયતા ધરાવે છે. ફૂલસેવા પતી ગઈ હોય તો સ્વામીનાથ, ભાવિ માટે આ સેવિકા મોજુદ છે. સ્વીકાર કરો.

હું ચિત્રા, રાજકન્યા ચિત્રા, પેલા શિવાલયમાં એક વાર એક સ્ત્રી આપની પાસે આવી હતી. કદાચ આપને એ યાદ હશે જ. એની શરીરયષ્ટિ પર વસ્ત્રાભૂષણોનો બોજ લદાયલો હતો. કોઈ પુરુષસમોવડી એ નિર્લજ્જ નારી તમારો સ્નેહ જીતવા નીકળી હતી. તમે એનો ત્યાગ કર્યો. એ યોગ્ય જ હતું. ભગવન્, હું એ જ સ્ત્રી છું. તે દિવસે છદ્મવેશમાં હતી. પછી દેવોની કૃપાથી મનુષ્યને અલભ્ય એવું સ્વરૂપ હું પામી ને એ છળથી મારા વીરશ્રેષ્ઠના હૈયાને પજવી રહી. પરંતુ એ મારું સાચું સ્વરૂપ નહોતું.

હું ચિત્રા છું. પૂજાની અધિકારિણી કોઈ દેવી નથી. બેપરવાઈથી દૂર ઉભેલી દયાના જંતુ જેવી હું દયાપાત્ર પણ નથી. સંકટ ને સાહસના રાજમાર્ગે આપ મને આપને પડખે રાખવા ચાહતા હો, જીવનના મહાન ધર્મો બજાવતાં મને સહભાગી બનાવવા કબૂલ હો તો જ મારા સાચા સ્વરૂપને આપ પારખી શકશો. મારા ગર્ભમાં રહેલું આપનું બાલક પુત્ર રૂપે અવતરશે તો હું એને બીજો અર્જુન બનાવીશ અને વખત આવ્યે આપની પાસે મોકલી આપીશ. ત્યારે જ આપ મને સાચા સ્વરૂપે પિછાનશો. આજે તો આ ચિત્રા.. આ રાજકન્યા જ.. આપને આત્મસમર્પણ કરે છે.

અર્જુન : પ્રિયતમે, આજે મારું જીવન ધન્ય બન્યું.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્રો

સંન્યાસી : સંસારદર્શન કરી સંન્યાસ જગવતો મહાત્મા.

વાસંતી : અછૂત વનકન્યા : રઘુની દીકરી.

સ્ત્રીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ, માલણકન્યાઓ, ગોપકન્યાઓ, યુવકો, વટેમાર્ગુઓ વગેરે વગેરે.

નોંધ

આ નાટિકામાં સંન્યાસી અને વાસંતી બે જ મુખ્ય પાત્રો છે. બાકીનું સંસારદર્શન છે. એટલે જુદી જુદી વયનાં ચારેક સ્ત્રી પાત્રો ને ચારેક પુરુષ પાત્રો હોય તો ચાલે. આ નાટક બે દૃશ્યથી ભજવી શકાશે. ગુફાદ્વાર સાથે ગિરિશૃંગ ને અરણ્યકેડી દર્શાવતું એક દૃશ્ય. બીજું દૃશ્ય ગામડાનો રાજમાર્ગ.

સંન્યાસી એક પંચિયું, ઉપવસ્ત્ર, ઉપવીત ને દંડકમંડલું ધારણ કરેલો. વાસંતી : અછૂત કન્યા, ફાટયાંતૂટયાં વસ્ત્રોવાળી નાનકડી મનોહર બાલિકા. બાકી સ્ત્રીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ વગેરે જુદાં જુદાં પાત્રો જુદા જુદા લાક્ષણિક પોશાકોમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

એક સંન્યાસી, પોતે સંન્યસ્તનો બરાબર મર્મ પામ્યો છે એમ સમજી, સંસારદર્શન કરવા નીકળે છે. દેવમંદિરના રાજમાર્ગ પર એક સ્થળે તે બેસે છે. તેની આગળથી સ્ત્રીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ, માલણકન્યાઓ, વટેમાર્ગુઓ વગેરે, પોતપોતાની લાક્ષણિક રીતે વાતો કરતાં પસાર થાય છે. સંન્યાસીને સંસારની પામરતા પરખાય છે.

છેવટે અછૂતકન્યા રઘુની પુત્રી વાસંતી ત્યાં આવી ચઢે છે. અસ્પૃશ્યતાની સુગ ધરાવતાં બધાં એ હરિજન કન્યાને હાડછેડ કરે છે. સંન્યાસી એને આશ્રય આપે છે. વિશ્વાસથી વાસંતી નિદ્રાધીન થાય છે. છતાં રોજિંદી દલિત મનોદશાથી ચમકતી હોય છે.

ત્યાં યુવકો ને વટેમાર્ગુઓ બધાં જ વાસંતીને ઉવેખતાં ચાલ્યાં જાય છે.

પરિણામે વિશ્વાસ આપેલો હોવા છતાં સંન્યાસી ડગે છે. વાસંતીનો ત્યાગ કરે છે. પરંતુ વાસંતીવિહોણા દિવસો કાપતાં સંન્યાસીનું હૈયું વલોવાઈ જાય છે. પોતે વાસંતીને અન્યાય કર્યો છે એ હકીકત તેને સાલે છે. તેમાં સંસારીજનોની વાતો એના દિલને આળું બનાવે છે.

સંન્યાસીને લાગે છે કે પોતે વાસંતીનો ત્યાગ કરી શકે એમ નથી. સંન્યસ્ત સ્વીકારેલું હોવા છતાં, એને વાસંતીની માયા લાગે છે. વાસંતીને આશ્રય આપવો, હિંદુધર્મને લાગેલું અસ્પૃશ્યતાનું કલંક ધોઈ નાખવું, એ પરમ ધર્મ સમજાય છે. વાસંતીની શોધમાં એ પાછો વળે છે.

ત્યાં સમાચાર મળે છે કે, એમના વિશ્વાસભંગથી વાસંતી ગુજરી ગઇ છે. વાસંતીને અવસાન હોય જ નહિ. એનું, હરિજન પ્રશ્નનું, અવસાન થવા દેવાય જ નહિ. સંન્યાસી એ ગજબ શ્રદ્ધાની અવિરત ધૂનમાં મસ્ત રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧]

સંન્યાસી : [ગુફાના દ્વારે ઊભો છે.] દિવસ કે રાત્રિના ભેદ મારે નથી. મહિના કે વર્ષના ય નહિ, મારે માટે કાળપ્રવાહ થંભી ગયો છે. ભલે આખું જગત એના તરંગે નાચી રહે. આ શ્યામળી ગિરિકંદરામાં હું એકલવાયો ઊભો છું. ચોમેર વિભાવરીની અનંત પાંખો પથરાયેલી પડી છે, ગિરિગહ્વરે કો સરવરિયું લપાઈ બેઠું હોય તેમ. પહાડની કરાડમાંથી જલબિંદુઓ ઉભરાઈ રહ્યાં છે. ઊછળતાં ઝરણોએ રચેલાં સરવરિયાની પાળે દેડકાં ડોલે છે. ત્યાં હું શૂન્યનું ગીત ગાતો બેઠો છું. વિશ્વસીમાની રેખાએ રેખા આછેરી બને છે. કાળની ધમણમાંથી ઉડતા અંગારતણખા સમોવડા તારલા આભમાં અદૃશ્ય થાય છે. પ્રલયના અનંત પૂરમાં એકલવાયા ઊભેલા ભગવાન શંકરની પેઠે હું જાગૃતિમાં નિજાનંદ અનુભવું છું. હું મુક્ત છું. એકલવાયો છતાં સ્વૈરવિહારી છું. આજ સુધી, ઓ નિસર્ગદેવતા! તારો હું ગુલામ હતો. ત્યારે તેં મારા હૈયાને ઉસ્કેર્યું.. સંસારચક્રમાં પીસાતાં આત્મઘાતનો સંગ્રામ ખેલવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને પ્રેયું. મારી મહત્વાકાંક્ષાઓને સીમા નહોતી. એટલે એ પોતાનું જ ભક્ષણ કરી જીવતી. એથી મારો ક્રોધાનલ પ્રજ્વલિત થતો. હું મારા જ પડછાયાની પાછળ પડતો. વૈભવની વિદ્યુતભ્રમરથી હું મને દોરતી. સંતોષની શૂન્યતામાં હું ફાંફાં મારતો. કરાલ દુષ્કાળનો ક્ષુધાપંજો મારા પર પડતો. ખાવાનું ધૂળભેગું થતું. જલપાન વાયુ રૂપે ઊડી જતું. વિનાશની એ રક્ષામાંથી મારા જગતમાં આંસુના ઓઘ ઉમટ્યા. સંસાર પર વેર લેવાની મેં આકરી પ્રતિજ્ઞા લીધી. અનંત દર્શનની એ માયાવી મહારાણી! તેથી મેં અંધકારનો આશ્રય લીધો. અમોઘ દુર્ગથી રક્ષાઈ, દંભની સામે મેં સંગ્રામ ખેલ્યો. એનાં બધાં ય શસ્ત્રો ભુઠ્ઠાં થઈ ગયાં. મારો વિજય થયો. કામવાસના ને ભયથી હવે હું પર છું. ધુમ્મસ બધું વેરાઈ ગયું છે. મારાં આંતરચક્ષુ પુનિત તેજે પ્રકાશી રહ્યાં છે. હવે અસત્યના સામ્રાજ્યમાં વિહરવામાં મને બાધ નથી. અચલ અને અસ્પૃષ્ટ અસત્યના એ મહાઘોષ સામે હું ખડક સમોવડો ઊભો રહીશ.

[સંન્યાસી રાજમાર્ગ પર આવે છે.]

સંન્યાસી : વિરાટ ક્ષિતિજથી વીંટાયલી આ પૃથ્વી કેટલી પરિમિત છે? વૃક્ષો, વસવાટો ને વસ્તુઓ મારી દૃષ્ટિ ભરી દે છે. અંધારઘેરી અનંતતા પ્રકાશપિંજરની બહાર પડી રહી છે અને કાળના સીમાડા પિંજરઘેલાં પંખીઓ પેઠે સળિયા ખખડાવી રહ્યાં છે. ધમાલ મચાવતા આ માનવજીવો ઘોડાપૂર પેઠે ક્યાં દોડી રહ્યાં છે? શા માટે તેઓ દોડાદોડ કરે છે? હરહંમેશ કશુંક ગુમાવી બેસવાની જ ચિન્તામાં રહે છે છતાં એ કશુંક તો કદી યે એમને હાથ ચઢતું જ નથી.

[લોકોનું ટોળું પસાર થાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ગામનો મુખી ને બે સ્ત્રીઓ પ્રત્યક્ષ થાય છે]

પહેલી સ્ત્રી : જા રે મારી બાઈ, તું તે કેવી હસવા જેવી વાત કરે છે? બ્હોત ગઈ, થોડી રહી. હવે આપણે શું?

બીજી : કોણ કહે છે કે તું વૃદ્ધા છે?

મુખી : બાહ્યદર્શનથી દોરવાતાં મનુષ્યો મૂર્ખ છે.

પહેલી સ્ત્રી : ભોગ લાગ્યા. અમે તો છેક નાનપણથી બાહ્ય દર્શન જ કરતાં આવ્યાં છીએ. આટલાં વર્ષો થયાં અમને તો એમાં કશો ય ફરક જણાયો નથી.

મુખી : જાણે પ્રભાતનો તપસ્વી—

પહેલી સ્ત્રી : ના. વેરાનની જ્યોતિ ઝબકાવતો પ્રભાતસૂર્ય—

મુખી : સબૂર. તમે ઘણાં આગળ વધી ગયાં. નિર્માલ્ય વસ્તુઓની કિંમત ન આંકો.

બીજી : હવે વાત છોડ, અનંગ. જલદી ઘેર પહોંચીએ, નહિ તો એ લઢશે.

પહેલી સ્ત્રી : ભલે પધારો. પણ અમને બાહ્યદર્શને જ પારખજો. અમને એ જ ગમશે . .

મુખી : તમારે આંતર રહસ્ય છે જ ક્યાં? [જાય છે.

[ત્રણ ગ્રામજનો પ્રવેશ કરે છે. [

પહેલો ગ્રામજન : મારું અપમાન? બદમાસ! જોઈ લેજે હવે.

બીજો : બરાબર સ્વાદ ચખાડજે.

પહેલો : કે મરતાં સુધી ન ભૂલે.

ત્રીજો : જરૂર. ભાઈ. આજથી જ કમર કસ. એને તક ન મળે.

બીજો : કેવો ફાટયો છે?

પહેલો : હવે મરવાનો.

ત્રીજો : કીડીઓને પાંખો આવે, એ એના નાશ માટે જ.

બીજો : પણ કાંઈ ઘાટ ઘડ્યો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો : એક નહિ, હજાર. એના ઘરને ખેદાન મેદાન કરી નાખીશ. અવળે ગધેડે બેસાડી, એને આખા ગામમાં ફેરવીશ. એના મોં પર ચુનો ને મેંશ ચોપડીશ. જગતમાં જીવવું એને ભારે થઈ પડશે.

[જાય છે.

[બે વિદ્યાર્થીઓ આવે છે]

પહેલો વિદ્યાર્થી : આચાર્ય મહાદેવ ચર્ચા જીતી ગયા.

બીજો : ના. આચાર્ય જનાર્દન.

પહેલો : આચાર્ય મહાદેવે છેલ્લે પાટલે દલીલ કરી હતી. જડમાંથી સૂક્ષ્મ પ્રગટે છે, એમ એમનું મન્તવ્ય હતું.

બીજો : સૂક્ષ્મ જડનું મૂળ છે એવું આચાર્ય જનાર્દને સંપૂર્ણ રીતે પૂરવાર કર્યું.

પહેલો : અશક્ય.

બીજો : દીવા જેવું સ્પષ્ટ.

પહેલો : વૃક્ષ પર બીજ થાય.

બીજો : બીજમાંથી વૃક્ષ થાય.

[પહેલો વિદ્યાર્થી સંન્યાસી પાસે જઈને પૂછે છે]

પહેલો : કહો ને, સંન્યાસી, શું સાચું ? અસલ કયું ! સૂક્ષ્મ કે જડ ? વૃક્ષ કે બીજ ?

સંન્યાસી : એકે નહિ.

બીજો : બરાબર.

સંન્યાસી : મૂલ અન્ત છે. અન્ત મૂલ છે. એમ બે વચ્ચે એક વર્તુલ બને. જડ ને સૂક્ષ્મનો ભેદ શોધવો, એ અજ્ઞાન.

પહેલો : ખરું ખરું. આચાર્ય મહાદેવ એવું જ કહેતા હતા.

બીજો : આચાર્ય જનાર્દનની વાત બરાબર બંધ બેસતી આવે છે.

[જાય છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી : બિચારા શબ્દ ચણતાં પંખીઓ ! અર્થવિહોણી કોઈ શબ્દજાળ એમના હાથમાં આવી કે ચૂંથણાં ચૂંથતાં એમનો સમય વીતવાનો.

[બે માલણ કન્યકાઓ ગાતી ગાતી પ્રવેશ કરે છે]

દિવસ ભર ક્ષણ ક્ષણ વહી વહી જાય:
પરિશ્રમમાં નવ કાંઈ કળાય.
ખીલે ફૂલડાં પ્રકાશ માંહે અંધારે કરમાય,
પ્રભાત ઉદયે,
પ્રીતમ પ્રણયે;
હાર ગૂંથવા તલપું હૃદયે,
પ્રભાત પાંખો ઊડે ફફડતી,
સ્વપ્ન તુલ્ય સરી જાય:
ખોબલે ફૂલડાં ના છલકાય,
દિલબર, દૃષ્ટિથી દૂર થાય:
અરે રે, ક્ષણ ક્ષણ વહી વહી જાય.

વટેમાર્ગુ : પણ આવી ઉદાસી શાને ? માલા, માલા તયાર હશે તો પહેરનારની ખોટ નહિ પડે.

પહેલી માલણકન્યા : પણ આડો આંક મૂકનારનું શું ?

બીજી : જબરી દેખું ! જરા દૂર ચાલ ને. આમ અડીને શું ચાલતી હશે ?

વટેમાર્ગુ : પણ એમાં ઝગડો શાને ? તારી ને મારી વચ્ચે તો હાથીનું અંતર છે.

બીજી : છે જ ને. મારાથી તો આટલું ય ન કહેવાત. હું તો સાવ પોચલી...

[હસતાં હસતાં વિદાય થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[એક વૃદ્ધ ભિક્ષુક પ્રવેશ કરે છે]

ભિક્ષુક : દયાળુ બાપા, મારા પર દયા કરો. ભગવાન તમારું ભલું કરે. તમારા ભર્યાભાદર્યા ભંડારમાંથી એક ચપટી તો આપો.

[સૈનિક આવી ચડે છે.]

સૈનિક : હટી જાઓ. પ્રધાનપુત્ર પધારે છે.

[આગળ વધે છે.]

સંન્યાસી : મધ્યાહ્ન થયા. સૂર્ય ફરે છે. સળગતા ત્રાંબિયા પેઠે આકાશ રક્તવર્ણું બન્યું છે. ધરતી ગરમ નિઃશ્વાસ મૂકે છે. ધૂળ વંટોળે ચઢે છે. મેં કેવાં કેવાં દૃશ્યો જોયાં ? આ પામર જીવોની ક્ષુલ્લકતા અપનાવવા કદી દિલ થાય ખરું ? આ અસાર સંસારનો મોહ થાય ખરો ? હું મુક્ત છું. હવે મને કોઈ પાછું વાળી શકે તેમ નથી. જગતની કોઈ જંજાળ મને આવરી લેશે નહિ. પુનિત એકાન્ત જ મારું જીવન બની રહેશે.

[અક્ષતકન્યા વાસંતી ને એક સ્ત્રી પ્રવેશ કરે છે]

સ્ત્રી : અલિ એ, તું તો રઘુની દીકરી ને ? તારે તો આ માર્ગે ન આવવું જોઈએ. જોતી નથી, આ દેવમંદિરનો માર્ગ છે.

વાસંતી : પણ...હું તો છેક છેડે ચાલું છું, બહેન.

સ્ત્રી : બેસ બેસ હવે. હમણાં મારા પાલવને તારો સ્પર્શ થયો હોય એમ લાગ્યું. હું દેવીના દર્શને જાઉં છું. જોજે, અભડાવી મારતી.

વાસંતી : ના રે બા, હું તમને શું કામ અભડાવું ?

[સ્ત્રી જાય છે]

સંન્યાસીજી, પરણામ. હું વાસંતી, રઘુની દીકરી થાઉં. આપની પાસે આવું ?

સંન્યાસી : શા માટે નહિ ? બેટા.

વાસંતી : હું [illegible] આ [illegible] અભાગી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી : અભડાઇ જનાર લોકો જ અસ્પૃશ્ય છે? કેવળ અસ્પૃશ્યતાની ધૂનમાં જ એ આળોટી રહ્યા છે. દિલમાંથી સંસાર ધોઈ નાખ્યો હોય એ જ પવિત્ર. બાકી બધાં ય અસ્પૃશ્ય. આ લોકો તારો શો દોષ કાઢે છે?

વાસંતી : મારા બાપુજી એમના દેવને માનતા નહિ, એમનો ધર્મ આચરતા નહિ ને હવે તો એ ગુજરી પણ ગયા.

સંન્યાસી : પણ તું દૂર કેમ ઊભી છે?

વાસંતી : તમે અભડાઈ જાઓ ને?

સંન્યાસી : ના રે ના. હું તો અભડાતો જ નથી. મને તો કશું જ સ્પર્શી શકતું નથી. હું તો અનન્તમાં ભળી ગયેલો જીવ છું. તારે અહીં બેસવું હોય તો બેસ.

વાસંતી : (ડૂસકું મુકી) મને પાસે બેસાડો છો? પછી છાંડશો ના.

સંન્યાસી : હું તો સંન્યાસી છું. બેટા, મારા દિલમાં રાગદ્વેષને સ્થાન નથી. તારાં આસું લૂછી નાખ. તું આપ્તજન છે એવો મારો દાવો નથી, તેમ તારો ત્યાગ કરવાનું ય મારે કારણ નથી. મારે મન આકાશ ને તું સરખાં જ છો, મારે મન તું છે ને તું નથી.

વાસંતી : બાપુજી, દેવોએ ને માનવોએ મારો ત્યાગ કર્યો છે.

સંન્યાસી : મેં પણ દેવો ને માનવોનો ત્યાગ કર્યો છે.

વાસંતી : આપને મા નથી?

સંન્યાસી : ના.

વાસંતી : બાપુજી નથી?

સંન્યાસી : ના.

વાસંતી : કોઈ સગું વહાલું નથી?

સંન્યાસી : ના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસંતી : તો હું તમારી સાથે રહીશ. પણ તમે મારો ત્યાગ ન કરશો.

સંન્યાસી : મારે તો હવે કશાનો ત્યાગ કરવાનો રહ્યો જ નથી ને. તું મારી સાથે રહેજે પણ નજીક આવવા પ્રયત્ન ન કરીશ.

વાસંતી : આપને હું સમજી શકતી નથી. બાપુજી, આ જગતમાં મારે માટે કોઈ જ આશરો નથી ?

સંન્યાસી : આશ્ચર્ય ? આ સંસાર તો તળિયા વિનાનો પાતાળ કૂવો છે. શૂન્યતાના દરમાંથી જંતુટોળાં ઉભરાય છે, આશરો શોધે છે, શૂન્યતાના વિસ્ફારિત મુખમાં પ્રવેશી વિલીન થાય છે. જુઠ્ઠાણાંની આ ભૂતાવળ છે. એના માયા બજારમાં તું ઊભી છે. એ જે વાનીઓ પીરસે છે એ કેવળ છાયાકૃતિઓ જ છે. તારી ક્ષુધાને એ હસે છે, સંતોષતી નથી ! આવતી રહે, બેટા, આમ આવતી રહે.

વાસંતી : પણ બાપુજી, આ જગતનાં લોકો કેવાં સુખી દેખાય છે ? આ રાજમાર્ગની કિનારે ઊભાં ઊભાં એમના ઉલ્લાસવમળ નિહાળીએ તો ?

સંન્યાસી : એ સમજતાં નથી. જગત અનંત મૃત્યુ છે, એની એમને ગમ નથી. પળે પળે તે અવસાન પામે છે, છતાં ય જે જગત કદી નાબુદ થતું નથી, એવા જગતના આ પણે જીવો. એ મૃત્યુનું ભક્ષણ કરીને જ જીવનારાં...

વાસંતી : બાપુજી, મને ડર લાગે છે.

[વટેમાર્ગુ પ્રવેશ કરે છે.]

વટેમાર્ગુ : આટલામાં કોઈ આશ્રય મળશે કે ?

સંન્યાસી : આશ્રય ? અહીં ક્યાંથી હોય ? બેટા, આશ્રય તો અંતરના ઉંડાણમાં. ત્યાં શોધ. એવા પ્રયાસથી જ તારો ઉદ્ધાર થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટેમાર્ગુ : પણ હું થાકી ગયો છું. આશ્રય વિના નહિ જ ચાલે.

વાસંતી : મારી ઝૂંપડી નજીક જ છે. આવશો ?

વટેમાર્ગુ : તું કોણ છે ?

વાસંતી : એ જાણીને શું કરશો ? હું રઘુની દીકરી.

વટેમાર્ગુ : પ્રભુ તારું ભલું કરે. તારે ત્યાં મારાથી ન અવાય... દીકરી.....

[જાય છે.]

[કેટલાક માણસો કોઈને શય્યામાં ઊંચકી આવે છે.]

પહેલો : ઊંઘતો જણાય છે.

બીજો : હાય બાપ ! કેટલું વજન છે ?

વટેમાર્ગુ : કોને લઈ જાઓ છો ?

ત્રીજો : બિન્દુ વણકરને. મરવા પડ્યો છે.

બીજો : હું તો થાકયો. લાવો, એને જગાડીએ.

બિન્દુ : ઉં હું...હું...

ત્રીજો : શાનો અવાજ આવ્યો ?

બિન્દુ : અલ્યા ! કોણ છો ? મને ક્યાં લઈ જાઓ છો ?

[ખાટલો નીચે ઉતારે છે.]

ત્રીજો : છાનો માનો મરી રહે ને.

બીજો : ઓત્તારીની. આ મરી ગયો છે છતાં ય વાતો કરે છે !

બિન્દુ : પણ હું નથી મરી ગયો. તમારી ભૂલ છે, હું તો ઊંઘતો હતો.

ત્રીજો : કેવી શેખી કરે છે ? મરવું મરવું ને વળી ચાળા ?

ત્રીજો : એ સાચું નહિ કહેવાનો. ચાલો ને આપણે જ્યાં ત્યાં એની ઉત્તરક્રિયા પતાવી દઈએ એટલે પત્યું.

બિન્દુ : પણ હું તો જીવતો છું.

[ઝગડા ઝલ્લા અમા પાવળ વધે છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી : આ છોકરી તો ઊંઘી ગઈ, હાથ પર મસ્તક ટેકવીને જ. એને અહીં જ રહેવા દઉં ? મારે જવું તો જોઈએ ને ? કાયર કહીંનો !!! અહીંથી નાસી જવું છે ? આ ક્ષુદ્ર ચીજથી ડરી ને ? આ તો કુદરતના કરોળિયાની માયાજાળ છે. ફકત જંતુઓને જ એનો ડર લાગે, સંન્યાસીને નહિ.

[વાસંતી ચમકી ઊઠે છે.]

વાસંતી : ક્યાં ગયા ? બાપુજી ! આપે મારો ત્યાગ કર્યો ?

સંન્યાસી : ના રે બેટા, શું કરવા ત્યાગ કરું ? છાયાવત્ મારું જીવન. મને ભય શાનો ?

વાસંતી : માર્ગ પર કોલાહલ સાંભળ્યો ?

સંન્યાસી : પણ મારા હૈયામાં શાંતિ છે ને ?

[એક યુવતી આવે છે : કેટલાક યુવકો એની પૂઠે પડયા છે]

યુવતી : જાઓ હવે. દૂર થાઓ. મારે પ્રેમની વાતો નથી સાંભળવી.

પહેલો યુવાન : અમારો કાંઈ વાંક ?

યુવતી : પથ્થરહૃદયી છો, એ.

પહેલો : ખોટું. એમ હોય તો કામબાણ વાગે શાનાં ?

બીજો : શાબાશ, ઠીક જવાબ દીધો. હવે જવાબ આપો, પ્રિયે !

યુવતી : જવાબ ? ભારે વાત કરી કેમ ? . . ખાલી લવારો . .

પહેલો : ન્યાય કરો, સજ્જનો, જો અમારાં હૈયાં પથ્થરનાં હોય તો—

ત્રીજો : ઉત્તર હોય તો આપે ને ?

પહેલો : સાંભળો. હું સમજાવું. પુરુષોનાં હૃદય પથ્થરનાં છે, એ વાત સાચી હોય તો અનંગબાણ વાગે જ શી રીતે ? સમજ્યા.

બીજો : ન સમજાય એ કાંઈ વાત છે ? છેલ્લાં વીસ વર્ષથી શહેરમાં વેપારો સાંભળો છે.

[જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી : શું કરે છે ? બેટા !

વાસંતી : હું તો તમારો વિશાળ પંજો જોઈ રહી છું. બાપુજી, બાલપંખી સમોવડા મારા હાથનો જાણે આ મનગમતો માળો. સર્વને સમાવતી પૃથ્વી સમોવડો એ સગવડ ભર્યો છે. એની રેખાઓ જાણે સરિતાઓ. એનો માંસલ ભાગ જાણે રમવાની ગિરિકુંજો.

[સંન્યાસીના હાથમાં મોં છુપાવે છે.]

સંન્યાસી : નિદ્રાના સ્પર્શ સમોવડી તારી કુમાશ છે. અનંતનો જાદુઈ દંડ આત્માને સ્પર્શે ને નિબીડ અંધકાર છવાય, એવું કંઈક લાગે છે. પરંતુ બેટા, તું તો દિવસનું પતંગિયું છે. જગતનાં પંખીઓ, કુસુમો ને ક્ષેત્રોનો તને સહવાસ હશે. એક જ મધ્યબિંદુએ ઘૂમતો, પરીધવિહોણો, મારા જેવો જીવ તને શું આપશે ?

વાસંતી : મારે કશું જ નથી જોઈતું : તમારું વાત્સલ્ય જ મારે પૂરતું છે.

સંન્યાસી : આ છોકરી જાણે છે કે હું તેને ચાહું છું. એ વિચારમાં તે સુખી છે. બિચારી !!! ભલે, છો એ વિચારે તે રાચતી. ભ્રાંતિમાં પોષાયલાંને ભ્રાંતિ જ સાન્ત્વન દે ને ?

વાસંતી : બાપુજી, મારી આ દેહલતા ઘાસમાં આળોટે છે. આધાર માટે કોઈ વિશાળ વૃક્ષ શોધે છે. કોઈ બાલકના પ્રથમ ચિત્કાર સાથે હવામાં ફૂટી નીકળી. બે જ કુંપળો એણે ધારણ કરી ત્યારથી, એને મેં ઉછેરી છે. રાજમાર્ગને છેવાડે એ વધી છે. એને છુંદી નાંખતાં જરા ય વાર થાય તેમ નથી. આ નાનકડાં સુંદર ફૂલ જોયાં ? આછાં ભુરાં ને સફેદ. વચ્ચે વચ્ચે ઝીણાં બિંદુઓ. એ શ્વેત બિન્દુઓ એમનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શમણાં. જુઓ, તમારા ભાલપ્રદેશે જરાક લગાવું. મારે મન તો અણુદીઠી ને અણુપ્રીછી સુંદર સંદુકોની એ કૂંચીઓ છે.

સંન્યાસી: ના. ના. સૌંદર્ય કેવળ કલ્પના છે. જ્ઞાનીને મન ધૂળ ને પુષ્પ સમાન છે. પરંતુ ઇન્દ્રધનુના રંગોથી મઢેલા ઝાકળના આવરણ પેઠે મારાં ચક્ષુને શું ઢાંકી રહ્યું છે? મારી રક્તવાહિનીઓમાં આ આળસ ક્યાંથી? નિસર્ગનાં મધુર શમણાં મને ઘેરી કેમ રહ્યાં છે? એના જાદુમાં મારું સર્વ ભાન લુપ્ત થતું જણાય છે. (વીંટાયલી વેલી સમોવડી એ બાલિકાને દૂર ફગાવી તે ઊભો થઈ જાય છે) સાવધાન, આ તો મૃત્યુ! આ શી રમત માંડી છે? બાલા, હું તો મુક્તાત્મા છું. ના. ના. મારે અશ્રુપાત ન હોય. મારાથી અશ્રુદર્શન નહિ જિરવાય. મારા હૈયાના આ ક્રોધસર્પોએ કયા અંધારા ખૂણામાંથી બહાર આવી ફણા માંડી? હું તો ધારતો હતો કે એ તો મરી ચૂક્યા છે. પણ ના. ભૂખમરાથી પણ એમનો જીવ ગયો નથી. કોઈ મહાડાકણ જાદુઈ વેણુ વગાડે છે કે હાડપિંજરો સમોવડાં આ નારકી જીવો મારા હૈયામાં ઊભાં થઈ નાચવા લાગે છે. રડીશ ના. બેટા, મારી પાસે આવ. તું તો મારે દિલ કોઈ ખોવાયલી પૃથ્વીના આક્રંદ સમોવડી છે, કોઇ પ્રવાસી તારલાનું મીઠું સંગીત છે. આ સૃષ્ટિ, આ સૂર્ય ને આ તારાગણથી પણ અધિક હોય એવું કાંઈક પામી, મારો આત્મા સંતોષ અનુભવે છે. અંધકારથી પણ એ વિરાટ છે. મને એની ગમ પડતી નથી. એને મે કદી યે પીછાની નથી એટલે એનો મને ડર લાગે છે. મારે તારો ત્યાગ કરવો જ ઘટે. જા, જ્યાંથી આવી હો ત્યાં વિલીન થા. ઓ અજ્ઞાત સંદેશ-વાહક, તારું મારે કામ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસંતી : મારો ત્યાગ ન કરો. બાપુજી, તમારા વિના મારું કોઈ નથી.

સંન્યાસી : મારે જવું જ પડશે. હું જ્ઞાન પ્રાપ્ત કરી ચૂકયો છું એમ માનતો. પણ એમ નથી. હજી ઘણું મેળવવાનું બાકી છે. ઓ વનકન્યા, તારી પૂરી પીછાન માટે જ હું તારો ત્યાગ કરું છું, બીજું કંઈ મનમાં ન આણીશ.

વાસંતી : પણ હું મરી જઈશ, બાપુજી !

સંન્યાસી : છોડી દે મારો હાથ. મને સ્પર્શીશ નહિ. આ બંધનો તોડીને જ હું જંપીશ.

[દોડી જાય છે.]



[૨]

[ગિરિશૃંગની કેડીએ પડેલા એક શિલાખંડ પર સંન્યાસી બેઠો છે. એક ગોપબાલ ગીત ગાતો ગાતો પસાર થાય છે.]

અમીઝરતું આ મુખ ના મરોડજે :
ઓ સખિ !
જીવનને ધન્ય ધન્ય કરજે
વહાણાં વસંતનાં વાયાં મધુરવાં,
ફૂલડાં સુગંધનાં છાયાં નવાં નવાં :
વાયા વનવાયરા રાત્રિના કારમા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગ્યા મનના મયૂર રંસિયા રસભાવનાઃ
ત્યારે દઈ દર્શન અમૂલ
ઓ સખિ,
જીવન નવજ્યોતથી ઉજાળજે

[જાય છે.

સંન્યાસી : નીલવર્ણી સિંધુપ્યાલીમાં સંધ્યાનો સુવર્ણરંગ ભર્યો છે. ગિરિશૃંગની વનરાજિ પ્રકાશવારિનો છેલ્લો ઘૂંટ ભરી રહી છે. નિદ્રાધીન બાલકોને ઘૂંઘટમાંથી નિહાળતી કો માતા પેઠે તરુછાયાની આરપાર ગામડાના સંધ્યાદીપકો જલી રહ્યા છે. ઓ, નિસર્ગદેવતા ! તારી સેવાની શી કદર કરું ! આ વિશાળ દીવાનખંડમાં તેં વિષરંગી બિછાત બિછાવી. એક ભૂપતિના ગુમાનથી તેના પર હું એકલવાયો બેઠો છું. ઝગમગતા તારલાની કટિમેખલા ઝૂલાવતી તું નૃત્ય કરે છે. એથી વધારે ધનભાગ્ય કયું ?

[ગોપકન્યાઓ ગીત ગાતી ગાતી પસાર થાય છે.]

કાલિંદી કાળી આ આઘેથી ભેદીને
ગીતોની ઝાલર જગાવે મને :
રાત્રિની શાંતિને કાપીને કોરીને
વેણુના નાદે સતાવે મને.
ઉરના એકાન્તમાં,
શાંતિ ઉછંગમાં;
રસિયાના રાસે,
હું ઝૂલું અનન્તમાં :
ત્યારે જાદુ ભરી એ વેણુની મોહિની :
હૈયાના શૂલો જલાવે મને.
અણજાણી પ્રીતનો અણજાણ્યો પંથ એ,
મારગડો પ્રીતનો બતાવે મને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપીને અંજલિ,
ફૂલોની મંજરી;
આંસુના અર્ઘ્યે વધાવું તને,
તારા એ ગીતને,
મારી આ પ્રીતને:
ભવભવના બંધનના વાયદા મળે.

[જાય છે.]

જન્મજન્માન્તરે આવી સંધ્યા તો મને આજે જ સાંપડી જણાય છે. પ્રણય ને સંગીતની પ્યાલી છલોછલ ભરી હું બેઠો છું, ત્યારે આથમતા સંધ્યાતારકમાં છૂપાતા કો વદનચંદ્રની સ્મૃતિ મને સતાવે છે. ક્યાં છે, એ કુમાશભરી કન્યકા ? ક્યાં છે એ આંસુનીતરતાં શ્યામળાં નયન ? એની ઝૂંપડીએ તો એ નહિ બેઠી હોય ? એ સંધ્યાના અનંત એકાન્તમાં, આ જ સંધ્યાતારકને તો એ નિહાળતી નહિ હોય ? અરે રે, એ તારલો તો હમણાં છૂપાઈ જશે. રાત્રિના વિરાટ અંધારપટમાં સંધ્યા પણ સમાઈ જશે. નિદ્રાઘેલા નયનમાંથી આંસુ સુકાશે ને હૈયાનાં આ ધ્રુસકાં યશમી જશે. ના. ના. હું પાછો તો નહિ જ જાઉં. સંસારનાં એ શમણાં ભલે આગેકૂચ કરે. એની આડે આવી નવી કલ્પના સજવાની જરૂર નથી હું જોઈશ, વિચારીશ ને જાણીશ.

[એક બાલિકા પ્રત્યક્ષ થાય છે. એની દશા ચિંથરેહાલ છે]

બાલિકા : બાપુજી, ક્યાં છો ?

સંન્યાસી : આવ બેટા, આ બાજુ. તારું સંબોધન હું વધાવી લઈશ. પહેલાં પણ એક જણ મને 'બાપુજી' કહી બોલાવતું. એનો સ્વર પણ તારા જેવો જ હતો. 'બાપુજી' હાજર છે પણ એ બોલાવનાર ક્યાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલિકા : આપ કોણ છો ?

સંન્યાસી : એક સંન્યાસી. તારા 'બાપુજી' શું કરે છે ?

બાલિકા : વનમાંથી કાષ્ઠ લાવે છે.

સંન્યાસી : ને મા.

બાલિકા : એ તો કયારની યે મરી ગઈ.

સંન્યાસી : તારા 'બાપુજી' તને વહાલા છે ?

બાલિકા : ઘણા જ. આ જગતમાં મારે બીજું છે પણ કોણ ?

સંન્યાસી : સમજ્યો. તારો હાથ લાવ તો. મારા આ વિશાળ પંજામાં ઘડીક રહેવા દે.

બાલિકા : સંન્યાસી, તમે હાથ જુઓ છો ? મારાં ભૂત ભવિષ્ય વાંચી આપશો ?

સંન્યાસી : પ્રયત્ન કરી જોઉં. એક દિવસ હું જરૂર સફળ થઈશ.

બાલિકા : તો હું જાઉં ? બાપુજી વાટ જોતા હશે.

સંન્યાસી : કયાં ?

બાલિકા : જંગલની કેડીએ.

સંન્યાસી : પ્રથમ મારી નજીક આવ. તારું મસ્તક ચુમી હું તને આશીર્વાદ દઉં. પછી જજે.

[બાલિકા વિદાય થાય છે.]

[બે બાલકો લઈ એક માતા પ્રવેશ કરે છે.]

માતા : મેનાનાં છોકરાં કેવાં સુંદર છે ? ઘડીક રમાડવાનું પણ મન થાય. હું ગમે તેટલાં સાચવું છું છતાં ય મારાં આ બાલકો તો જાણે મરવા જ પડયાં છે . . .

દીકરી : એમાં અમારો શો દોષ ? અમને શું કહે છે ?

માતા : તમે જરા ય જંપતાં નથી, પછી થાય શું ?

દીકરી : પણ અમે તારા કામે જ જઈએ છીએ ને ?

માતા : સામું બોલી કે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી : ક્યાં જાય છે ? બહેન.

માતા : ઘેર, બાપુજી.

સંન્યાસી : ઘરમાં કોણ કોણ છો ?

માતા : મારાં સાસુ, પતિ ને બીજાં બે છોકરાં..

સંન્યાસી : જીવન કેમ જાય છે ?

માતા : કાંઈ ગમ નથી. ઘણી ખેતરે જાય છે. હું ઘર સંભાળું છું. સાંજે અમે થોડુંક કાંતીએ છીએ (છોકરીઓને) પગે લાગો. બાપુજી, આશીર્વાદ.

[જાય છે.]

[બે માણસો આવે છે.]

પહેલો : હવે પાછો ફર. આગળ આવવાની જરૂર નથી.

બીજો : ખરી વાત છે, ભાઈ. જગતમાં આપણે અણધાર્યા જ મળીએ છીએ, સાથે થોડોક પંથ કાપીએ છીએ ને પછી છૂટા પડવાનું તો છે જ, બધાને.

પહેલો : ફરી મળવાની આશાએ.

બીજો : એ તો જગતની ઘટમાળ છે. એની કોઈને ગમ નથી.

પહેલો : આપણું મિલન યોજ્યું એ ગ્રહના તો ઓશિંગણ થઈએ, તો ય ઘણું છે.

બીજો : જરા આમ જો. અંધકારમાં પેલો જલપ્રકાશ દેખાય છે ? એના રેતાળ કિનારે પેલું કસુંબાનું ઝાડ, આ શામળી છાયામાં આપણું ગામ ઢગલો થઈ પડ્યું છે. માત્ર દીપમાલા જ તગતગે છે. દૂર દૂર આપણા ઘરના દીવા પણ દેખાય છે.

પહેલો : હા.

બીજો : એ વિદાયનાં વંદન દઈ રહ્યા છે. જરા દૂર જઈશ કે અંધારપટ છવાઈ જશે.

[જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંન્યાસી : રાત્રિ જામતી જાય છે. સૃષ્ટિના જીવોને વેરાનતા સાલે છે. કોઈ ત્યક્તા સ્ત્રીનાં અમિઝરતાં આંસુડે તારલા મઢી લીધા જણાય છે. બેટા, તારા નાનકડા હૈયાના વિષાદે, મારી જીવનરાત્રિઓ પણ જામી ગઈ છે. તારું વહાલભર્યું હાથપસવારણું રાત્રિની હવામાં એનો સ્પર્શ ભરી ગયું છે. મારા ભાલપ્રદેશ પર એનો સ્પર્શ અત્યારે પણ હું અનુભવી રહ્યો છું. એમાં તારા અશ્રુની ભિનાશ છે. બેટી, હું નાસી આવ્યો છતાં ય તારાં ઘૂસકાંએ મારો પીછો નથી છોડયોઃ મારા હૈયાને એ હમેશાં કોરી રહ્યાં છે. મારી મૃત્યુ ઘડી સુધી એને હું વિસરી શકું તેમ નથી.



[૪]

(ગામડાની કેડી પર)

સંન્યાસી : આજે મારા સંન્યસ્તને હું ફગાવી દઉં છું. મારા ભિક્ષા-પાત્ર ને દંડના ટુકડા કરું છું. મહાકાલના સાગરમાં પસાર થતી આ વૈભવભરી જગતનૌકા મને ભલે ઉપાડી લે. એક વાર ફરીથી એના યાત્રાળુસંઘમાં હું ભળી જાઉં. એકલવાયા તરીને સલામતી સાધવા ઇચ્છનાર ઓ મૂર્ખ, સૂર્ય ને તારલાની જ્વલંત જ્યોત ગુમાવી આગિયાને દીવે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડી, તું સત્ય શોધવા મથ્યો ? અંબરપટે પંખી ઊડે છે પરંતુ અગાધ શૂન્યતામાં એ અદૃશ્ય થતું નથી. વિરાટ પૃથ્વી પર એ પાછું જ આવે છે. નકારની શરીરહીન શૃંખલાથી હવે હું મુક્તિ પામ્યો છું. વસ્તુઓ, આકૃતિઓ ને કર્મભૂમિમાં વિહાર કરવા હું સ્વતંત્ર છું. અન્ત જાતે જ અનંત છે. સ્નેહ એનું સત્ય પીછાને છે. બેટા, એ સર્વનો તું આત્મા છે. તને હું કેમ છોડી શકું ?

[ગામનો મુખી પ્રવેશ કરે છે.]

સંન્યાસી : રઘુની દીકરીની કંઈ ભાળ છે ?

મુખી : એણે ગામ છોડી દીધું છે. પીડા ગઈ.

સંન્યાસી : એ ક્યાં ગઈ હશે ?

મુખી : એવી પંચાત શાને ? એ ગમે ત્યાં જાય. બધે સરખું જ છે.

[જાય છે.]

સંન્યાસી : નશ્વરતાની શૂન્યતામાં બિચારી વનકન્યા પોતાનું અસ્તિત્વ શોધવા ચાલી ગઈ છે. મને મળશે જ.

[ગામડિયાનું ટોળું પ્રવેશ કરે છે.]

પહેલો : આજે યુવરાજનાં લગ્ન છે.

બીજો : કેટલા વાગે ?

ત્રીજો : વરવહુ જાણે. આપણે શું ?

સ્ત્રી : મિઠાઈ મળશે ને ?

પહેલો : મિઠાઇ ! ઘેલી છે ઘેલી. મારા કાકા શહેરમાં રહે છે ને ? એ કહેતા હતા કે શિખંડ પૂરી મળશે.

બીજો : સરસ.

ચોથો : પરસેવો વધારે પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો : ભેજું જ નથી. મોતી, આપણે કયાં પરસેવો પાડવો છે ?

ચોથો : આપણે રાજકુમારો નથી. પુનમ, આપણે પરસેવો તો એવો પાડવો પડે કે મરીઓના શિખંડનું યે પાણી થઈ જાય.

પહેલો : જુઓ, પેલો કોલસા પૂરનાર હજી કામે લાગ્યો છે. રોકો એને.

બીજો : એ થંભે નહિ તો એને ભઠ્ઠીમાં જ ધકેલી દો.

સંન્યાસી : અલ્યા ભાઈ, કોઈએ રઘુની દીકરીને દીઠી ?

સ્ત્રી : એ તો કયારની યે દિસતી રહી.

સંન્યાસી : કયાં ?

સ્ત્રી : જહન્નમમાં.

પહેલો : એ કોઈ યુવરાજને પરણવાની નથી !

[સૌ હસતા હસતા વિદાય થાય છે.]

[બાલક સાથે એક સ્ત્રી પ્રવેશ કરે છે.]

સ્ત્રી : પ્રણામ, સાધુ મહારાજ, મારા બાલકના માથે હાથ મૂકો. એ બિમાર છે. બાપુજી ! એને આશીર્વાદ આપો.

સંન્યાસી : હું સાધુ નથી. તારું વંદન મને નહિ ખપે.

સ્ત્રી : તમે કોણ છો ? શું કરો છો ?

સંન્યાસી : હું શોધું છું.

સ્ત્રી : શું ?

સંન્યાસી : મારી ખોવાયલી દુનિયા. રઘુની દીકરીને તું ઓળખે છે ? એ કયાં હશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી : રઘુની દીકરી તો મરી ગઇ.

સંન્યાસી : ના. ના. એ મરે જ નહિ.

સ્ત્રી : એ જીવે કે મરે તેમાં તમારે શું ? મહારાજ !

સંન્યાસી : મારે શું ? વાસંતીનું મૃત્યુ તો આખી દુનિયાનું મૃત્યુ છે.

સ્ત્રી : આપની વાત ન સમજાઇ.

સંન્યાસી : રઘુની દીકરી કદી મરે જ નહિ.

★



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા–રાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્રો

વિક્રમ : રાજા
સુમિત્રા : રાણી : કાશ્મીર કન્યા.
દેવદત્ત : રાજાનો મિત્ર
કુમારસિંહ : રાણીનો ભાઈ : કાશ્મીરના મહારાજા
ચંદ્રસિંહ : કુમારસિંહના કાકા
રેવતી : કુમારસિંહની કાકી
અમરસિંહ : ત્રિચૂરના સરદાર
ઈલા : તેની પુત્રી : કુમારસિંહની સ્નેહરાણી
શંકર : કુમારસિંહનો સેવક

પ્રધાન, પુરોહિત, સેનાપતિ, સૈનિકો, દરબારીઓ, પરિચારકો વગેરે.

નોંધ

આ નાટકમાં વિક્રમ, સુમિત્રા, દેવદત્ત ને ઈલા, એ ચાર મુખ્ય પાત્રો છે. કુમારસિંહ, રેવતી, અમરસિંહ ને શંકર, બીજાં ન આવતાં સામાન્ય પાત્રોમાં ફરી પણ આવી શકે. એમ દશેક પાત્રોથી કામ સરશે. ત્રણ દૃશ્યોમાં આ નાટક ભજવી શકાશે. રાજગૃહોદ્યાન, દીવાનખંડ ને છાવણી.

એક બાજુ રાજગૃહ હોય એવા ઉદ્યાનનું દૃશ્ય યોજવું. રાજા વિક્રમ પીતાંબર ને ઉપરણું પરિધાન કરશે તો ચાલશે. રેશમી પહેરણ પણ વાપરી શકાય. સુમિત્રા રાણીના વેશમાં. માથામાં વેણી ને કંઠે પુષ્પમાલા. દેવદત્ત બ્રાહ્મણ છે. રાજાનો મિત્ર. એ એક રેશમી પંચિયું ને ઉપરણું, જનોઇ ને ભાલપ્રદેશ તેમજ શરીરે ચંદનઅર્ચન, બસ થશે.

બીજો પ્રવેશ દીવાનખંડ કે દરબારગૃહમાં યોજી શકાશે. વિક્રમ રાજાની વેશભૂષા સજીને સિંહાસન પર. પ્રધાન વણિક વેષમાં. દેવદત્તનો તો એક જ પ્રકારનો વેશ સર્વત્ર રાખવો.

ત્રીજો પ્રવેશ કાશ્મીરમાં લશ્કરી છાવણીનો છે. એક બે નાના શિબિરો ને લશ્કરી મેદાનનું દૃશ્ય પર્દા પર રાખવું. મુખ્ય શિબિરમાં આખો પ્રસંગ બને છે. ઇલા યુવાન કોડભરી નવવધુના સ્વાંગમાં. ચંદ્રસિંહ ને અમરસિંહ માંડલિકની વેશભૂષામાં. અમરસિંહ લશ્કરી પોષાકમાં ને શંકર બાલસેવક તરીકે. રાણી સુમિત્રા સુવર્ણથાળમાં કુમારસિંહનું છૂટા વાળસાથે હસતું મસ્તક લઈ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

રાજા વિક્રમનો રાણી સુમિત્રા પર અનન્ય પ્રેમ છે. પ્રેમઘેલો રાજા પ્રેમસાધનાની ધૂનમાં રાજકાજ વિસારી બેઠો છે. રાણી પ્રત્યેના રાજાના પક્ષપાતને પરિણામે, રાણીનાં પિયરિયાંઓએ રાજ્યમાં પગદંડો જમાવ્યો છે. પ્રજા પરદેશી અમલની નાગચૂડથી ત્રાસી ગઈ છે. પ્રેમપિંજરમાં પુરાયલા રાજાને એની પરવા નથી.

રાણીને કાને આ વાત આવે છે. રાણી રાજાને કર્તવ્યચ્યૂત થતો અટકાવવા નિશ્ચય કરે છે. રાજાને કર્તવ્યનું ભાન કરાવવા, પ્રજાનાં દુઃખ ફેડવા, ગમે તે પગલાં લેવા-છેવટે રણે ચઢવા પણ વિનવે છે. રાજા કર્તવ્યને બદલે પ્રેમનું વધુ મૂલ્યાંકન કરે છે.

રાજાની સાન ઠેકાણે આણવા, રાણી પોતાના ભાઈની કુમક મેળવવા વિદાય થાય છે. ઊંધી સમજથી રાજાનો વૈરાગ્નિ પ્રજ્વલિત થાય છે. એની જ્વાલાઓ કાશ્મીરને ભસ્મીભૂત કરે છે. રાજા કુમારસિંહને ભૂગર્ભવાસી બનવું પડે છે. એનાં અંગત સ્વજનો પણ રાજા વિક્રમના પક્ષમાં ભળી જાય છે. એનો માંડલિક ત્રિચૂરનો સરદાર અમરસિંહ પણ વિજેતાને કન્યા દેવા અધીરો બને છે. ત્રિચૂર કન્યા ઇલા કુમારસિંહની સ્નેહરાજ્ઞી છે. રાજા વિક્રમ આગળ એની સત્ય કથા પ્રગટ થાય છે. પ્રણયમાં હારેલો રાજા વિક્રમ ઈલાને વિજય અપાવવા તત્પર બને છે. રાણી સુમિત્રા કાશ્મીર જંગ છોડી દેવા રાજાને વિનવે છે. વિક્રમ કુમારસિંહને પરાજિત કરવાની ધૂનમાં છે. સુમિત્રા રાજા કુમારસિંહનું મસ્તક ભેટ લઈ આવે છે. ત્યાં કર્તવ્યપૂર્તિની ઈતિશ્રી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[૧]

[રાજગૃહોદ્યાન : રાજા વિક્રમ ને રાણી સુમિત્રા.]

વિક્રમ : કેમ મોડું થયું, પ્રિયે ?

સુમિત્રા : બીજા કામમાં રુકાવટ થાય જ ને ! છતાં હું ગમે ત્યાં હોઉં પણ તમારી જ છું. મારા રાજા, એ નક્કી માનજો, તમારું ઘર ને તમારી સેવા, એમાં જ હું ગૂંથાયલી હતી ને ગૂંથાયલી રહું છું. તમારાથી અદૃશ્ય છતાં તમારાથી જરા ય દૂર નથી.

વિક્રમ : બળ્યું એ ઘર ને બળી એ સેવા. મને એની પણ ઈર્ષા આવે છે. મારું હૈયું તને એક ક્ષણ પણ અળગી રહેવા દઇ શકે તેમ નથી.

સુમિત્રા : રાજન્. તમારા હૈયે હું પ્રિયતમા છું એ વાત કબૂલ, પણ તમારા સંસારવ્યવહારમાં મહારાણી પણ ખરી જ ને !

વિક્રમ : અરે રે, નિર્બંધ સ્નેહના એ સુખી દિવસો ક્યાં ઊડી ગયા ! પ્રિયે, આપણા એ પ્રથમ મિલને તો આવો કોઇ સંસાર, કોઇ વ્યવહાર, જાગ્યો નહોતો ! અગાધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિથી આપણા અંતરને અજવાળતો આપણા મિલનનો અનુપમ અરુણોદય જ માત્ર આપણે દીઠો હતો. પુષ્પપાંદડી પરનાં ઝાકળબિંદુ સમોવડી લજ્જા તારી નેત્રપલ્લવો પર તરવરતી. આવતી અનિલલહરીથી ફરકતા સાંધ્ય દીપકની જ્યોત જેવી સ્મિતરેખા તારા અધરદ્વય ઉપર ફરકી જતી. પ્રભાત પ્રગટતું ને વિદાય ઘડી આવી ઊભી રહેતી ત્યારનું તારું સ્નેહભર્યું આતુર આલિંગન હજી યે મને યાદ છે. મારાથી તને દૂર લઈ જતાં, પરાણે ઉપડતાં તારાં આળસભર્યાં પગલાં, હજી પણ મારી કલ્પનામાં રમી રહ્યાં છે. રે પ્રિયતમે ! ત્યારે ઘર, સેવા ને તારા આ સંસારવ્યવહારની જંજાળો ક્યાં છૂપાઈ ગઈ હતી ?

સુમિત્રા : પરંતુ ત્યારે તો આપણે કૌમાર્ય પણ વટાવ્યું નહોતું: આજે તો આપણે રાજારાણી બન્યાં છીએ.

વિક્રમ : રાજા અને રાણી ! કેવળ નામ. આપણે તો એથી પણ વધારે છીએ, પ્રણયપંખીડાં !

સુમિત્રા : તમે મારા રાજા છો. મારા પતિ, તમારા પગલે ચાલવા હું હંમેશાં તૈયાર છું. મને તમારા રાજપદથી વધારે ગણી નાહક ન શરમાવો.

વિક્રમ : મારા પ્રેમની તને પરવા નથી ?—

સુમિત્રા : નથી કેમ ? પરંતુ આપના પ્રેમને સંયમિત કરી, મને સત્ય પ્રેમમાં સ્નાન કરવા દો: સત્ય સાદું બની શકે છે એની પ્રતીતિ આપવા દો.

વિક્રમ : સ્ત્રીના હૈયાની મને ગમ પડતી નથી.

સુમિત્રા : ઓ મારા રાજા, મારા માટે આપ સર્વસ્વ ન્યોચ્છાવર કરશો તો, મારું હશે તે ય હણાઈ જશે.

વિક્રમ : એવાં નંકામાં વેણ મારે નથી સાંભળવાં. રાણી, પ્રણયઘેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંખીડાં જ માળામાં શાન્ત રહે છે. તમારા બોલ આમ નકામા વેડફી ન મારો. તમારા અધરદ્વય પર તાળું દો.

[પરિચારક પ્રવેશ કરે છે]

પરિચારક : રાજ્યના કોઈ ગંભીર પ્રશ્નની ચર્ચા કરવા પ્રધાનજી પધારે છે.

વિક્રમ : હમણાં નહિ. અત્યારે ગંભીર પ્રશ્નો માટે ફુરસદ નથી.

[પરિચારક બહાર જાય છે.]

સુમિત્રા : રાજાજી, પ્રધાનજીને બોલાવો.

વિક્રમ : એવી શી ઉતાવળ છે ? રાજ્યના પ્રશ્નોનો ગમે ત્યારે નિકાલ થશે. આવો મધુર વિરામ મનુષ્યને ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. માનવહૈયાં કુસુમકોમળાં ને ક્ષણભંગુર છે. વળી ધર્મથી વિરામ એ ધર્મનું જ એક અંગ છે.

સુમિત્રા : કૃપા કરી આપ રાજકાજમાં ધ્યાન આપો. અત્યારે એની બહુ જ જરૂર છે.

વિક્રમ : ઓ નિર્દય પ્રમદા, તારી પ્રીતિ પરાણે પ્રાપ્ત કરવા હું તારી પૂંઠે લાગ્યો છું, એમ તું માને છે ? બિંદુ બિંદુ માટે મારે તલસાટ ભર્યાં વલખાં જ મારવાનાં છે ? ના. ના. એ નહિ બને.

[બહાર ચાલ્યા જાય છે.]

[રાજાનો બ્રાહ્મણમિત્ર દેવદત્ત પ્રવેશ કરે છે]

સુમિત્રા : બહાર આ કોલાહલ શાનો છે ?

દેવદત્ત : કોલાહલ ! આજ્ઞા આપો, મહારાણી ! સૈનિકો લઈ એ ક્ષુધાતુર નિનાદનું તાત્કાલિક નિવારણ કરું. તમે કહો એટલી જ વાર.

સુમિત્રા : સીધી વાત કરો. દેવદત્તજી, શું થયું છે ? શી વાત છે ?

દેવદત્ત : કશું જ નથી. માત્ર ભૂખ ને દારિદ્રે પ્રગટાવેલી ગ્રામ્ય ભૂખથી બહાર દુકાળિયાં ટોળે મળ્યાં છે. આપના રાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહોદ્યાનની સુખી ને તંદ્રસ્થ કોકિલા એ કોલાહલથી ચમકી ઊઠે છે, નહિ વારુ ?

સુમિત્રા : પણ ક્ષુધાપીડિત છે કોણ ?

દેવદત્ત : એમનાં કિસ્મત. રાણીજી ! આપણા રાજ્યની ગરીબ પ્રજા આજ વર્ષોથી એક ટંક અનાજે નિભાવી રહી છે: છતાં એમને પૂરા ઉપવાસની ટેવ કેમ નથી પડી, એ જ સમજાતું નથી.

સુમિત્રા : રાજ્યમાં પાક તો ભરપૂર ઊતરે છે. પછી રાજ્યની પ્રજા ભૂખે કેમ મરે ?

દેવદત્ત : ધાન્ય તો જમીનદારોનું છે. એ ગરીબો માટે નથી.

સુમિત્રા ; એટલે ? આ રાજ્યમાં કોઈ રાજા નથી, એમ તમારું કહેવું છે ?

દેવદત્ત : એક નથી, અનેક રાજા છે.

સુમિત્રા : એટલે ? રાજાના અમલદારો કેવી તકેદારી રાખે છે ?

દેવદત્ત : આપના અમલદારોને દોષ દેવાય ? પરદેશથી તેઓ ભૂખડી બારસ જેવા આવે છે: એટલે રાજ્યની પ્રજાને એ શી રીતે ન્યાલ કરે ? એમાં એમનો શો દોષ ?

સુમિત્રા : પરદેશથી ? એટલે ? એ મારાં સગાં છે, તમારું એમ કહેવું છે ને ?

દેવદત્ત : હા મહારાણીજી.

સુમિત્રા : ને જયસિંહ શું કરે છે ?

દેવદત્ત : એ સિંહગઢ સંભાળે છે. ધાન્ય ને કાપડ જેવો તમામ કચરો એ દક્ષતાથી સાફ કરે છે. પ્રજાશરીરે માત્ર ચામડી ને હાડકાં જ બાકી રહે તેવી તકેદારી રાખે છે.

સુમિત્રા : અને શીલ !

દેવદત્ત : એ વ્યાપાર પર નજર રાખે છે. એ વ્યાપારીઓના નફાનો બોજો પોતાના વિશાળ સ્કંધ પર ઉપાડી લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમિત્રા : અને અજીત !

દેવદત્ત : એ વિજયકોટમાં વસે છે. મીઠું સ્મિત કરી, મૃદુલ હસ્તે, એ ભૂમિને પસવારે છે ને જે હાથમાં આવે તે હજમ કરે છે.

સુમિત્રા : શરમ છે. મારા રાજ્યમાંથી મારે જ આ કચરો સાફ કરવો પડશે, ત્યારે જ મારી પ્રજા શાંતિ અનુભવશે. જુઓ, રાજાજી આવ્યા. તમે વિદાય થઈ જાઓ.

[દેવદત્ત વિદાય થાય છે. રાજા પ્રવેશ કરે છે.]

કૃપાનાથ ! મારી પ્રજાની હું માતા છું. એમનું આક્રંદ મારાથી નથી સહેવાતું, બચાવો, રાજાજી બચાવો.

વિક્રમ : હું શું કરું ?

રાણી : તમારી ભૂમિને ભારે મારતા અમલદારોને હાંકી કાઢો.

વિક્રમ : કોને ? અમલદારોને ? ખબર છે એ કોણ છે ?

સુમિત્રા : હા.

વિક્રમ : તારા બંધુઓ છે.

સુમિત્રા : મારી પ્રજા કરતાં મારા બંધુઓ મારે મન રજ માત્ર વધારે નથી. એ લૂટારુઓ છે. આપની છત્રછાયામાં સલામત રહી, એ પોતપોતાનો શિકાર શોધે છે.

વિક્રમ : જયસિંહ, શીલ, અજીત...

સુમિત્રા : એ કોઈ મારા દેશમાં ન જોઈએ.

વિક્રમ : એવો હુકમ થતાં, એ યુદ્ધ આપશે.

સુમિત્રા : તો રણે ચઢજો,

વિક્રમ : પ્રથમ ઘરનો સંગ્રામ તો પતાવું. પછી મારા શત્રુઓને ! પ્રથમ તને તો જીતું ! હમણાં એમાંથી જ મને ક્યાં ફુરસદ છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમિત્રા : તો હું તમારી રાણી છું. તમને ફુરસદ નથી, તો તમારી વતી હું રણે ચઢું. આપણી ગરીબ ને દલિત પ્રજાને હું બચાવું.

[જાય છે.]

વિક્રમ : આમ જ તું મારા હૈયાને કોરી ખાય છે. મહત્તાના એટલા તો ઊંચા શિખરે ચઢીને તું બેસી જાય છે કે હું તને પહોંચી પણ શકતો નથી. તું તારા આરાધ્ય દેવને શોધે છે. હું તારી શોધમાં વૃથા ભમી રહ્યો છું.

[દેવદત્ત પ્રવેશ કરે છે.]

દેવદત્ત : મહારાણીજી ક્યાં ? આપ એકલા ક્યાંથી ? મહારાજ !

વિક્રમ : આ તારાં જ કર્તુક જણાય છે. તું જ રાજ્યની આડી અવળી વાતો કરી, મહારાણીને બહેકાવે છે.

દેવદત્ત : રાજ્ય ને પ્રજા સ્વયં પોતાના વર્તમાન પોકારે છે. એ રાણીના કાને પડ્યા સિવાય રહે ખરા ! એવી અણીની પળ આવી ઊભી છે કે આપના વિરામમાં વિક્ષેપ પડે એની પણ એને પરવા નથી. રાજાજી, મારો ભય રાખવાની કાંઈ જ જરૂર નથી. હું તો રાણીજી પાસે દક્ષિણા લેવા જ આવ્યો છું. મારાં પત્ની છેડાઈ પડ્યાં છે, કારણ કે એનો ભંડાર ખાલી પડ્યો છે ને બાલકો ક્ષુધાથી કકલાણ મચાવી રહ્યાં છે. આપ રોષે ન ભરાશો. હું તો આ ચાલ્યો.

[જાય છે.]

વિક્રમ : મારી પ્રજા સુખી થાય એમ તો હું પણ ઈચ્છું છું. એમને આપત્તિ અને અન્યાય શા માટે ? મનુષ્યોના ક્ષુલ્લક વૈભવો પ્રતિ સમર્થ વ્યક્તિઓ ગીધદૃષ્ટિ શા માટે નાખે છે ?

[પ્રધાન પ્રવેશ કરે છે]

મારા રાજ્યમાંથી તમામ પરદેશી લૂંટારુઓને હદપાર કરો. આજ ક્ષણે. તાકીદનાં પગલાં ભરો. દલિતોના આક્રન્દસૂર સાંભળવા એક ઘડી પણ હું તૈયાર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાન : વર્ષોથી જડ ઘાલી બેઠેલ અનિષ્ટ તુરત જ, આ ઘડીએ જ, દૂર શી રીતે થાય, રાજાજી ?

વિક્રમ : એને જડમૂળથી ઉખેડી નાખો. વૃક્ષને વધતાં સો વર્ષ લાગે, કુહાડીને કાપતાં કેટલી વાર ?

પ્રધાન : પરંતુ કુહાડી ક્યાં ? શસ્ત્રો ને સૈનિકો ક્યાં ?

વિક્રમ : સેનાપતિ ક્યાં ગયો ?

પ્રધાન : સેનાપતિ જાતે જ પરદેશી છે.

વિક્રમ : તો ક્ષુધાર્ત પ્રજાજનોને બોલાવો. સૌને માટે મારા ભંડાર ખુલ્લા મૂકો. ધાન્યના ઢગલા કરી તેમનો આ કકળાટ બંધ કરો. દ્રવ્યનો વરસાદ વરસાવો. એમને રાજ્ય જોઈતું હોય તો તે પણ તેમને સુપ્રત કરવા હું તૈયાર છું. બધું જ શાંતિથી પાર પાડો. કોઈ પણ ભોગે એમને સુખી કરો.

[જાય છે.]

[સુમિત્રા અને દેવદત્ત પ્રવેશ કરે છે.]

પ્રધાન : મહારાણીજી, પ્રણામ.

રાણી : અમારા રાજ્યમાં દુઃખ માઝા મૂકે, એ કદી ન બને.

પ્રધાન : આજ્ઞા, મહારાણીજી !

રાણી : તમામ પરદેશી સરદારોને હાજર થવા ફરમાવો.

પ્રધાન : ફરમાન તો ક્યારનું ય રવાના કર્યું છે. રાજાજી ઈન્કાર કરે એ ભયે, એમને પૂછ્યા વિના જ રાજાના નામે સૌને પાટનગરમાં હાજર થવા કહેવરાવ્યું છે.

રાણી : દૂતો ક્યારે રવાના થયા ?

પ્રધાન : એકાદ મહિનો થયો હશે. પ્રતિક્ષણ એમના ઉત્તરની હું વાટ જોઈ રહ્યો છું, છતાં મને ઝાઝી આશા પડતી નથી.

રાણી : એટલે ? સરદારો રાજાજ્ઞાની અવજ્ઞા કરશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવદત્ત : રાજાજીનાં વેણ તો એક જંગલી ગપગોળા સમોવડાં છે : સરદારો પોતાની ઇચ્છામાં આવે તો રાજાની આજ્ઞા માને, નહિ તો રાજાનાં વેણ પણ હવામાં ઊડી જાય.

રાણી : તમારા સૈનિકો તૈયાર રાખો. પ્રધાનજી, મારા દેશના વતનીઓ તરીકે આ લોકોએ મને જવાબ વાળવો જ પડશે.

[પ્રધાન જાય છે.]

દેવદત્ત : રાણીજી, એ લોકો નહિ આવે.

રાણી : તો રાજા રણે ચડશે.

દેવદત્ત : રાજાજી નહિ લડે.

રાણી : તો હું લઢીશ.

દેવદત્ત : તમે ?

રાણી : હા. હું. કાશ્મીરના મહારાજા કુમારસિંહ મારા ભાઇ છે. એમની કુમકે આ બંડખોરોને હું પૂરા કરીશ. આ લોકો કાશ્મીરનું કલંક છે. ગુરુજી, આ રાજ્યમાંથી હવે મારે અદૃશ્ય થવું જોઇએ. દૂર થવાનો કોઇ માર્ગ દેખાડો. કદાચ ન બનવાનું બને, તો આપનો ધર્મ આપ સમજો છો જ.

દેવદત્ત : ભલે રાજમાતા, હું જાઉં છું.

[જાય છે.]

[વિક્રમ પ્રવેશ કરે છે]

વિક્રમ : તું કેમ જાય છે ? રાણી ! મારી ક્ષુધાર્ત આકાંક્ષા નમ દારિદ્રયમાં તારી આગળ છતી થઇ છે. એથી તુચ્છકાર આણીને તો તું ભાગી જતી નથી ને ?

રાણી : રાજાજી, તમારા હૃદય પર સર્વનો હક્ક છે. એને એકલા ભોગવવા માટે હું સ્વાર્થી નહિ બનું.

વિક્રમ : સાચ્ચે જ રાણી, હંમેશાં તું ગિરિશૃંગે જ વિહરવાની ને મારે નીચે ધૂળમાં જ આળોટવાનું ? ના, મારી શક્તિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને વિશ્વાસ છે. મારી પ્રકૃતિમાં અથાગ જોમ ભર્યું છે : એને તારી પ્રેમકેડીએ વાળ્યું છે, એટલું જ.

સુમિત્રા : તો મને ભૂલી જાઓ, રાજાજી, મારો તિરસ્કાર કરો. વીરતાથી હું એ વેઠી લઈશ. એક સ્ત્રીની મોહજાળમાં તમારા પુરુષત્વનું બલિદાન ન આપો.

વિક્રમ : પ્રેમની કેવી બેકદર ! એક કાતીલ છૂરીની પેઠે તારી બેપરવાઈ મારું હૈયું કોરી કાઢે છે એમાંથી નિગળતો મારો લોહિયાળ પ્રેમ જગતને પ્રત્યક્ષ થાય છે : અરે ધૂળમાં રગદોળાય છે.

સુમિત્રા : પ્રાણનાથ, આપને પગે પડું છું. આપે વારંવાર આપની રાણીને ક્ષમા કરી છે. આજે હું નિષ્કલંક છું છતાં, આટલો રોષ શાને ?

રાજા : ઊભી થા. પ્રિયે, એક વાર મારા હૈયામાં સમાઈ જા. એક ક્ષણભર મને જગતની સર્વ જંજાળો વિસરી જવા દે. તારા બાહુપાશમાં, એક માત્ર તારી જ દિલ–દુનિયામાં, મને વિલીન થવા દે.

[બહારથી એક અવાજ—રાણીજી]

સુમિત્રા : હાં દેવદત્ત ! શી ખબર છે ?

[દેવદત્ત પ્રવેશ કરે છે.]

દેવદત્ત : એ પરદેશી પ્રાંતપતિઓએ રાજાજ્ઞાની અવજ્ઞા કરી છે. તેઓ બળવો જગાવવા તૈયાર થયા છે.

સુમિત્રા : સાંભળ્યું, રાજાજી ?

વિક્રમ : દેવદત્ત, આ મંત્રણાગૃહ નથી : રાજગૃહોદ્યાન છે.

દેવદત્ત : અમારા રાજાને મંત્રણાગૃહમાં પધારવાની ક્યાં ફુરસદ છે ? ને મંત્રણાગૃહ રાજગૃહોદ્યાન નથી, એટલે શું થાય ?

રાણી : એ નીચ કૂતરાઓએ પોતાના રાજાના ટૂકડા ખાઈને શરીર વધારી જાણ્યું છે. આજે તે પોતાના તારણહારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ ભસવા તૈયાર થયા છે ? રાજાજી, હવે આપને મંત્રણા ગૃહમાં જવાનો સમય આવી લાગ્યો છે. આ કારમી ક્ષણે પણ આપને કર્તવ્યમાર્ગની ઝાંખી નથી થતી ? જાઓ. આપના સૈનિકો લઈ એ દુષ્ટ બંડખોરોને નિર્મૂળ કરો.

વિક્રમ : પરંતુ સેનાપતિ પરદેશી છે, તેનું કેમ ?

રાણી : આપ છો ને ? સેનાપતિનું શું કામ છે ? આપ જ સુકાન સંભાળી લો.

વિક્રમ : હું જ તારી નજરે ચડ્યો છું, નહિ વારુ ? રાણી, હું જ તને કંટક સમો ખૂંચી રહ્યો છું ? કોઈ દુઃસ્વપ્ન પેઠે, મને અળગો કરવા તું હરહંમેશ મથે છે ? પણ આજે હું એક તસુ પણ ખસવાનો નથી. હું સંધિનું કહેણ મોકલીશ. સરદારોને મનાવી લઈશ. સમજ્યાં. રાજ્યમાં આ બધું તોફાન કોનું છે ? જાણો છો ? એક ઘાલાણ અને એક સ્ત્રીએ દરમાં સૂતેલા સાપને છંછેડવા જ આ કાવત્રું કર્યું છે. જાતે રક્ષણ કરવા અશક્ત હોય તે બીજાને આપત્તિમાં મૂકવા અતિશય અવિચારી હોય છે.

રાણી : ઓ કમનસીબ ભૂમિ, તારી રાણી પણ તારા જેટલી જ કમનસીબ છે.

(ચાલવા માંડે છે.)

વિક્રમ : ક્યાં જાય છે ?

રાણી : આપનાથી દૂર.

વિક્રમ : મારાથી દૂર ?

રાણી : હા. બંડખોરોને યુદ્ધ આપવા.

વિક્રમ : પ્રિયતમે ! પ્રાણેશ્વરી ! મારી પણ મજાક ?

રાણી : મને વિદાય આપો.

રાજા : વિદાય ! તને વિદાય કેવી ? તને જવાની બિલકુલ રજા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણી : હવે એક ક્ષણ પણ હું અહીં રહી શકું તેમ નથી: મારે કારણે આપ નિર્માલ્ય બનો, એ મને કદી પાલવે નહિ.

રાજા : તો જા. માનિની, જા. હું કદી તને પાછી બોલાવીશ નહિ. મારી હવે કશી યે આશા ન રાખીશ.

[રાણી જાય છે.]

દેવદત્ત : રાણીને એકલાં જવા દો છો?

રાજા : એ ક્યાં જવાની છે? મને એનામાં શ્રદ્ધા નથી.

દેવદત્ત : આપની ભૂલ થાય છે.

રાજા : અરે, આ તો ત્રિયાચરિત્ર છે. દેવદત્ત, તમે એમાં ન સમજો. મને પ્રવૃત્તિમાં પ્રેરવા તમારાં રાણીજીની આ બધી દમદાટી છે. એની રીત મને પસંદ નથી. મારા સ્નેહ સાથે એ રમત રમે છે. પણ એ જરૂર પાછી પડશે, પસ્તાશે. પ્રેમ રાજા માટે નથી, એ પાઠ આજે મારે શીખવાનો? ને તે ય એક સ્ત્રી પાસેથી? દેવદત્ત, છેક નાનપણથી તું મારી પડખે ઉછર્યો છે. હું રાજા છું, એ વાત એક ક્ષણ ભર ભૂલી જા. મારું પણ માનવદિલ છે. અને એ દિલમાં પણ દર્દ છે. એ રીતે વિચાર કર.

દેવદત્ત : મારું હૈયું આપને ચરણે છે. બન્ધુ, આપનો પ્રેમ તો શું પણ આપનો રોષ પણ મારે શિરસાવંદ્ય છે.

રાજા : તો ય મારા માળામાં આ નાગને મોકલે છે?

દેવદત્ત : નાગ? હું નાગ નથી મોકલતો. આપના ઘરને તો આગ લાગી છે. હું તો માત્ર તેની ખબર કહેવા આવ્યો છું. આપને જાગ્રત કરવા આવ્યો છું એ મારો દોષ હોય તો હું નિરુપાય છું.

રાજા : જાગ્રત થઈને શું કરવાનું? દેવદત્ત, આ સૃષ્ટિમાં બધું જ સ્વપ્નવત હોય તો, હું પણ એક નાનકડું શમણું ઝીલી, શા માટે ખૂણે ન લપાઈ જાઉં? આજથી પચાસ વર્ષ પછી, આજનાં સુખદુઃખ કોણ વિચારવાનું છે? જા, દેવદત્ત, મારા દર્દના રાજસી એકાન્તમાં મને એકલો જ મરવા દે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

(એક વિદેશી દરબારી પ્રવેશ કરે છે)

દરબારી : અમે તો રાણીજી સાથે આપના રાજ્યમાં આવ્યા હતા. રાજાજી, અમારો ન્યાય કરો.

રાજા : શાનો ન્યાય ?

દરબારી : અમે વિદેશી છીએ એટલા જ કારણથી, આપને ઉસ્કેરી મૂકવામાં આવ્યા છે.

રાજા : સત્ય શું છે એ તો કોણ જાણે ? પણ જ્યાં સુધી હું તમારામાં વિશ્વાસ મૂકું છું, એટલી ઘડી પણ તમે જંપીને બેસી રહેતા નથી. કાયરોના વહેમ દિલમાં ચિનગારીઓની પેઠે પ્રસરે છે. એવા કોઈ વહેમથી પ્રેરાઈ, મેં તમારું અપમાન કર્યું છે ? મને રાજદ્રોહનો ડર નથી. એને ચરણ નીચે ચાંપી દેતાં મને વાર નહિ લાગે. પરંતુ દિલનું દારિદ્ર પોષતાં મને ડર લાગે છે. જાઓ.

[દરબારી જાય છે.]

[પ્રધાન ને દેવદત્ત પ્રવેશ કરે છે]

પ્રધાન : રાણી અશ્વારુઢ થઈ વિદાય થયાં, કૃપાનાથ !

રાજા : મહેલમાંથી ?

પ્રધાન : હા, રાજાજી !

રાજા : એને રોકી કેમ નહિ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાન : એ તો છૂપે માર્ગે ચાલ્યાં ગયાં.

રાજા : તમને કોણે કહ્યું ?

પ્રધાન : રાજપુરોહિતે. રાજમંદિર આગળથી પસાર થતાં પુરોહિતે એમને જોયાં હતાં.

રાજા : પુરોહિતને બોલાવો.

પ્રધાન : પણ રાણીજી બહુ દૂર નહિ ગયાં હોય. હજી હમણાં જ તે ગયાં, હજી પણ એમને પાછાં વાળી શકાશે.

રાજા : એને પાછા વાળવાની જરૂર નથી. એ ગઈ એ જ ગંભીર પ્રશ્ન છે. મારો ત્યાગ!!!—રાજાનો ત્યાગ ? રાજાના સૈનિકો, કિલ્લાઓ, કારાગૃહો, ને લોહકડીઓ, એક સ્ત્રીના હૈયાને પણ કબજે રાખી શક્યાં નહિ !

પ્રધાન : અરે રે, રાજાજી, બન્ધ તૂટતાં પ્રલયપૂર પેઠે આપત્તિ ચોમેરથી તૂટી પડશે એમ લાગે છે.

રાજા : આપત્તિ ! ના. ના. લોકોની જિહ્વાઓને એમના વિષવમનનું ફલ મળશે, એમ કહો.

દેવદત્ત : (સ્વગત) ગ્રહણને દિવસે કાચના ટુકડા પર મેંશ લગાડી, લોકો ખરા મધ્યાહ્નને પણ સૂર્યદર્શન કરી શકે છે. મહારાણી, તમારા નામ પર ગમે તેટલી ધૂળ ઉરાડવામાં આવશે, છતાં તમારી વિરલ જ્યોતિ તો સ્વયંપ્રકાશ પેઠે સદા ય ઝળહળતી જ રહેશે.

રાજા : (પ્રધાનને) પુરોહિતને બોલાવો.

[પ્રધાન જાય છે.]

) હજી પણ રાણીની પાછળ જઈ તેને મનાવી લાવું. પરંતુ શું આ મારું નિત્યકર્મ છે ? એ હંમેશાં મારાથી અળગી રહે અને એના ઉડતા હૈયાની પાછળ પાછળ હું ભમ્યા કરું ? ઓ કમનસીબ મહિલા, જા. તું ભાગતી ફર . . રાત ને દિવસ . .

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર ને પ્રેમથી દૂર . . દૂર . . . શાંતિ વિહોણી . . એકલી . . અટુલી . .

[પુરોહિત પ્રવેશ કરે છે.]

જાઓ, મારે કશું કામ નથી.

[પુરોહિત પાછો ફરે છે.]

પુરોહિત, આમ આવો, કહો, રાણી મંદિરે પ્રાર્થના કરવા આવી હતી ? એના નયનમાં આંસુ હતાં ?

પુરોહિત : ના જી. રાણીજી અશ્વારુઢ થઈને આવ્યાં હતાં. તેમણે એક ક્ષણ પોતાનો અશ્વ થંભાવ્યો. મંદિર તરફ વળી વંદન કર્યું ને વિદ્યુતવેગે વિદાય થયાં. એમની આંખોમાં આંસુ હતાં કે નહિ તે હું કહી શકું નહિ. મંદિરના દીપકનો પ્રકાશ ઝાંખો હતો, રાજાજી !

રાજા : એની આંખમાં આસું ? શું કહો છો ? પુરોહિતજી ? એવા કલ્પના પણ અશક્ય છે. જાઓ.

[પુરોહિત જાય છે.]

ઓ પ્રભુ, એને હું ચાહું છું એ જ મારો વાંક છે. તમે જાણો છો ! પ્રભુ, એને માટે હું મારું રાજપાટ તો શું ? પણ સ્વર્ગ ત્યાગી દેવા પણ તૈયાર છું. છતાં ફક્ત એ જ મને દગો દે છે !

[પ્રધાન પ્રવેશ કરે છે.]

પ્રધાન : એની પાછળ મેં અશ્વ દોડાવ્યા છે.

રાજા : કાંઈ જરૂર નથી. શમણું ઊડી ગયું છે. તમારા દૂતો એને ક્યાં શોધશે ? જાઓ, લશ્કર તૈયાર કરો. હું જાતે રણે ચડીશ ને દેશમાં ઉઠેલું આ પરદેશી બંડ દાબી દઈશ.

પ્રધાન : આજ્ઞા, મહારાજ.

[જાય છે.]

વિક્રમ : દેવદત્ત, આમ મૂઢ જેવો શું બેઠો છે ? ચોર છટકી ગયો છે. લૂંટ પડી રહી છે. મારું સ્વાતંત્ર્ય મેં પાછું ઝડપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધું છે. મારી આ ધન્ય ઘડી છે. ના. ના. બંધુ, આ બધું ખોટું છે. દુઃખથી મારું હૈયું ચિરાઈ જાય છે.

દેવદત્ત : દુઃખનો વિચાર કરવા આપને ફુરસદ જ નહિ મળે .. સ્નેહ માટે પણ સમય મળવાનો નથી. તમારું જીવન એક કર્તવ્યપંથ બની રહેશે. તમારું રાજહૃદય વિજય-માર્ગે પ્રયાણ કરશે.

વિક્રમ : પરંતુ હજી યે મારું હૈયું મને બંધનમુક્ત નથી જણાતું. હજી યે મને લાગે છે કે એ પાછી આવશે. દુનિયા એની નથી, એવી ખાત્રી થતાં જ એ પાછી ફરશે. નારીનું જગત માત્ર પુરુષનું હૈયું જ છે. એ હકીકત એને સમજાશે. એકલવાયા દિલને પડેલી ખોટ સાલશે ત્યારે જ એને સાચો ખ્યાલ આવશે. એનો બધો ય ગર્વ ગળી જશે. એ જરૂર પાછી આવશે. એવડી તીવ્રતાથી મારું સંવનન આરંભશે, ત્યારે જ મારો સાચો વિજય થશે.

[પરિચારક પ્રવેશ કરે છે.]

પરિચારક : રાણીજીનો પત્ર છે.

[પત્ર આપી વિદાય થાય છે.]

રાજા : શરૂઆત થઈ.

[પત્ર વાંચે છે]

બસ ! એ જ લીટી ! ! પોતે ભાઈ પાસે કાશ્મીર ગઈ છે, ભાઈ ની મદદ લેવા. રાજ્યનું બંડ દાબી દેવા. છટ્ .. કાશ્મીરની કુમક ! ! એ મારું અપમાન છે.

દેવદત્ત : તો વિલંબ ન કરો. એ પાછી વળે તે પહેલાં જ બંડ દાબી દઈ, આપના વેરની તૃપ્તિ કરો.

રાજા : મારું વેર .. ? એના સાચા સ્વરૂપની તો હજી હવેજ તમને ખબર પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



[૩]

[કાશ્મીરમાં તંબુ તાણી વિક્રમ ને સેનાપતિ બેઠા છે.]

સેનાપતિ : આપના રાજ્યના ભલા માટે બે બોલ કહેવા માગું છું. નામવર.

વિક્રમ : કહો.

સેનાપતિ : આપણે દેશનો બળવો દાબી દીધો છે. લગભગ બધા જ બળવાખોરો આપના છત્ર નીચે આવી ગયા છે. પાટનગરમાં આપની જરૂર છે. કાશ્મીરમાં સમય ને સામર્થ્ય બરબાદ કરવાનું હવે કાંઈ જ કારણ નથી.

વિક્રમ : હજી મારું યુદ્ધ પૂરું નથી થયું.

સેનાપતિ : મહારાણીના ભાઈ કુમારસિંહને પોતાની બેનના અપકૃત્ય બદલ પૂરતી શિક્ષા થઈ છે. એનું સૈન્ય વિખરાઈ ગયું છે. એ જાતે છૂપાઈ બેઠો છે. એથી ખાલી પડેલા સિંહાસન પર આરૂઢ થવા, એના કાકા ચંદ્રસિંહ તૈયાર છે. એમને રાજ્યની લગામ સોંપી, આપણે શાંતિથી આ કમનસીબ દેશ છોડી. વિદાય થઇએ.

વિક્રમ : આ દેશને દંડ દેવા હું રોકાયો નથી. સંગ્રામ માટે જ હું અહીં રહ્યો છું. મારે મન સંગ્રામ ચિત્રકારના ચિત્ર સમોવડો છે. એની રેખાએ રેખા મારે પાકી કરવાની છે: એમાં જ્વલંત રંગો પૂરવાના છે. પ્રત્યેક રીતે એને સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવવો છે. જેમ જેમ એ આકાર લેતો જાય છે તેમ તેમ મારું દિલ એમાં વધારે ને વધારે તલ્લીન બનતું જાય છે. અન્ત આવતાં જ હું નિરાંતનો, છૂટકારાનો, દમ ખેંચીશ. વિનાશ માત્ર એનાં સાધન છે. એમાંથી એ આકાર ધારણ કરે છે. એ સર્જન છે. પલાશની રાતી ટશરો સમોવડો એ સુંદર છે. એની પાંદડીએ પાંદડી કુમાશ ભરી ને સંપૂર્ણ છે. છતાં ભેદી તોફાન પેઠે એ તૂટી પડે છે.

સેનાપતિ : આમ રોજ કેમ ચાલે ? મહારાજ, આપને બીજા ધર્મ પણ સંભાળવાના છે. પ્રધાનજીના સંદેશા ઉપર સંદેશા આવી રહ્યા છે. આ સંગ્રામ આપણી માતૃભૂમિ પર વિનાશ ઉતારી રહ્યો છે.

વિક્રમ : મારા બાહુબલથી જે સર્જાય છે એ સિવાય બીજાની મને પરવા નથી. આહ ! કેવું મધુર કૃપાણસંગીત ! પ્રણયના ગાઢ આલિંગન પેઠે, આ સંગ્રામે મારા હૈયાને જકડી લીધું છે. જાઓ, સેનાપતિ, તમારે બીજાં કામ કરવાનાં બાકી હશે. તમારાં સૂચનો તમારી કૃપાણની અણી પર સરસ ચમકશે.

[સેનાપતિ જાય છે.]

આજ સાચી મુક્તિ. મારાં બંધનો આપોઆપ સરી પડ્યાં છે. કેદી શૃંખલામુક્ત થયો છે. પ્રણયની પાતળી મદિરા કરતાં વૈરનો નશો ઘેરો છે. વૈર મુક્તિ છે. મધુરતાનાં ગૂંચવતાં વમળમાંથી એ છૂટકારો આપે છે.

[સેનાપતિ પાછો આવે છે]

સેનાપતિ : કોઈ રથ આપણા તંબુ તરફ આવતો જણાય છે. કદાચ કોઈ શાંતિદૂત હશે, સાથે શસ્ત્રધારી સૈનિકો નથી.

રાજા : સંગ્રામ પછી શાંતિ જ હોય. પરંતુ હજી એ ઘડીની વાર છે. એ સમય હજી પાક્યો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેનાપતિ : પહેલાં દૂતની વાત તો સાંભળીએ.

રાજા : પછી સંગ્રામ.

[એક સૈનિક પ્રવેશ કરે છે.]

સૈનિક : મહારાણીજી અંદર આવવા રજા માગે છે.

વિક્રમ : શું કહ્યું ?

સૈનિક : રાણીજી આવ્યાં છે.

વિક્રમ : કયાં રાણી ?

સૈનિક : આપણાં રાણી, સુમિત્રાદેવી.

રાજા : સેનાપતિ, જુઓ તો, કોણ છે ?

[સેનાપતિ ને સૈનિક વિદાય થાય છે.]

રાજા : આજે ત્રીજી વાર એ આવી છે. કાશ્મીર જોડે જંગ માંડયો ત્યારથી, મને સંગ્રામથી પાછો વાળવા એ મથી રહી છે. પરંતુ આ સંગ્રામ છે, શમણાં નથી. જીવનમાં મનુષ્ય એક જ વાર જાગ્રત થાય છે. જાગ્રત થતાં જ, હવે મારે એનો એ જ રાજગૃહોદ્યાન, એનાં એ જ પુષ્પો અને એનાં એ મહારાણીનાં મુખદર્શન કરવાનાં નથી. રોજદાં દીર્ઘ નિશ્વાસને આછેરાં સ્મિત, હવે મારે ઝીલવાં નથી. હવે એ કાંઈજ બનવાનું નથી. એ મને શૃંખલાબદ્ધ કરવા આવી છે. પણ એ ભૂલે છે. રણસંગ્રામના વિજયચિહ્ન તરીકે મને રાજમહાલયમાં લઈ જવા એ મથે છે. પણ એને ગમ નથી, વર્ષાનાં તુફાનો એમ સહેલાઈથી ન શમે—

[સેનાપતિ પ્રવેશ કરે છે.]

સેનાપતિ : આપણાં મહારાણીજી જાતે જ પધાર્યાં છે. આપને મળવા માગે છે. આપની પરવાનગી વિના હું તેમને અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ કરાવી શકું તેમ નથી. એ પરિસ્થિતિમાં મારું દિલ વલોવાઈ જાય છે.

રાજા : સ્ત્રીને મળવા માટે મને સમય નથી : એવા મિલન માટે આ રણભૂમિ યોગ્ય સ્થાન પણ નથી.

સેનાપતિ : પણ મહારાજ...

રાજા : ના. ના. દ્વારપાલની ચોકી મજબૂત બનાવો. શત્રુઓને બદલે કોઈ સ્ત્રી મારા તંબુમાં ઘુસી ન જાય, એની ખાસ તકેદારી રાખો.

[સેનાપતિ જાય છે.]

[શંકર પ્રવેશ કરે છે.]

શંકર : હું શંકર : મહારાજ કુમારસિંહનો સેવક. આપના તંબુમાં હું કેમ છું, તે કહું ?

રાજા : હું તને ઓળખું છું.

શંકર : આપનાં રાણી આપના તંબુની બહાર ઊભાં છે.

રાજા : એથી પણ દૂર મારી વાટ જોવી પડશે.

શંકર : આપની ક્ષમા માગવા એ આવ્યાં છે એ કહેતાં મને પણ શરમ આવે છે. આપ ક્ષમા કરવા ન માગતા હો તો આપને હાથે એ દંડ સ્વીકારવા પણ તૈયાર છે. સર્વ દોષ પોતાનો જ છે, એ હકીકત તે કબૂલ કરે છે. પવિત્રમાં પવિત્ર વસ્તુના સોગંદ ખાઈ એ પોતાના ભાઈને–પોતાના ભાઈની પ્રજાને–જતા કરવા, આપને વિનંતિ કરે છે.

રાજા : પરંતુ આ સંગ્રામ છે. વળી એ સંગ્રામ પણ એની સાથે નથી; એના ભાઈ સાથે છે. એક સ્ત્રી સાથે દલીલ બાજી કરવાની અત્યારે મને ફુરસદ નથી. પુરુષ તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું પણ સારી રીતે સમજે છે કે, સાચી કે ખોટી રીતે, એક વાર સંગ્રામ શરૂ થયો, તે પૂરો કર્યે જ છૂટકો.

શંકર : પરંતુ આપ તો એક સ્ત્રી સાથે સંગ્રામ ખેલી રહ્યા છો. આપની જ રાણી સાથે! અમારા રાજા તો માત્ર તેમની પડખે જ રહ્યા છે. ભાઈ રહ્યા એટલે છૂટકો નહિ. ઘરખાનગી ઝઘડાને સંગ્રામનું સ્વરૂપ આપવું એમાં પુરુષત્વ ક્યાં આવ્યું ? આપ જેવા રાજાને એ શોભે પણ શી રીતે ? વરવહુના ઝઘડામાં દેશદેશાવરના સંગ્રામ તે ખેડાતા હશે ?

રાજા : તારી જીભ કાતીલ બનતી જાય છે. સાવધાન, મારા નામે રાણીને કહે કે, એના ભાઈ મહારાજા કુમારસિંહ પરાજય કબૂલી અમારે શરણે આવશે પછી જ, માફીની વાત ચર્ચવામાં આવશે.

શંકર : પ્રભાતનો સૂર્ય પશ્ચિમની ક્ષિતિજ ચૂમે, એવી એ વાત છે. મારા રાજા જીવતા કદી આપના હાથમાં આવશે નહિ : એમનાં બહેન એવું કદી નહિ થવા દે.

રાજા : તો સંગ્રામ બંધ નહિ થાય. વીરતાની પણ હદ હોય છે. એ હદ આવી રહે પછી, વીરતા મટી મૂર્ખતા બને છે. તમારા રાજા કદી છટકી શકે તેમ નથી. મેં ચોમેરથી એમને ઘેરી લીધા છે. એ સારી રીતે સમજે છે.

શંકર : એમાં ક્યાં પોલ છે એ પણ એમને વિદિત છે.

રાજા : એટલે ?

શંકર : મૃત્યુ. એ વિજયી રાજમાર્ગે એ આપના હાથમાંથી છટકી શકશે. હું એમને બરાબર ઓળખું છું. એ રીતે એમના વૈરની પૂર્ણાહુતિ થશે, એની મને ખાત્રી છે.

[જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પરિચારક પ્રવેશ કરે છે.]

પરિચારક : મહારાજ કુમારસિંહના કાકા અને કાકી, મહારાજ ચંદ્રસિંહ અને તેમનાં પત્ની રેવતી, આપને મળવા માગે છે.

રાજા : ભલે આવે.

[ચંદ્રસિંહ અને રેવતી પ્રવેશ કરે છે.]

રાજા : અભિવંદન મહારાજ !

ચંદ્રસિંહ : દીર્ઘાયુ થાઓ.

રેવતી : આપનો જય થાઓ.

ચંદ્રસિંહ : કુમારસિંહને આપ શો દંડ દેવાના છો ?

રાજા : શરણે આવે તો જીવતદાન–ક્ષમા.

રેવતી : બસ ? ક્ષમા જ ધ્યેય હોય તો આટલી બધી તૈયારી શાને ? રાજા બાલક નથી. સંગ્રામ બાલકના ખેલ પણ નથી.

વિક્રમ : લૂંટવાનું કાર્ય તો મારું હોય જ નહિ. પ્રત્યર્પણમાં જ મારું ગૌરવ છે. રાજમુગટ ધારણ કરનારનું અવમાન હોય ?

ચંદ્રસિંહ : બેટા, એને ક્ષમા કર. હજી એની વય કાચી છે. એનું જ્ઞાન અધૂરું છે. ગાદી પરથી એનો હક છિનવી લે. એને દેશવટો દે. ફક્ત પ્રાણદંડ નહિ.

રાજા : એનો પ્રાણ લેવા મેં કદી યે ઇચ્છા કરી નથી.

રેવતી : તો આ લશ્કર શા માટે ? આ શસ્ત્રસામગ્રી શું કરવા ? આપ સૈનિકોને સંહારો છો. એ સૈનિકોએ આપનું કાંઈ જ બગાડયું નથી. જે સાચો ગુનેગાર છે એને તો આપ સજા કરતા નથી.

વિક્રમ : [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રસિંહ : તદ્દન સાદી વાત છે. અમારા દેશને મુશ્કેલીમાં મૂકવા બદલ, અમારી પ્રજા કુમારસિંહ પર રોષે ભરાઈ છે. આપ તો અમારા નજીકના સગા છો. અમારે આપને શા માટે ક્રોધાન્વિત કરવા જોઈએ ?

વિક્રમ : એ શરણે આવશે ત્યારે જ ન્યાય ચૂકવાશે.

રેવતી : અમે એને છૂપાવ્યો છે એવી શંકા પણ આપ કરશો નહિ, એટલું જ અમે કહેવા આવ્યાં છીએ. બધો દોષ પ્રજાનો છે. એમના ભંડાર લૂંટાવી દો. એમનાં ગામડાં જલાવી દો. ભૂખે હેરાન પરેશાન કરી નાખો. એટલે પ્રજા રાજાને સોંપી દેશે.

ચંદ્રસિંહ : ધીમે, જરા ધીમે, રાજમહેલમાં કાશ્મીરી સ્વાગત આપની વાટ જુએ છે.

રાજા : આપ પધારો. હું આપની પાછળ જ આવું છું.

(જાય છે.)

આ નર્કાનલની રાતી જ્યોત સ્ત્રીહૃદયના લોભ અને ધિક્કારની પ્રતિક છે. એના વદનમાં મારા વદનનું પ્રતિબિમ્બ મને જણાયું, કોઈ અગમ્ય અગ્નિશિખાએ આલેખેલો રક્તરેખાઓ મારા ભાલ પ્રદેશ પર આલેખાઈ રહી છે ! કોઈ ખુનીના ખંજરની અણી પેઠે મારા અધરદ્વય ભીડાઈ કેમ રહ્યા છે ? ના. મને તો યુદ્ધની લગની લાગી છે. ત્યાં લોભ કે નિષ્ઠુરતાને સ્થાન જ નથી. પ્રણયની જ્યોત જેવી એ જ્વલંત ચિનગારી છે. એને સંયમ નથી. મૂલ્યાંકન નથી. એ જાતે જલે છે ને એને સ્પર્શનારને પણ જલાવી દે છે. ક્યાં તો જ્યોત પ્રગટે છે કે રક્ષા છવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પરિચારક પ્રવેશ કરે છે.]

પરિચારક : દેવદત્ત અંદર આવવા રજા માગે છે.

રાજા : દેવદત્ત! આવવા દો. ના. ના. જરા વિચાર કરવા દે. એને હું ઓળખું છું. રણભૂમિ પરથી એ મને પાછો વાળી જવા આવ્યો છે. એણે જ સરિતાતટ સુરંગે ઉડાવ્યાં છે. હવે જલપ્રવાહ ફરી વળ્યો છે, એટલે ક્ષેત્રોને પાણી મળે એવી સાધુહૃદયે એ પ્રાર્થના કરી રહ્યો છે, ખૂણે લપાઈ બેઠો છે. પરંતુ પાણીનું એ ઘોડાપૂર નિજનિવાસ-સ્થાન ધોઈ નાખી, દેશમાં જલપ્રલય નહિ કરે ? પ્રલયાનંદ અંધ છે. એનું જીવન ટૂંકું છે. ભયંકર છે. ત્વરાથી એ લૂંટ હસ્તગત કરે છે. ગાંડા હાથીની પેઠે સરોવરમાંથી કમલ-વૃંદ ઉખેડી નાખે છે. એને જ્ઞાન આવશે પણ ઘણું જ મોડું. ત્યારે શક્તિનો સુસવાટ ઓસરી ગયો હશે. અત્યારે દેવદત્તને મળવાનું કામ નથી.

[ત્રિચૂર ગિરિવૃંદોનો સરદાર અમરસિંહ પ્રવેશ કરે છે]

અમરસિંહ : હાજર છું. રાજન્, આપે મને બોલાવ્યો ?

રાજા : તમે અહીંના સરદાર ?

અમરસિંહ : હા જી. હું ત્રિચૂરનો સરદાર. આપ રાજાધિરાજ છો. હું આપનો સેવક છું. મારે એક દીકરી છે. ઈલા. એ યુવાન ને સુંદર છે. આપના અન્તઃપુરને શોભાવશે એમ કહું તો, મને મિથ્યાભિમાની ન માનશો. એ બહાર ઊભી છે. અનુજ્ઞા આપો. કુસુમભૂમિના એ શ્રેષ્ઠ ઉપ-હારને આપ સમક્ષ હાજર કરૂં.

દાસી સાથે ઈલા પ્રવેશ કરે છે.]

રાજા : અહો, એક ક્ષણ પહેલાં શ્યામ રજની છવાયલી હતી. ત્યાં, ઉષાની ચમક ક્યાંથી ઊગી નીકળી ? આવ, બાલે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેં તો, આ રણસંગ્રામ છે, એ વાત જ વિસરાવી દીધી. રણદેવતાના હૈયાને ભેદવા કાશ્મીરે અન્તે અમોઘ શસ્ત્ર છોડયું ખરું ? અત્યાર સુધી મારાં નયન અરણ્યમાં રઝળી રહ્યાં હતાં. અંતે એમને સફળતા સાંપડી ખરી ! આમ મૌન કેમ ઊભી છે ? બાલે ! તારાં નેત્રો ધરણીએ કેમ ઢળ્યાં છે ? તારાં અંગમાં દર્દની ધ્રૂજારી કેમ જણાય છે ?

ઈલા : આપ મહારાજા છો. છતાં આપના હૈયામાં કુમાશ છે. આપની નામના મારે કાને આવી છે. મારી એક પ્રાર્થના સ્વીકારશો ?

[ચરણસ્પર્શ કરે છે.]

રાજા : ઊભી થા, સુંદરી ! આ ધરણી તારા ચરણસ્પર્શ માટે યોગ્ય નથી. આમ ધૂળમાં ચરણે પડવાની જરૂર પણ નથી. તારી ઈચ્છામાં આવે તે માગ. હું ના નહિ કહું.

ઈલા : મારા પિતાજીએ મને આપને સોંપી છે. આપના વૈભવનો પાર નથી. આપનો સામ્રાજ્ય વિસ્તાર અખૂટ છે. આપ પાછા જાઓ ને મને આ ધૂળમાં જ આળોટતી રહેવા દો. હું મારી જાત પાછી માગું છું. એટલી જ મારી વિનંતિ છે. આપને આપવા જેવું મારી પાસે કશું જ નથી.

રાજા : સાચ્ચે જ ? કશું નથી ? તો સાંભળ, બાલે ! મારી પાસે પણ કશું નથી. મારું હૈયું ચીરી, હું તને શી રીતે ખાત્રી કરાવું કે એનો વૈભવ કયો છે ? એનું સામ્રાજ્ય ક્યાં છે ? અત્યારે તો મારું હૈયું ખાલી છે. મને સામ્રાજ્યની પડી નથી. એક તું–

ઈલા : મારું જીવન આપના હાથમાં છે. જંગલમાં મૃગયા ખેલતાં આપ બાણથી જેમ મૃગનો જીવ લો છો એમ, મારો જીવ આપવા હું તૈયાર છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા : પણ શા માટે? બાલે, મારા માટે એટલો બધો તુચ્છકાર શા માટે? તારા માટે હું એટલો બધો નાલાયક છું? મારા બાહુબલથી મેં સામ્રાજ્યો જીત્યાં છે તો તારૂં હૃદય હું નહિ જીતી શકું?

ઈલા : પણ મારું દિલ મારું નથી. એ તો કચારનું ય અપાઈ ગયું છે. અમારા પ્રાચીન અરણ્યના વટવૃક્ષની છાયામાં, મને એક વાર એ મળ્યા હતા. આજ મહિનાઓ થયાં એમણે વિદાય લીધી છે. જતી વખતે એમણે વચન આપ્યું હતું, છતાં હજી એ પાછા વળ્યા નથી. દિવસો વીતે છે. હું એમની વાટ જોઉં છું. અરણ્યની શૂન્યતા ઘેરી બને છે. એ પાછા વળશે ને મને નહિ જુએ તો? એ આવે ને પાછા વળી જાય અને એ અધુરા પ્રણયમિલન માટે વનવૃક્ષોને પણ અનંતકાળ સુધી વાટ જોવી પડે તો? રાજાજી, મને આપની સાથે ન લઈ જશો. એમને માટે મને અહીં જ રહેવા દો. પુનર્મિલનની આશાએ જ એ મને પાછળ મૂકી ગયા છે.

વિક્રમ : કેવો ભાગ્યશાળી પુરુષ! પરંતુ બાલે, દેવો આપણા સ્નેહની ઈર્ષા કરે છે. મારી એક છૂપી વાત તને કહું. એક એવો પણ દિવસ હતો કે જ્યારે મને જગતની પરવા નહોતી. હું પણ મારા પ્રણયાનંદમાં ડૂબી ગયો હતો. મારા શમણાંમાંથી હું જાગ્યો. જગત મોજુદ હતું. મારો સ્નેહ ફક્ત પાણીના પરપોટા પેઠે ફૂટી ગયો હતો. તું જેની વાટ જુએ છે એનું નામ તો કહે, ભલા!

ઈલા : એ કાશ્મીરનો મહારાજા છે. લોકો એને કુમારસિંહ કહે છે.

વિક્રમ : કુમારસિંહ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈલા : આપ ઓળખો છો ? હાં પણ, એમને કોણ નથી ઓળખતું ? સમગ્ર કાશ્મીરે એમની પાછળ પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા છે.

વિક્રમ : કુમારસિંહ ! કાશ્મીરના રાજા ?

ઈલા : જી. આપના એ મિત્ર જ હશે.

વિક્રમ : પરંતુ એના ભાગ્યનો સૂર્યાસ્ત થયો છે. એની આશા છોડી દે. આજે એની દશા સપડાયલા શિકાર જેવી છે. એક છૂપા સ્થાનથી બીજે સ્થાને એને સંતાવું પડે છે. આ ગિરિશૃંગોનો ગરીબમાં ગરીબ પ્રજાજન આજે એના કરતાં વધારે સુખી છે.

ઈલા : આપની વાત મને નથી સમજાતી, રાજાજી.

વિક્રમ : તમે સ્ત્રીઓ, તમારા હૈયાના એકાન્તમાં ભરાઈ બેસી, સ્નેહાર્ચન કર્યા કરો છો. જગતનો મહાઘોષ તમારી પડખે થઈ, કેવી રીતે પસાર થઈ જાય છે, એની તમને ગમ નથી. અમે પુરુષો એના તરંગોમાં આમ તેમ ઘસડાઈએ છીએ. તમે તમારાં વિષાદભર્યાં વિશાળ ચક્ષુઓમાં આંસુ આણો છો. સતત નિરીક્ષણ કરતાં સ્નેહીની વાટ જુઓ છો, આશાના નાજુક તંતુને વળગી રહો છો, પણ મારું તમને એમ કહેવું છે કે તમે નિરાશાને પણ જરા સમજતાં શીખો તો સારું.

ઈલા : સાચું કહો, રાજન્, મને ઠગશો નહિ. હું આપની આગળ એક ક્ષુદ્ર જીવ છું. પરંતુ એમની હું સર્વસ્વ છું. મારો એ સ્નેહી ક્યા અનામી જંગલોમાં રઝળી રહ્યો છે ? મારા ઘરમાંથી મેં હજી બહાર પગ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકયો નથી છતાં, હું એને પગથારે પગથારે શોધીશ. હું વનવનનાં વૃક્ષે વૃક્ષે ઘૂમીશ, કેડીએ કેડીએ રઝળીશ. મને એમનું નિવાસસ્થાન બતાવો.

વિક્રમ : એના શત્રુના સૈનિકો એની પૂંઠે પડયા છે, એનું હવે આવી બન્યું છે.

ઈલા : પરંતુ આપ તો એના મિત્ર છો ને? આપ એને નહિ બચાવો ? એક રાજા ભયમાં છે. આપ રાજા છો. એક રાજાને બીજા રાજા સહાય નહિ કરે તો કોણ કરશે? આખું જગત એને ચાહતું હતું. આજે એની કમનસીબીના ટાણે એ બધા ચાહનાર કયાં જતા રહ્યા? રાજન્, તમારું સામર્થ્ય અગાધ છે. એક મહાન આત્માને બચાવવામાં એ સામર્થ્ય નહિ વપરાય તો, એ શા કામમાં આવશે? એની કટોકટીની પળે, તમે શી રીતે આમ અળગા રહી જ શકો ? મને રસ્તો બતાવો. એને માટે હું પ્રાણાર્પણ કરવા તૈયાર છું. એક નિર્માલ્ય અબલા છું, છતાં ય.

વિક્રમ : ભલે, પ્રણયની વેદી પર તારા પ્રાણ ન્યોચ્છાવર કર. તારા અમૂલ્ય હૈયાના હૃદયનાથને તારા પ્રણયનીરે નવરાવ. મેં મારા સ્નેહનું સ્વર્ગ ગુમાવ્યું છે, પણ તને સુખી કરવાનો લહાવો મને લેવા દે. હું તારો સ્નેહ નહિ માગું. કરમાયલી ડાળ ઉછીનાં પુષ્પોથી કદી ખીલી શકે નહિ. વિશ્વાસ રાખ, બાલે, હું તારો મિત્ર છું. તારા સ્નેહીને હું શોધી લાવીશ.

ઈલા : ઓ કૃપાળુ રાજન્, આપે મારા પ્રાણ બચાવ્યા છે. મારા સુખસ્વર્ગનો પણ ઉદ્ધાર કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજય : તો જા. તારું લગ્નપાનેતર પહેરી તૈયાર થા. મારા સંગીતના સરોદો હવે હું બદલી નાખું છું.

[ઇલા જાય છે.]

આ સંગ્રામથી સહુએ કંટાળ્યા છે. શાંતિ દૂર છે. ઘરબારવિહોણા વનવાસીઓ, તમે મારા કરતાં વધારે સદ્ભાગી છો. સ્વર્ગીય નેત્રનિરીક્ષણ સમોવડો સ્ત્રીનો સ્નેહ, જગતમાં જ્યાં જાઓ ત્યાં તમને મળી રહે છે. ને તમારો પરાજય વિજયમાં પલટાઈ જાય છે તમારી કમનસીબીને તમારા એ વિજયરંગો સૂર્યાસ્તના અભ્રમંડલ સમોવડાં ઉજાળે છે.

[દેવદત્ત પ્રવેશ કરે છે]

દેવદત્ત : બચાવો, રાજન્.

રાજા : કોણ સતાવે છે?

દેવદત્ત : આપના અંગરક્ષકો! રાજાજી, અનંત ભાસતી અર્ધી ઘડીથી, મારા પર તેઓ નજર રાખી રહ્યા હતા. મેં કલા ને સાહિત્યની અનેક વાર્તાઓ તેમને કરી. એમને વિનોદ થયો. એમને ખુશ કરવા હું વિદૂષકનો પાઠ ભજવતો હતો, એવું તેમને લાગ્યું. પછી મેં કાલિદાસનાં સુંદરમાં સુંદર ઊર્મિગીતો એમની આગળ લલકાર્યાં. એના તાનમાં તેઓ નિદ્રાવશ થયા. પૂર્ણ ઘૃણાથી હું નાસી છૂટ્યો ને આપની પાસે આવ્યો.

રાજા : ખરેખર, આ ચોકીદારોને ભારે દંડ દેવો ઘટે છે. એક કેદી કાલિદાસનાં સ્તોત્રોનું ઉચ્ચારણ કરતો હતો ત્યારે, એ નિદ્રાવશ થયા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવદત્ત : એનો વિચાર પછી કરજો. હમણાં તો આ સંગ્રામ તત્કાળ બંધ કરો ને જલ્દી ઘેર ચાલો. વિધાતાની મહેર પર જીવનાર માત્ર પ્રણયનિરાશામાં જ ઝૂરી મરતાં હશે, એમ હું માનતો હતો, પરંતુ ઘર છોડી જ્યારથી હું અહીં આવ્યો છું ત્યારથી, રોષાન્વિત પ્રણયનો હું પણ શિકાર બન્યો છું.

વિક્રમ : પ્રણય ને મૃત્યુ શિકાર શોધવામાં બહુ સાવધાન હોતા નથી, છતાં તેઓ નિષ્પક્ષપાતી છે. ચાલ, મિત્ર, આપણે ઘેર જઇએ. આ સ્થાન છોડતાં પહેલાં ફક્ત એક જ કાર્ય કરવાનું બાકી રહે છે. ત્રિચૂરના સરદાર પાસેથી કુમારસિંહના છૂપા વાસનો પત્તો મેળવી લાવો. એમને જાહેર કરજો કે હું કુમારસિંહનો શત્રુ નથી. બલ્કે મિત્ર છું : જો કોઈ એની સાથે હોય ને તું મળે તો—

દેવદત્ત : સમજ્યો, કૃપાનાથ, દેવી તો સદૈવ આપના દિલમાં જ છે. આપના બોલ એમને પહોંચવા મુશ્કેલ છે તોય, એ મહાન છે, એમ એમનો વિષાદ પણ ભારે છે.

વિક્રમ : મિત્ર, વસંતના પહેલા વાયરા પેઠે તું અણધાર્યો મારી પાસે આવ્યો છું. હવે વસંતનાં પુષ્પો પણ પમરશે. ભૂતકાળનાં સર્વ સુખી સ્મરણો જાગશે.

[દેવદત્ત જાય છે.]

[ચંદ્રસિંહ પ્રવેશ કરે છે.]

વિક્રમ : એક શુભ સમાચાર આપું. કુમારસિંહને મેં ક્ષમા કરી છે.

ચંદ્રસિંહ : આપે કુમારસિંહ ક્ષમા કરી હશે પરંતુ હવે કાશ્મીરનો પ્રતિનિધિ હું છું. એના વતનનો નિર્ણય કુમારસિંહે હવે મારે હાથે સ્વીકારવો પડશે. એને હું દંડ દઇશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિક્રમ : શું શિક્ષા ફરમાવશો ?

ચંદ્રસિંહ : રાજ્યત્યાગ.

વિક્રમ : અશક્ય. હું એને રાજ્યસિંહાસને પુનઃ સ્થાપિત કરીશ.

ચંદ્રસિંહ : કાશ્મીરના સિંહાસન પર આપને શો અધિકાર છે ?

વિક્રમ : એક વિજેતાનો. કાશ્મીરનું સિંહાસન મારું છે. કુમારસિંહને એ સિંહાસન પર હું જ પુનઃ સ્થાપિત કરીશ.

ચંદ્રસિંહ : આપ એને પુનઃ સ્થાપિત કરશો ? સ્વમાની કુમારસિંહને હું છેક બાલ્યથી પિછાનું છું. પોતાના બાપદાદાની ગાદી આપની બક્ષિસ તરીકે એ પાછી સ્વીકારશે ? ખોટી વાત. આપનું વેર એ વધાવી લેશે, આપનું ઔદાર્ય નહિ.



[સંદેશવાહક પ્રવેશ કરે છે.]

દૂત : બંધ મ્યાનામાં કુમારસિંહ આપને શરણે આવે છે.

[નમે છે.]

ચંદ્રસિંહ : અસંભવ. સિંહ શૃંખલા યાચે ? જીવનના એટલા બધા મોહ ?

વિક્રમ : પણ મ્યાનો બંધ શા માટે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રસિંહ : એ શી રીતે મોં બતાવે? રાજમાર્ગ પર પ્રજાજનોનાં નયન-બાણ એનું દિલ ભેદી નાખે. રાજા, આ દીપક બુઝાવી દો, અંધકારમાં જ એનું સ્વાગત કરો. પ્રકાશનું અપમાન એનાથી નહિ વેઠાય.

[દેવદત્ત પ્રવેશ કરે છે.]

દેવદત્ત : મહારાજા કુમારસિંહ સ્વયં આપની મુલાકાતે આવે છે.

વિક્રમ : યોગ્ય આદરમાનથી હું એમનો સત્કાર કરીશ. આપને પુરોહિતપદે સ્થાપીશ. જાઓ, લગ્નમહોત્સવ ઉજવવા સૈનિકોને સજ્જ કરો. સેનાપતિને આજ્ઞા આપો.

સર્વ : મહારાજા વિક્રમનો જય.

પહેલો : અમારા મહારાજાને સિંહાસને પુનઃ સ્થાપિત કરવા આપે આમંત્ર્યા છે? એ મંગલ પ્રસંગે અમે આશીર્વચન કહેવા આવ્યા છીએ.

[શંકર પ્રવેશ કરે છે.]

શંકર : આપે કાશ્મીરને આનંદથી નવાજ્યું છે, તે માટે ધન્યવાદ દેવા આવ્યા છીએ.

[બધા આશીર્વાદ આપે છે : રાજા અભિવંદન કરે છે.]

[બ્રાહ્મણો જાય છે.]

શંકર : [ચંદ્રસિંહને.] કુમારસિંહ શત્રુને શરણે થવા આવે છે? આપ શું માનો છો? શું આ સાચી વાત છે?

ચંદ્રસિંહ : હા.

શંકર : બને જ નહિ. ઓ મારા રાજા, હું આપનો અદનો સેવક છું. છતાં આપના આ નિર્ણયથી મારા દિલનું દર્દ મારા પ્રભુ જ જાણે છે. મેં કોઈને ય ફરિયાદ નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી. પણ મારાથી નથી વેઠાતું. કાશ્મીરના રાજમાર્ગો વટાવી, આપ આ પીંજરમાં પુરાવા આવી રહ્યા છો! આવો દિવસ ઉગતા પહેલાં અમને મોત કેમ ન આવ્યું?

[એક સૈનિક પ્રવેશ કરે છે.]

સૈનિક : મ્યાનો દ્વાર પર આવી ઊભો છે.

વિક્રમ : વાજિંત્રો ક્યાં! બંસીઓ! મૃદંગો! બધું ક્યાં ગયું? જાઓ, મંગલગીત શરૂ કરો. મંત્રોચ્ચાર કરો.

[દ્વાર નજીક આવી.]

સ્વાગતમ્, રાજમિત્ર! સ્વાગતમ્,

[હાથમાં ઢાંકેલો સુવર્ણથાળ થાળ લઈ સુમિત્રા પ્રવેશ કરે છે.]

સુમિત્રા : રાત્રિદિવસ ગિરિશૃંગો ને વનવનની વાટોએ આપે કુમારસિંહને શોધ્યા ને ચોમેર વિનાશ વર્તાવ્યો. પોતાના ગૌરવની કે પોતાની પ્રજાની પણ આપે પરવા ન કરી. આજે મારી મારફતે, કુમારસિંહ પોતાનું મહામૂલું મસ્તક મોકલાવે છે. રાજમુગટ કરતાં, મૃત્યુની જ્વલંત જ્યોતિ તેને વધારે દિપ્તીમાન કરે છે.

વિક્રમ : રાણી. મારી રાણી—

સુમિત્રા : ભૂતકાળની એ વાત ભૂલી જાઓ. રાજાજી, હવે હું આપની રાણી રહી નથી. યમરાજે મારા પર પણ કૃપા કરી છે.

[ધરણી પર ઢળી પડે છે: એનું પ્રાણપંખેરું ઊડી જાય છે.]

શંકર : ધન્ય છે મહારાજ, આજે અમારો અવતાર સફલ થયો. આપે યોગ્ય જ કર્યું છે. આપ અનોખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીર્તિકેન્દ્રે વિરાજ્યા છો. આપની આ વિમલ કીર્તિ નિહાળવા પ્રભુએ મને જીવતો રાખ્યો, એ મારું ધન્ય ભાગ્ય છે. હવે આ પામર જીવનનો મને મોહ નથી રહ્યો. આપનો સેવક આ ઘડીએ જ આપને અનુસરશે.

[વધૂવેષે સજ્જ થઈ ઇલા પ્રવેશ કરે છે.]

ઇલા : રાજાજી, લગ્નગીતો ગવાય છે. મંત્રોચ્ચાર થાય છે. હું તૈયાર છું. રાજાજી, મારા હૃદયનાથ ક્યાં ?

(પડદો પડે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલિની



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્રો

માલિની	: વારાણસીની રાજકુમારી.
રાણી	: એની માતા.
રાજા	: એના પિતા.
રાજકુમાર	: એમનો પુત્ર.
કંદર્પ	: પ્રજાનાયક.
પ્રિયકાન્ત	: એનો મિત્ર.

તે ઉપરાંત બ્રાહ્મણો, પરિચારકો, નાગરિકો વગેરે.

નોંધ

રાજમહાલયનો રાજઝરુખો ઝૂલી રહ્યો હોય એવા રાજમાર્ગ પર આવેલો ચોક અને રાજમહાલયનો દિવાનખંડ એમ બે દૃશ્યોથી આ નાટક ભજવાશે. ઉપરનાં છ મુખ્યપાત્રો ઉપરાંત બે ચાર બીજાં પાત્રો બ્રાહ્મણો પરિચારકો અને નાગરિકો અવારનવાર બની શકશે. રાજકુટુંબને શોભતાં વસ્ત્રાભૂષણ અને બ્રાહ્મણ વિદ્વાનને શોભતા સ્વાંગ સજવાના રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

બ્રાહ્મણયુગના અવરોહ અને બૌદ્ધયુગના આરોહના સંક્રાંતિકાળની આ કથા છે. વારાણસી બ્રાહ્મણધર્મનું કેન્દ્ર છે. બ્રાહ્મણધર્મની ત્યાં હાક વાગે છે. ત્યાં રાજકુમારી માલિની બૌદ્ધ સાધુના સંપર્કમાં આવે છે. એને બૌદ્ધ ધર્મનું રહસ્ય સમજાય છે. યુગપ્રવાહ પારખી જનતા એ પંથે પળે એમાં, એને શ્રેય દેખાય છે. રાજકુમારીના આ વલણ પર પ્રજા રોષે ભરાય છે. એનો ત્યાગ કરવા રાજા ઉપર દબાણ લાવે છે. રાજારાણી વિમાસણમાં છે. ત્યાં માલિની પ્રજા સમક્ષ ઉપસ્થિત થાય છે. જનતા એની જ્ઞાનપ્રભાથી અંજાય છે.એની પ્રત્યેનો વિરોધ પાતળો પડી જાય છે.

પ્રજાનાયક કંદર્પને એમાં પ્રજાધર્મનો વિનિપાત જણાય છે. પ્રજાધર્મના રક્ષણ માટે, એ પરદેશી લશ્કરની કુમક મેળવવા જાય છે. એના બાલસહાધ્યાયી અને પરમમિત્ર પ્રિયકાન્તને, પોતાના માણસ તરીકે કંદર્પ પાછળ મૂકતો જાય છે. એ વાતાવરણની ખબર રાખે ને જરૂર પડે કંદર્પને ચેતાવે પણ ખરો.

પછી પ્રિયકાન્ત રાજકુમારીના પરિચયમાં આવે છે. રાજકુમારીની વિચારસરણીનું રહસ્ય એને સમજાય છે. એમાં દેશદ્રોહ નથી, એની એને ખાત્રી થાય છે. કંદર્પ ઘરની વાત ઘરમાં પતાવવાને બદલે, પારકે આશ્રયે ગયો, પારકી કુમક માગી, એ એને નથી રુચતું. અણીની પળે, એ કંદર્પની હિલચાલની રાજાને બાતમી આપી દે છે. પરિણામે રાજા કંદર્પને ઓચિન્તો સપડાવી, કેદ કરે છે.

માલિની કંદર્પને અપનાવી લેવા રાજાને સમજાવી શકે છે. પ્રિયકાન્તે દ્રોહ કર્યો છે એવી કંદર્પની માન્યતા છે. એ મિત્રદ્રોહનો દંડ દેવા માગે છે. પ્રિયકાન્ત કર્તવ્ય ચૂક્યો નથી છતાં, મિત્ર હૃદયમાં શંકા જાગી તેના નિવારણાર્થે, પ્રાણાર્પણ સ્વીકારે છે. કંદર્પ પણ એને માર્ગે પળવા તૈયાર થાય છે. અહિંસા ધર્મનું રહસ્ય સમજાવતી માલિની ક્ષમા પ્રેરણા આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૧

(રાજમાર્ગે ઝૂલતા રાજઝરુખે)

માલિની : ધન્યઘડી આવી ઊભી છે. કમલપત્રે ઝાકળબિંદુ સમોવડું મારું જીવન મહાકાલના હૈયે ઝોલાં ખાઈ રહ્યું છે. હું નેત્રો બંધ કરું છું છતાં, આકાશી મેઘગર્જના મારા હૈયામાં સોંસરી ઊતરી જાય છે. એને વિષાદ છાયાથી આવરી લે છે. ત્યારે મને એનું ગૂઢ દર્દ નથી પરખાતું

[મહારાણી પ્રવેશ કરે છે.]

રાણી : કેમ બેટા, યૌવન ને સૌંદર્યને ઉજાળે એવા વસ્ત્રાલંકારો હજી તેં કેમ નથી સજ્યા ? ક્યાં ગયાં તારાં આભૂષણો ? ઓ સુંદર ઉષા, તારા અંગનો સુવર્ણો સ્પર્શ ક્યાં ?

માલિની : બા, રાજમહાલયમાં પણ કેટલાંક જન્મે ગરીબ હોય છે. અને ગરીબાઈમાં લક્ષ્મી શોધવાનું જેના કિસ્મતે લખાયું હોય, તેનાથી લક્ષ્મી દૂર રહે છે.

રાણી : આજ સુધી બાલરુદન જ તારી ભાષા હતી. આજે તું આ કેવા કોયડાનો ઉકેલ માગે છે ? તારી વાતોથી મારું હૈયું ધડકી ઉઠે છે. બધાં જ પવિત્ર શાસ્ત્રોની ઉપરવટ જતો આ નવો ધર્મ તું ક્યાંથી લઈ આવી છે ? બેટા, તું બૌદ્ધ સાધુઓ પાસે બેસે છે. લોકો કહે છે કે તેઓ મેલી વિદ્યાના ઉપાસકો છે. તેઓ સામાન્ય માનવદિલ પર જાદુ કરે છે. જાદુણાથી તેમને ગૂંચવી મારે છે. ધર્મ તે કોઈ એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીજ છે કે શોધી સાંપડે ? ધર્મ તો યુગયુગાન્તરોના સૂર્ય-પ્રકાશ જેવો છે. હું તો એક સરલ અબલા છું. પુરુષોના પંથ હું પ્રમાણી શકતી નથી. સ્ત્રીઓનાં સાચાં પૂજાભાજનો તો એમના પતિ ને બાલકો છે એ તો વણમાગ્યાં એમને સાંપડેલાં છે. પછી બીજી પંચાત શાને ?

[મહારાજા પ્રવેશ કરે છે.]

રાજા : બેટા, રાજમહાલય પર વાદળ ઘેરાઈ રહ્યાં છે. તારા ભયંકર માર્ગે હવે આગળ ન વધીશ. ઘડીક થંભી જા.

રાણી : કેવા અશુભ શુકનો ?

રાજા : ઓ ભોળી દીકરી, આ પ્રાચીન ભૂમિમાં તારો નવો પંથ પ્રવર્તાવવો હોય તો કિનારે વસનારને ઉચ્છેદતા ઘોડાપૂર પેઠે એ કાર્ય કરતી નહિ. હમણાં તું જ આચર. લોકોનો પરિહાસ નોતરીશ નહિ.

રાણી : મારી ભોળી દીકરીને અવળો રાહ ન બતાવશો. રાજ-નીતિનાં ગપોલિયાંની એને જરૂર નથી. પોતાના ગુરુ પસંદ કરી, એ પોતાને માર્ગે જતી હોય, તેમાં બીજાને શું ?

રાજા : રાણી, પ્રજા ઉશ્કેરાઈ છે. દીકરીને હદપાર કરવા આગ્રહ કરે છે.

રાણી : તમારી દીકરીને ? રાજકન્યા ને ?

રાજા : એની નાસ્તિક મનોદશાથી બ્રાહ્મણો છેડાઈ પડ્યા છે. એકરાગ થઈ...

રાણી : નાસ્તિકતા ! એમનાં પુરાણાં થોથાંમાં જ સઘળાં સત્યો સમાઈ રહ્યાં છે, નહિ વારુ ? ઉધાઈ ખાધેલાં એ થોથાંને ગંગામાં પધરાવી દો. મારી દીકરી એમને નવા પાઠ પઢાવશે. ઓ રાજા, આ છોકરી સામાન્ય નથી. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હુતાશનની પવિત્ર જ્યોત છે. એનો જીવ કોઈ અવતારી આત્મા છે. રખે એને તુચ્છકારતા. ભવિષ્યમાં કપાળ કુટવા વારો ન આવે. એ ઊડી ન જાય. સંભાળજો.

માલિની : બાપુજી, આપની પ્રજાની ઈચ્છા પૂરી કરો. હવે એ ધન્ય ઘડી આવી ચૂકી છે. મને હદપાર કરો.

રાજા : બેટા, તારા બાપુજીના ઘરમાં શી ખોટ છે ?

માલિની : કહું, બાપુજી, મારી હદપારીની માગણી કરનારને મારે માટે વાંધો છે. માતાજી, મારા દિલની વાત શી કહું ? હૈયાના જરા પણ થડકાર વિના, વૃક્ષો ફળ ફૂલ આપે છે. તેમ આપ વૃક્ષસમોવડું ઉદાર દિલ રાખી મને પણ જવા દો . . દૂર દૂર . . જનતા મને પોકારે છે તેની પાસે. આ રાજગૃહમાં હવે મારું સ્થાન નથી.

રાજા : મને સમજ ન પડી, બેટા.

માલિની : બાપુજી, આપ રાજા છો, જરાક કડક હાથે કામ લો.

રાણી : તારી આ જન્મભૂમિમાં તારે માટે સ્થાન નથી ? જગતની જંજાળ તારા આ નાજુક સ્કંધ પર તું શી રીતે વહેવા તૈયાર થઈ છે ?

માલિની : જાગ્રત છતાં હું સ્વપ્નસ્થ છું. તુફાની પવન ફુંકાઈ રહ્યો છે. સાગરજલ ઉછાળા મારે છે. રાત્રિ અંધારી છે. નૌકા બંદરે પહોંચાડવાની છે. પ્રવાસીઓને ઘરભેગા કરનાર સુકાની ક્યાં છે ? મને સાચો માર્ગ ખબર છે. મારા સ્પર્શે નૌકા નાચી ઊઠશે. યોગ્ય માર્ગે આગળ વધશે.

રાણી : સાંભળ્યું ? રાજાજી, આ વચનો એક બાલિકાનાં છે ? આપણી દીકરીનાં છે ? મારી કુખે અવતરેલીનાં ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા : જરૂર, રાત્રિ પ્રભાત પ્રગટાવે છે. એ પ્રભાત રાત્રિનું નથી, સમગ્ર સૃષ્ટિનું છે.

રાણી : એને ઘરમાં રાખવાનો કોઈ ઉપાય નથી? રાજાજી, આ પ્રકાશમૂર્તિને પૂરી રાખે એવું કોઈ નથી? આમ આવ, દીકરી, તારો કેશકલાપ વિખરાઈ ગયો છે. લાવ, હું તારી વેણી ગૂંથી દઉં. ઓ રાજાજી, આને હદપાર કરવી છે? આવી કુમળી કન્યાને? રાજાજી, આવો જ એમનો ધર્મ હોય તો બહેતર છે કે આપ નવા જ પંથને વધાવી લો. એ બ્રાહ્મણોને સાચું રહસ્ય સમજાવો.

રાજા : રાણી, રાજઝરુખેથી એને અંદર લઈ ચાલો. રાજમાર્ગ પર પ્રજાજનોનું ટોળું વધતું જાય છે.

[સર્વ અંદર જાય છે.]

[રાજઝરુખા નીચે રાજમાર્ગમાં બ્રાહ્મણોનું ટોળું જામે છે.]

[બધા એક સામટી બૂમો પાડે છે.]

બ્રાહ્મણો : હદપાર કરો. રાજપુત્રીને કાઢી મૂકો. એ ધર્મદ્રોહી છે. નાસ્તિક છે.

ગંધર્વ : મક્કમ રહેજો, મિત્રો, સ્ત્રીશત્રુ તો સૌથી વધારે ભયંકર હોય છે. એની આગળ દલીલો નિષ્ફલ જાય છે. બલ લજ્જિત બને છે. એની નિર્બલતા આગળ પુરુષશક્તિ પરાજિત થાય છે. આપણા હૈયાના દુર્ગમાં જ એ આશ્રય મેળવી લે છે.

પહેલો બ્રાહ્મણ : રાજાજી ક્યાં છે? આ ભયંકર નાગ પોતાની વિષભરી ફણા માંડી રહ્યો છે: આપણા ધર્મના જિગરને તે કોરી ખાવા બેઠો છે.

પ્રિયકાંત : ધર્મ! મને તમારો ધર્મ સમજાતો નથી. તમારો ધર્મ એક નિર્દોષ બાલિકાને હદપાર કરવાનું ફરમાવે છે? એ ધર્મ કહેવાય?

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો : તું ફાંસમારૂ છે. પ્રિયકાન્ત, અમારા પ્રત્યેક સાહસમાં તું આડખીલી છે.

બીજો : અમારા ધર્મના રક્ષણાર્થે અમે સંગઠન આદર્યું છે. રોષથી ભીડાયલા અધરો પર ચમકતી સ્મિતલહરી પેઠે, તું એમાં ફાંસ મારવા બેઠો છે ?

પ્રિયકાન્ત : પણ જરા સાંભળશો પણ ખરા કે કેવળ સંખ્યાબલથી જ સત્ય માપશો ? ખૂમો પાડી ન્યાય ડુબાવશો ?

પહેલો : કેવી ઉદ્ધતાઈ ? પ્રિયકાન્ત !

પ્રિયકાન્ત : મારી નહિ : સાંકડા દિલે શાસ્ત્રો માપનારની.

બીજો : બહાર કાઢો. એ આપણો નથી. એ પણ ધર્મદ્રોહી છે.

પહેલો : રાજકુમારી હદપાર થાય એ વાતમાં આપણે બધા જ એકમત છીએ. ભિન્નમત ધરાવનાર વિદાય થાય. આપણા સંગઠનમાં ફાંસ મારનાર દૂર થાય.

પ્રિયકાન્ત : મને તમારા ગણવામાં તમે જરા પણ ભૂલથાપ ખાધી નથી. છતાં નથી હું તમારો પડછાયો કે નથી તમારાં શાસ્ત્રોનો પડછંદ. ખૂમો પાડનારને પડખે ન્યાય હોય છે, એવું હું માનતો નથી. અસ્તિત્વ માટે બલ પર મુસ્તાક રહેનાર કોઈ કહેવાતા ધર્મમાં હું માનતો નથી (કંદર્પને) મને જવા દે, ભાઈ.

કંદર્પ : નથી જવાનું. તારી દૃઢતામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે. માત્ર દલીલો જ તને ચળાયમાન કરે તેમ છે. અત્યારે કશું બોલવામાં માલ નથી. આજનો સમય જ ખરાબ છે.

પ્રિયકાન્ત : અંધ જડતા સહેલી કપરી છે. એક છોકરીને હદપાર કરી, તમારે તમારા શાશ્વત ધર્મનું રક્ષણ કરવું છે ? એવો એનો અપરાધ શો ? સત્ય ને સ્નેહ ધર્મના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણ છે, એ વાત તે નથી સ્વીકારતી ! સર્વ ધર્મનું રહસ્ય, એ નહિ તો બીજું છે શું ?

કંદર્પ : ધર્મનું રહસ્ય તો એક જ છે. માત્ર એના પ્રકારો જ ભિન્ન છે. સરિતા જલ એક છે પણ કિનારે વસેલાં જુદાં જુદાં ગામો પોતાનો આગવો ભોગવટો કરે છે.તમારા હૈયામાં જ્ઞાનઝરો ઉભરાતો ભલે હોય. પણ તમારા પાડોશીઓ તો વડવાએ બાંધેલા સરોવરનું જ પાણી પીએ છે. એ ન ભૂલશો. એના લીલાછમ ઢોળાવ ભલે યુગયુગાન્તરોથી ફાટી ગયા હોય, છતાં એનાં પુરાણાં વૃક્ષો હજી પણ અમરફલ આપી રહ્યાં છે. એ ભલે એમના માર્ગે જતા.

પ્રિયકાન્ત : તારી સાથે મારે ચર્ચામાં નથી ઊતરવું, થયું.

[ત્રીજો બ્રાહ્મણ પ્રવેશ કરે છે.]

ત્રીજો : શુભ સમાચાર, ભાઈઓ, લશ્કરે આપણી વાત માની છે. હવે તે ઉઘાડે છોગે આપણો પક્ષ લેશે.

બીજો ; લશ્કર ! મને લશ્કરની વાત ન ગમી.

પહેલો : મને પણ નહિ. મને તો એમાં બળવાની ગંધ આવે છે

બીજો : કંદર્પ, મને તો આમ છેક છેલ્લે પાટલે બેસવાની જરા પણ જરૂર જણાતી નથી.

પહેલો : આપણી શ્રદ્ધા જ આપણને વિજય અપાવશે : આપણું લશ્કર નહિ. આપણે તપ આદરીએ, મંત્રોચ્ચાર કરીએ. પિતૃદેવોનું આવાહન કરીએ. આપણું જરૂર કલ્યાણ થશે.

બીજો : અંબા ભવાની, મા, આપનો કોપ આપના પૂજારીઓનું અમોઘ શસ્ત્ર છે. અવતાર લ્યો, માતાજી, આ નાસ્તિકોના અંધ ગુમાનને એક ક્ષણમાં રણમાં રોળી નાખો. અમારી શ્રદ્ધાના સામર્થ્યનું આજે આપ પારખું આપો. અમારો વિજય થાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા : એ મા, તારા સ્વર્ગીય સિંહાસનથી નીચે ઉતરી આ પામર માનવ જીવોને તારો પરચો બતાવ.

[માલિની પ્રવેશ કરે છે.]

માલિની : આવી. બન્ધુઓ, હું આ રહી.

[બધા ચરણે પડે છે.]

[કંદર્પ ને પ્રિયકાન્ત બાજુએ રહી તાલ જુએ છે.]

બીજો : દેવી, આખરે પ્રગટ થયાં ખરાં. અમારી શ્રદ્ધા ફળી. એક કન્યકાનું કુમારીભર્યું રૂપ લઈ આપ તો અવતર્યાં ? આપનો ભવાનીનો સ્વાંગ કેમ છુપાવ્યો ? દેવી, અહીં ક્યાંથી ? કહો શી ઇચ્છા છે ?

માલિની : તમે મને બોલાવી. ને હું આવી. તમે ચાહો તો મને દેશપાર કરો.

બીજો : આપે સ્વર્ગથી દેશવટો જ લીધો છે ને ? પૃથ્વીના પુત્રો આપનું આવાહન કરે, પછી થાય પણ શું ?

પહેલો : ક્ષમા કરો. દેવી, સૃષ્ટિનો પ્રલયકાળ આવી ઊભો છે, પામર માનવજીવો આપની સહાય પુકારે છે.

માલિની : તો હું તમને મારો કોલ આપું છું કે હું તમારો કદી ય ત્યાગ નહિ કરું. તમારામાં મને વિશ્વાસ છે. મને ખાત્રી છે કે મારે માટે તમારાં દ્વાર સદા ય ખુલ્લાં છે. મારી હદપારી માટે તમે પુકાર ઉઠાવ્યો. આજ સુધી ખરેખર, હું રાજસી વૈભવ ને ઉલ્લાસમાં ડુબી ગઈ હતી. તમારા પડકારે ત્યાંથી હું જાગ્રત થઈ.

કંદર્પ : રાજકુમારી !

બધા : રાજપુત્રી ! ! !

માલિની : રાજમહાલયમાંથી મેં દેશવટો લીધો છે. તમારું ઘર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે મારું ઘર થશે. સાચું કહો, તમને મારો ખપ છે કે નહિ ? હું એકાન્તમાં છુપાઈ હતી. એકલવાયી કુમારિકા હતી, ત્યારે વિશાળ વિશ્વમાં વસી આપે મને પડકારી. મહાલયના એકાન્તમાંથી મને બહાર કાઢી. બોલો, મારું એ શમણું તો નહોતું ને ?

પહેલો : માતાજી ! ભલે આવ્યાં. આપ તો અમારાં હૃદયસિંહાસને બિરાજ્યાં છો.

માલિની : હું રાજમહાલયમાં જન્મી છું. રાજઝરુખેથી બહાર એક વાર પણ નજર પર નાખતી નહોતી. જગત વિષાદમય છે : એના સરસી હું જઈ શકું તેમ નથી : એવું એવું મને શીખવવામાં આવ્યું હતું. પરંતુ એનું દર્દ ક્યાં વસ્યું છે એની મને ગમ નથી. તમે બધા મને એ દર્દ શોધતાં શીખવો.

પહેલો : તમારાં મધુર વચને અમારાં નયનમાં હર્ષાશ્રુ ઉભરાય છે.

માલિની : વાદળમાંથી ચંદ્ર હમણાં જ દેખાયો છે. અંબરપટે નિર્મલ શાંતિ પ્રસરી રહી છે. કૌમુદીના વિરાટ પટમાં એણે સમગ્ર સૃષ્ટિને આવરી લીધી છે. ગંભીર વૃક્ષોની સ્થિર છાયા નીચે ધરતીનો રાજમાર્ગ સીધો જણાય છે. પેલાં ગામનાં મકાનો. પેલું દેવાલય. દૂર દૂરનો સરિતાકિનારો ઝાંખો ને વેરાન દેખાય છે. રાજમાર્ગે આવેલા મનુષ્ય-જગતમાં સ્વપ્નવાદળી અણધાર્યો વરસાદ વરસાવે એમ હું આવી છું.

પહેલો : તમે તો વિશ્વનાં વિધાત્રી છો.

બીજો : તમારી હૃદપારીની વાત કરતાં અમારી જિહ્વાને કામ કેમ ન ઊઠ્યા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો : બ્રાહ્મણો ચાલો, માતાજીને એમના સ્થાનકે પધરાવીએ.

[બધા વિજયનાદ કરે છે]

જગજ્જનનીનો જય. મનુષ્યનંદિનીને હૈયે વિરાજતી દેવીનો જય.

[બ્રાહ્મણોથી વીંટળાયલી માલિની વિદાય થાય છે]

કંદર્પ : નિદ્રામાં ચાલતા માનવી પેઠે ક્યાં જાય છે ? પ્રિયકાન્ત, તારી માયા દૂર કર

પ્રિયકાન્ત : મને જવા દે. મારો હાથ છોડી દે.

કંદર્પ : પતંગિયાંના આ અંધ ટોળામાં અગ્નિતર્પણ કરવા તું ક્યાં ચાલ્યો ? જરા સંયમ રાખ.

પ્રિયકાન્ત : આ બધું શું સ્વપ્ન હતું ? કંદર્પ !

કંદર્પ : સ્વપ્નું નહિ તો સાચું ? આંખ ઉઘાડ. જાગ્રત થા.

પ્રિયકાન્ત : તારી સ્વર્ગની આશા ખોટી છે. કંદર્પ. સૂત્રોના અરણ્યમાં હું નિરર્થક ઘૂમી રહ્યો છું. મને ક્યાં ય શાંતિ મળી નથી. આ ટોળાના પ્રભુ કે શાસ્ત્રોના પ્રભુ, મારા પ્રભુ નથી. મારા પ્રશ્નોનો એમણે કદી જવાબ વાળ્યો નથી. મને કદી સાન્ત્વન આપ્યું નથી. અન્તે દૈવી પ્રાણવાયુ મને સાંપડ્યો છે, સાચી મનુષ્યસૃષ્ટિનાં મને દર્શન થયાં છે.

કંદર્પ : અરે રે, મનુષ્યહૈયું મનુષ્યને દગો દે, એ પળ ભયંકર છે. મિત્ર, અંધ તૃષ્ણા એનો ધર્મ બને ત્યારે, એના દેવોના સિંહાસને કલ્પના ચઢી બેસે છે. પેલાં કુમાશભર્યાં વાદળ-વૃંદમાં પોઢી ગયેલો ચંદ્રમા અમર સત્યની સાચી સાખ નથી પૂરતો ? વળી પાછો કાલે નગ્નદિવસ ઊગશે. ભૂખ્યું માનવટોળું, હજારો જાળ બિછાવી, પાછું ફરીથી જીવનસાગર ઉલેચવા માંડશે. જગતને ત્યારે આ જ્યોત્સ્ના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મયી રાત્રિ ભાગ્યે જ યાદ આવશે. નિંદ્રા, છાયા ને ભ્રાંતિ ભરી અસાર માયામાં જગત વિલીન થશે. કોઈ મોહક વનિતાનાં ભ્રામક સૌંદર્યથી વણાયલી જાદુઈ જાળ પેઠે, એ સત્યના શૃંગે પહોંચી શકે ખરું ? તારી કલ્પના પાંખે પ્રગટેલો માનવપંથ અંગારઝરતા મધ્યાહ્નની કારમી તૃષા સંતોષી શકશે ?

પ્રિયકાન્ત : અરે રે, એની તો મને ગમ પણ નથી.

કંદર્પ : તો તારી સ્વપ્નસૃષ્ટિમાંથી જાગ્રત થા. આગળ નજર કર. યુગયુગાંતરથી વસ્તીથી ઉભરાતું આપણું આ પ્રાચીન વતન. આજે એ ભડકે બળી રહ્યું છે. મૃત્યુ જાળ પર ઝડતાં પંખી પેઠે, આવતા વિનાશ પર આપણા વડવાઓના આત્મા વાયુવિહાર કરી રહ્યા છે. આ તે કાંઈ ઝોલાં ખાવાનો સમય છે ? રાત અંધારી છે. શત્રુઓ રાજદ્વાર ખટખટાવે છે. માયામાં મુઝાયલો માનવી પોતાના બંધુઓનાં જ ગળાં કાપવા તૈયાર થયો છે.

પ્રિયકાન્ત : લોહી માટે એવે સમયે હું જરૂર તારી પડખે છું.

કંદર્પ : હું તો જાઉં છું.

પ્રિયકાન્ત : ક્યાં ? ક્યારે ? શા માટે ?

કંદર્પ : દૂર દેશાવર. ઉછીનાં લશ્કર લાવવા. આ દાવાનળ લોહી માગે છે.

પ્રિયકાન્ત : આપણું સૈન્ય ક્યાં નથી ?

કંદર્પ : એમની સહાયની આશા નકામી છે. અત્યારથી જ પતંગિયા પેઠે, તેઓ અગ્નિશિખામાં ઝંપલાવી રહ્યા છે. એ મૂર્ખ જીવોની ગર્જનાઓ તને નથી સંભળાતી ? આખું ગામ ગાંડું બન્યું છે. પોતાના પવિત્ર ધર્મની ચિતા પર, એ મહોત્સવ દીપકો જલાવી રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિયકાન્ત : જવાનો નિશ્ચય જ કર્યો હોય તો મને પણ તારી સાથે લેતો જા.

કંદર્પ : ના તું અહીં રહે. ચોમેર ધ્યાન રાખજે. અહીંની પરિસ્થિતિની મને ખબર આપજે. પણ આ જુઠ્ઠાણાના નાવિન્યથી, તારું હૈયું અવળે માર્ગે દોરવાઈ ન જાય, એ સંભાળજે.

પ્રિયકાન્ત : આ ભલે જુઠ્ઠાણું નવીન હોય પણ આપણી મૈત્રી તો પુરાણી છે ને ? છેક જન્મથી આપણે સાથે ઉછર્યા છીએ. આજે પહેલી જ વાર આપણે છૂટા પડીએ છીએ.

કંદર્પ : ને છેલ્લી જ વાર આપણે છૂટા પડીશું. આંધીના આગમને મજબૂત બંધનો પણ વછૂટી જાય છે. ભાઈ ભાઈને મારે છે. મિત્ર મિત્રને સામે પક્ષે જઈ બેસે છે. આજે અંધકારમાં હું પ્રયાણ કરું છું. ને કોઈ અંધારી રાત્રિએ જ પાછો આવીશ, ત્યારે દીપક પ્રગટાવી મારો મિત્ર મારી વાટ જોઈ રહ્યો હશે, એવી આશાભર્યો હું વિદાય થાઉં છું.

[જાય છે.]

[રાજા અને રાજકુમાર રાજચક્રુએ દેખા દે છે.]

રાજા : દીકરીને હદપાર કર્યા વિના છૂટકો નથી ?

કુમાર : મુલતવી રાખવાનાં માઠાં ફળ.

રાજા : ઉતાવળો થા મા. મારું કર્તવ્ય હું ચૂકીશ એવી શંકા ન કર. કુમારીને હું દેશવટો દેવાનો જ છું.

[કુમાર જાય છે. રાણી પ્રવેશ કરે છે.]

રાણી : રાજાજી ! એ ક્યાં ગઈ ? મારાથી પણ આપે એને છૂપાવી દીધી ?

રાજા : કોણ ક્યાં ગઈ? કોને છૂપાવી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણી : માલિની !

રાજા : કેમ ? કેમ ! માલિની એના ખંડમાં નથી ?

રાણી : ના. મને એ ન જડી. તમારા સૈનિકો ને બોલાવો. આખા નગરમાં તપાસ કરાવો. અરે, ઘરે ઘર જોઈ વળો. નાગરિકો એને ઉપાડી ગયા છે. બધાને દેશનિકાલ કરો. રાજકુમારીને પાછી ન વાળે ત્યાં સુધી આખું ગામ તારાજ કરાવો.

રાજા : એને હું પાછી વાળીશ, ભલે રાજ્યનો વિનાશ થાય.

[સળગતી મશાલો સાથે માલિની, બ્રાહ્મણો ને સૈનિકો પ્રવેશ કરે છે.]

રાણી : મારી દીકરી ! હવે તને હું આંખથી પણ અળગી નહિ કરું. બેટા ! મને મૂકીને તું ક્યાં જતી રહી હતી ?

બીજો બ્રાહ્મણ : એના પર ન છેડાશો. મહારાણીબા, અમને આશીર્વાદ દેવા એ તો અમારે આંગણે પધાર્યાં હતાં.

પહેલો : રાજકુમારી તારા એકલાનાં છે? આ બધાનાં નહિ ?

બીજો : ઓ માતાજી, અમને વિસારી મૂકશો નહિ. જીવનસાગર તરી પાર ઊતરવા, આપ તો અમારાં ધ્રુવતારક છો.

માલિની : તમારે માટે મારું દ્વાર પણ હવે તો સદા માટે ઉઘાડું છે. રાજમહાલયની આ દિવાલો હવે કદી યે આપણી વચ્ચે અંતરાય રૂપ થશે નહિ.

બ્રાહ્મણો : પરમ સૌભાગ્ય. જનની જન્મભૂમિનો જય.

[જાય છે.]

માલિની : માતા, બાહ્ય જગતને મેં તારે આંગણે આણ્યું છે. મારા દેહનાં બંધન છૂટી ગયાં જણાય છે. સમગ્ર વિશ્વ સાથે હવે હું એક રૂપ બની ચૂકી છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણી : ભલે બેટા, હવે તારે કદી યે રાજમહાલયની બહાર જવું નહિ પડે. આખા જગતને તું તારી સમીપ જ નોંતરજે. તારી માતા સર્વદા તને સાથ આપશે. બીજા રાત્રિ નિરીક્ષણની તૈયારી છે. અહીં બેસ. જરા શાન્ત થા. આ ચૈતન્ય ઝરતું જીવન તારા નયનોની નિદ્રા પણ ઉડાડી મૂકે છે.

માલિની : (માતાને આલિંગન આપી) મા, હું થાકી ગઈ છું. મારું શરીર કમ્પે છે. વિશ્વ કેવું વિરાટ છે? માતા, કોઈ ગીત ગા. તારી ગોદમાં મને નિદ્રાવશ થવા દે. મારાં નયનોમાં આંસુ ઉભરાય છે. મારા હૈયે વિષાદવાદળ ઉમટી રહ્યાં છે.

[૨]

(રાજમહાલયનો ઉદ્યાન)

(માલિની અને પ્રિયકાન્ત નજરે પડે છે.)

માલિની : તમને હું શું કહું? મને દલીલ કરતાં આવડતું નથી. તમારા ગ્રંથો મેં વાંચ્યા નથી.

પ્રિયકાન્ત : વિદ્યાના વેદીઓમાં હું પંડિત લેખાતો હોઈશ. એ ગ્રંથો ને દલીલો હવે મેં અળગી કરી છે. રાજકુમારી, મને તો આપ જ માર્ગદર્શન દો. દીપકના પડછાયા પેઠે હવે હું આપને જ અનુસરીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલિની : પરંતુ ભૂદેવ, તમે પ્રશ્ન કરો છો ત્યારે મારી બધી જ શક્તિ ક્યાં ય હરાઈ જાય છે. તમને શો ઉત્તર દેવો તેની પણ મને ગમ પડતી નથી. તમે સંપૂર્ણ છો છતાં મને શું પૂછવા આવતા હશો ? ખરેખર, આ એક અજબ કોયડો છે.

પ્રિયકાન્ત : તમારી પાસે હું જ્ઞાન મેળવવા નથી આવ્યો. હું તો મારું બધું જ્ઞાન ભુંસી નાખવા માગું છું. ગિરિશૃંગે પહોંચવા માર્ગો ઘણા છે, માત્ર દીપક જ નથી.

માલિની : અરે રે, જેમ જેમ તમે પૂછતા જાઓ છો તેમ તેમ મને મારી ગરીબાઈનું ભાન થતું જાય છે. કોઈ અગમ્ય વીજચમકાર પેઠે, આકાશમાંથી ઊતરી આવી, મારા હૈયાને અજવાળી જતો એ મધુર સ્વર, ક્યાંથી સંભળાયો ? તે દિવસે તમે કેમ ન આવ્યા ? શંકાને સ્થાન જ ન રહેત. એ દિવસે પહેલી જ વાર દુનિયાને મેં સગી આંખે જોઈ. એટલે મારૂં હૈયું ડરપોક બની ગયું. આ વિરાટ માનવનૌકાનું સુકાન હું શી રીતે ગ્રહણ કરું ? હું એકલવાયી છું. વિશ્વ વિરાટ છે. તેમાં એક દિશામાંથી રાજમાર્ગો ઊતરી આવી, બીજી જ પળે અદૃશ્ય થઈ જાય છે. તમે સમજુ છો, મારી વહારે ધાવ.

પ્રિયકાન્ત : તમારી વહારે ધાનાર ! હું કોણ ? તમને સહકાર આપવામાં જ હું તો મારું ધન્ય ભાગ્ય સમજીશ.

માલિની : જીવનના સર્વ પ્રવાહોને થંભાવી દેતી નિરાશાની ઘડી માનવજીવનમાં કદી કદી આવે છે. માનવવૃંદથી ઘેરાયલી હું આત્માનો અવાજ સાંભળવા મથું છું, ત્યારે મને ડર લાગે છે. શૂન્યતાની એવી પળે, તમે મારી પડખે રહેજો. આશાનો કોઈ બોલ બોલી, મારામાં નવજીવન પ્રગટાવજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિયકાન્ત : એની બધી જ તૈયારી હું કરી રાખીશ. મારા હૈયાને સાદું ને પવિત્ર બનાવીશ. મનમાં શાંતિ ધારીશ. તમારી સેવામાં એકાગ્ર થઈશ.

[પરિચારક પ્રવેશ કરે છે.]

પરિચારક : રાજકુમારી, નાગરિકો આપનાં દર્શને આવ્યા છે.

માલિની : અત્યારે નહિ. ક્ષમાયાચના સાથે એમને વિદાય કરો. મારા થાકેલા દિલને અત્યારે વિરામની જરૂર છે.

[પરિચારક જાય છે.]

કહો. મને તમારા મિત્રની વાત કહો. તમારું જીવન અને એના કોયડા હું સમજવા માગું છું.

પ્રિયકાન્ત : કંદર્પ મારો મિત્ર છે, બન્ધુ છે, મારો ગુરુ છે. એનું મન મજબૂત છે. જન્મથી જ મારું હૈયું હંમેશાં શંકાશીલ રહે છે, છતાં એણે સદાય. મને હૈયા સરસો રાખ્યો છે. ચંદ્રકલંક પેઠે એણે મને નભાવ્યો છે. નૌકા ગમે તેવી વજ્રક્ષેપ હોય છતાં, એના તળિયામાં એક નાનકડું છિદ્ર પડે તો, એ ડૂબી જાય છે. કંદર્પ ડૂબે એવા વિધાતાના લેખ હતા

માલિની : તમારાથી ?

પ્રિયકાન્ત : હા. તે દિવસે પ્રજાનું બંડ જાગ્યું હતું તમારા તેજસ્વી મુખમંડલના દર્શને એ લજ્જિત બની શમી ગયું. તમારા સ્પર્શે હવામાનને લાગેલા સંગીતે એને શાન્ત કર્યું. પરંતુ એક કંદર્પ ફકત અચલ રહ્યો. એ પરદેશ વિદાય થયો, પરદેશી લશ્કરની કુમક મેળવવા. વારાણસીની આ પવિત્ર ભુમિ પરથી તમારા નવા પંથનો ઉચ્છેદ કરવા. એ વિદાય થયો પણ મને એણે પાછળ મૂકયો. પછી તો શું થયું એ આપ જાણો છો. નવો અવતાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દઇ, આપે મને એક નવી જ સૃષ્ટિનાં દર્શન કરાવ્યાં છે. "જીવ માત્ર પ્રત્યે સદ્ભાવ" જમાના જૂનું એ સૂત્ર હતું. એનો તમે મને સાક્ષાત્કાર કરાવ્યો. કોઈ અગમ્ય વીજચમકાર પેઠે, એ મારી નજરે પડ્યું. મારું દિલ મારા મિત્રને પોકારી રહ્યું. પણ એ તો દૂર પડ્યો હતો. એને હું શી રીતે પહોંચી વળું ? મેં તમારો માર્ગ અપનાવ્યો. પછી એનો પત્ર આવ્યો. વિદેશી લશ્કર લઈ એ આવી રહ્યો છે. નવા પંથને એ ભૂંસી નાખવા માગે છે. એ તમારો જીવ લેવા ચાહે છે. મારાથી ન રહેવાયું. મેં રાજાજીને એનો પત્ર સુપ્રત કર્યો.

માલિની : તમે કર્તવ્યપંથ ચૂકયા. શા માટે ? પ્રિયકાન્ત, તમારામાં ભયસંચાર શું કામ થયો ? કંદર્પ ને એના સૈનિકો માટે મારે ત્યાં કયાં જગા નહોતી ?

[રાજા પ્રવેશ કરે છે.]

રાજા : પત્યું, પ્રિયકાન્ત, અણીની પળે હું ત્યાં જઈ પહોંચ્યો. કંદર્પ અને એના સૈનિકોને મેં બરાબર આંતરી લીધા. એક ક્ષણનો ય વિલંબ થયો હોત તો વજ્રપાત થાત. નિદ્રામાં જ અમે સૌ ભરખાઈ જાત. પ્રિયકાન્ત, ખરી પળે તું અમારી વહારે ધાયો.

પ્રિયકાન્ત : પ્રભુ, મને ક્ષમા કરો.

રાજા : રાજકૃપા કદી યે મિથ્યા જતી નથી. પ્રિયકાન્ત, દિલ ચ્હાય તે માગી લે. કહે, તારી શી ઇચ્છા છે ?

પ્રિયકાન્ત : હવે મારે ઇચ્છા જેવું કાંઈ રહ્યું જ નથી. દ્વારે દ્વારે ભિક્ષા માગતાં ય હવે મને મુક્તિ મળવાની નથી.

રાજા : પણ એવું મન બાળે છે, શા માટે ? હું જ તને એક રાજ જમાવી આપું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિયકાન્ત : પણ મારે રાજ જોઈતું નથી ને !

રાજા : સમજ્યો, કયા ચંદ્ર તરફ તું હાથ પ્રસારે છે એ હવે મારી ધ્યાનમાં આવ્યું. ઓ ઘેલા યુવાન, તને કદાચ એ અશક્ય લાગતું હશે. છતાં માગ. આમ મૂઢ કેમ બની ગયો છે ? માલિનીની હદપારી માટે તું ખૂમો પાડતો હતો, એ દિવસ વિસરી ગયો ? તારે માલિનીને હદપાર કરવી છે ને ? ભલે. બેટા માલિની ! આ યુવાને તને જીવતદાન દીધું છે. એ ઋણ તારે ચુકાવ્યે જ છૂટકો છે.

પ્રિયકાન્ત : બસ કરો, કૃપાનિધાન, બસ કરો. આવી વાતો જવા દો. જીવનભર તપશ્ચર્યા આદરી, મહત્ત્વાકાંક્ષા પાર પાડનાર ઘણા ય વીરલા પાકયા છે. એવા એકમાં મારી ગણત્રી થશે તો હું મારું મહા ભાગ્ય સમજીશ. પરંતુ દગાના ઈનામ તરીકે, મારે મારી મનોકામનાની સિદ્ધિ નથી જોઈતી. દેવી, તમે વિરાટ છો. શાંતિ ને વૈભવની તમને કમીના નથી. કોઈ ગરીબ આત્માની છૂપી ઝંખનાનો તમને ક્યાંથી ખ્યાલ હોય ? જગતના પ્રત્યેક જીવ માટે તમારામાં દયાભાવ ઉભરાય છે. એથી વધારે તમારી પાસે માગવાનું મારે શું બાકી રહ્યું છે ?

માલિની : બાપુજી, આપ રાજકેદીને શો દંડ દેવાના છો ?

રાજા : દેહાન્તદંડ.

માલિની : ના. એની હું માફી ચાહું છું.

રાજા : એક બંડખોરને માફી, બેટા ?

પ્રિયકાન્ત : માફી નહિ, રાજાજી, એનો ન્યાય કરો. આપને દંડ દેવા એણે આક્રમણ આદર્યું... ત્યારે એણે પણ આપનો ન્યાય કર્યો હતો. આપનું રાજ્ય લૂંટવા એ નહોતો આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલિની : એનો જીવ બચાવો, બાપુજી ! એણે તો આપને ભયંકર આપત્તિમાંથી ઉગારી લીધા છે. એને ક્ષમા આપી, મૈત્રીની ગાઠે બાંધો.

રાજા : તું શું કહે છે ? પ્રિયકાન્ત, શત્રુને મિત્ર બનાવું ? બે મિત્રોને ભેગા કરું ?

પ્રિયકાન્ત : આપ જેવા મહારાજાને એ જ શોભશે.

રાજા : ભલે. યોગ્ય સમયે તે થઈ રહેશે. તમને તમારો મિત્ર મળી જશે. પરંતુ રાજાની ઉદારતા એટલેથી પૂરી થતી નથી. તમારી કલ્પનાને ટપી જાય એવું કંઈક મારે તમને આપવું જોઈએ. બદલા તરીકે નહિ. મારી અનોખી ભેટ તરીકે તેં મારું દિલ જીતી લીધું છે. એટલે મારું દિલ પોતાનો સર્વોત્તમ વૈભવ તારે માટે ન્યોચ્છાવર કરવા ચાહે છે. બેટા, માલિની ! આટલી બધી લજ્જા તારામાં ક્યાંથી આવી ? તારા અરુણ પ્રકાશમાં ગુલાબી છાંટ જ નહોતી. એ પ્રકાશ તો શ્વેત ને તેજસ્વી હતો. આજે અશ્રુનું કુમાશભર્યું આવરણ તારાં માનવનયનને મધુર સ્પર્શ કરી રહ્યું છે, (પ્રિયકાન્તને) ઊભા થાઓ, નજીક આવો. તમને આલિંગન દઉં. આજે મારે હૈયે મને સુખનું દર્દ છે. એક ક્ષણભર મને માલિની સાથે એકાન્તમાં રહેવા દો.

[પ્રિયકાન્ત જાય છે.]

આજે મારું સંતાન મને સાંપડ્યું હોય એમ મને લાગે છે. એ આકાશનો ઝળકતો સિતારો નથી પણ પૃથ્વી પર ખીલી ઉઠેલું મૃદુલ પુષ્પ છે. મારી દીકરી, મારી હૃદયાધાર—

[પરિચારક પ્રવેશ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચારક : કેદી કંદર્પ હાજર છે.

રાજા : એને અંદર લાવ. (કંદર્પને આવતો જોઈ) આ આવ્યો. એનાં ચક્ષુ કેવાં સખત છે? એનું મસ્તક કેવું પાછળ ઉછાળેલું છે ? એના ભાલપ્રદેશ પર કોઈ સંદિગ્ધ વિચાર છાયા રમી રહી છે. ઝઝૂમી રહેલા જાણે તુફાનનું કોઈ મહાવાદળ આકાશમાં અંતરિયાળ થંભી રહ્યું હોય, એમ.

માલિની : એનાં અંગો પર શૃંખલાઓ પણ લજ્જા અનુભવે છે. મહત્તાનું અપમાન એ અવમાનનું જ અપમાન છે. બંધનને તુચ્છકારતા દેવપુરુષ જેવો, કેવો એ શોભી રહ્યો છે ?

[શૃંખલાબદ્ધ કંદર્પ પ્રવેશ કરે છે.]

રાજા : આપને મારે શો દંડ દેવો ?

કંદર્પ : પ્રાણદંડ.

રાજા : ના. હું તમને છૂટા કરું છું.

કંદર્પ : તો મારું અધુરું કાર્ય પૂરું થશે.

રાજા : જીવનપ્રેમ વણસી ગયો છે કે શું ? તમારી શી ઇચ્છા છે ? તમારી છેલ્લી ઇચ્છા હું જરૂર પૂરી કરીશ.

કંદર્પ : મારે મારા મિત્ર પ્રિયકાન્તને મળવું છે.

રાજા : [પરિચારકને] પ્રિયકાન્તને બોલાવ.

માલિની : આ પુરુષના વદનતેજનો મને ડર લાગે છે. બાપુજી, પ્રિયકાન્તને ન બોલાવશો.

રાજા : તારો ભય વૃથા છે.

[પ્રિયકાન્ત પ્રવેશ કરી, કંદર્પ ભણી જાય છે.]

કંદર્પ : બસ. દૂર રહે. તું મારી નજીક આવે તે પહેલાં આપણે આપણો હિસાબ ચૂકવી લઈએ. પછી મિત્રસ્નેહનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આલિંગન. નજીક આવ. મને ઝાઝું બોલતાં નથી આવડતું. મારી પાસે ઝાઝો સમય પણ નથી. આજે મારી કસોટી પૂરી થઈ છે. પણ તારી કસોટી હજી બાકી છે. બોલ, તેં આ શું કર્યું ? કેમ કર્યું ?

પ્રિયકાન્ત : મેં કાંઈ જ ખોટું નથી કર્યું. પરંતુ મિત્ર, તને એ નહિ સમજાય. મારા કર્તવ્યપંથે મેં મારા સ્નેહનું બલિદાન દીધું છે.

કંદર્પ : સમજ્યો. પ્રિયકાન્ત, માલિનીના વદન પર ચમકતી તેજ રેખા મેં દીઠી છે. માલિનીના દિલની વાત એ તેજરેખા સ્પષ્ટ સમજાવી જાય છે. એ નયનોની વેદીમાં તેં તારા મિત્રધર્મનું બલિદાન દીધું છે, તારી જન્મભૂમિનો તેં દ્રોહ કર્યો છે, ને એ દ્રોહના પાયા પર, તેં આ નૂતન ધર્મ સ્થાપન કર્યો છે, એમ તું માને છે !

પ્રિયકાન્ત : તારી વાત સાચી છે. મિત્ર, એ સ્ત્રી સ્વરૂપે મારો ધર્મ સંપૂર્ણ બન્યો છે. તારાં શાસ્ત્રોનાં થોથાં આજ સુધી મને કાંઈ જ શીખવી શક્યાં નહોતાં. એ નયનોની જ્યોતિએ મેં તારાં શાસ્ત્રો ઉકેલ્યાં. સૃષ્ટિના સર્જનગ્રંથ મેં વાંચ્યા. એનું સાચું રહસ્ય પારખ્યું. ત્યાં સ્નેહ ને માનવતા નિહાળી. માતાના વાત્સલ્યમાંથી મને એની પ્રેરણા મળી. મારા બાલહૃદયમાં ઘર કરી, એ પાછી વળી. દાતાના દાનસ્વરૂપે એ અવતરી. સ્વીકારના હૈયામાં એ પુનઃ પ્રગટ થઈ. અનંત માનવતા દાખવતા એ ધર્મનું બંધન મેં સ્વીકાર્યું. એ જ્યોતિર્મય મુખકમલમાંથી મારાં નયનોએ અમૃતપાન કર્યું.

કંદર્પ : મેં પણ એક વાર એ મુખમંડલ પર મીટ માંડી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને પણ એના ધર્મનાં દર્શન થયાં હતાં. માનવ-હૃદયને સ્વર્ગપંથ બતાવતાં, જાણે સ્ત્રી સ્વરૂપે ધર્મ ઉપસ્થિત થયો હતો, એમ મને પણ લાગ્યું હતું. ઘડીભર જાણે હૃદયસંગીત જામી ગયું. મારા સમગ્ર જીવનની આશાઓ જાણે નવકુસુમિત થઈ, માયાનાં બંધન વિછોડી દૂર દૂરના સ્વર્ગીય પંથે પ્રયાણ કરી રહી. છતાં ધીરજથી મેં નાલાયકોનું અપમાન વેઠ્યું. તારો વસમો વિયોગ પણ વહોરી લીધો. મારા બાલસાથીને અળગો કર્યો. છતાં એ ગાળામાં તેં શું કર્યું? રાજગૃહોદ્યાનની મીઠી છાયામાં તેં આશ્રય લીધો. તારા મોહના સમર્થનમાં, એ નિરાંતના સમયે, તેં એક જુઠ્ઠાણું ઊભું કર્યું અને એ જુઠ્ઠાણાને તેં ધર્મ માન્યો.

પ્રિયકાન્ત : પણ બન્ધુ, સરાપાર ભિન્ન પ્રકૃતિના એ માનવીને પણ ન સાચવી શકે એટલું બધું આ વિશ્વ સાંકડું છે, એમ તું માને છે ? આકાશના પેલા અસંખ્ય તારકો એકમેકના વર્ચસ્વ માટે કદી પણ ઝઘડતા સાંભળ્યા છે ? જુદાં જુદાં માનસની જુદી જુદી દુનિયામાં જુદીજુદી દીપજ્યોતિ પોતપોતાના વિવિધ ધર્મ ન પ્રગટાવી શકે?

કંદર્પ : એ બધા ખાલી શબ્દો છે. સત્યાસત્ય એક બીજાને પડખે શાંતિથી વિહરે એવું આ વિશ્વ વિશાળ નથી. માનવજીવન માટે રોપાતા ધાન્યને બદલે કંટક ઉછેરવામાં આવે, એવો સર્વપ્રેમી સ્નેહ હજી દીઠો નથી. મૈત્રીની મજબૂત દિવાલ વિશ્વાસઘાતથી ધરાશાયી થવા દે, એટલી વિરાટ ઉદારતા હજી મેં જાણી નથી. ધર્મનું રક્ષણ કરતાં એક જણ ચોરને મોતે મરે ને એને દ્રોહ દેનાર બીજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્મી ને વિખ્યાતિમાં મહાલે, એવી કલ્પના મેં કરી નથી...ના. ના. વિશ્વ હજી એટલું પથ્થરહૃદયી નથી બન્યું. આવી ભયંકર વિચિત્રતાઓ જરા પણ વેદના વિના વધાવી લે, એવી આ દુનિયા નથી.

પ્રિયકાન્ત : (માલિનીને) હૃદયેશ્વરી, તારા નામે આ સર્વ અવમાનો હું ગળી જાઉં છું. કંદર્પ, તારા ધર્મ માટે તું પ્રાણાર્પણ કરે છે. પણ જો. હું એથી પણ આગળ વધુ છું. મારા જીવન કરતાં મારે મન તારો પ્રેમ અધિક છે.

કંદર્પ : બકવાદની જરૂર નથી. યમના દરબારમાં પ્રત્યેક સત્યનું પારખું થવું ઘટે છે. યાદ છે બન્ધુ ! વિદ્યાર્થીજીવનના એ મનોરમ દિવસો ! રાતોની રાતો આપણે ચર્ચા કરી થાકતા ને છેવટે સવારે ગુરુજી સમક્ષ આપણો કોયડો રજૂ કરતા ને ગુરુજી અંતિમ નિર્ણય આપતા. એવું સવાર આજે પણ ઉગવા દે. ત્યારે આપણે સાથે એ અંતિમ ભૂમિ પ્રત્યે પ્રયાણ આદરીશું. આપણા પ્રશ્નો લઈ યમરાજને શરણે જઈશું. હર ઘડી પલટાતાં શંકાનાં વાદળો યમલોકમાં એક ક્ષણમાં જ વિખરાઈ જશે. અનન્ત સત્યનાં ઉન્નત ગિરિ-શૃંગો આપણી નજરે પડશે. ત્યારે આપણે બે મૂર્ખ માનવો એક બીજા પ્રત્યે મીટ માંડીશું ને હસીશું. પ્રિય મિત્ર, તારું સર્વશ્રેષ્ઠ ને અમર તત્વ તું યમરાજને ચરણે ધર.

પ્રિયકાન્ત : જેવી તારી ઇચ્છા.

કંદર્પ : તો આવ. તને હૃદયસરસો ચાંપુ. તારા સાથીથી તું અનન્ત ભવાટવીમાં વિખૂટો પડ્યો હતો. હવે આપણે સ્નેહીજનનાં ચિરંતન મિલન ઉજવીએ : એને યમરાજની મહામૂલી ભેટ ગણીને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[કંદર્પ પ્રિયકાન્તને શૃંખલાનો પ્રહાર કરે છે : પ્રિયકાન્ત ધરણી પર ઢળી પડે છે.]

કંદર્પ : (પ્રિયકાન્તના મૃતદેહને આલિંગન દઈ, ઊભા થઈ) રાજાજી, હવે તમારા ફાંસીગરને બોલાવો.

રાજા : મારી તલવાર ક્યાં ?

માલિની : બાપુજી ! ક્ષમા. ક્ષમા !



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રથયાત્રા



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્રો

પ્રધાન
પુરોહિત
ધનપતિ
શૂદ્ર સરદાર
કવિરાજ
નાગરિકો, સૈનિકો, સેવકો, શૂદ્રો, વગેરે.

નોંધ

પાંચ મુખ્ય પાત્રો : વ્યક્તિગત ગુણો દર્શાવતાં વસ્ત્રપરિધાન કરીને આવે. ચાર પાત્રો નાગરિકો, સૈનિકો, સેવકો અને શૂદ્રોના જુદાં જુદાં સ્વરૂપે, જરૂર પડે રજુ થાય.

રથયાત્રાનો રથ નિયતસ્થાનેથી જ ઊપડે છે, એ સ્થાનનું એક જ દૃશ્ય ખડું કરવાનું છે. રંગભૂમિ પર રથ કે દોરડું કે કોઈ પણ ક્રિયા બતાવવાની જરૂર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

રથયાત્રાનો દિવસ છે. દોરડાં બાંધી રથને ખેંચતા ખેંચતા આખા ગામમાં ફેરવવાનો નિયત કાર્યક્રમ છે. આજે વહેલા પ્રભાતે રથ ઊપડતો નથી ને એ હકીકત ચર્ચાનો વિષય બની છે.

અર્વાચીન જગતચર્યા ઉપર રચેલું કવિનું આ સુંદર રૂપક છે. અગાઉ જગત બ્રાહ્મણોના તપોબલે ચાલતું. પછી ક્ષત્રિયની તેજ તલવાર ચમકી. પછી વારો આવ્યો વૈશ્યનો અને કલિકાલમાં શૂદ્રોનું મહત્વ વધ્યું છે. એ ધ્વનિ છે. છેવટે કવિ બધા માનવજીવોને સાથે મળી આગેકૂચ કરવાની જીવન ફિલસૂફી સમજાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



રથયાત્રા

૧

[પર્દો ઊપડતાં રાજમાર્ગ પર રથની પ્રતીક્ષા કરતું નાગરિકોનું ટોળું નજરે પડે છે: રથ પ્રેક્ષકોની દૃષ્ટિમર્યાદાથી દૂર છે]

પ. નાગરિક : રથયાત્રાનું પર્વ તો આવી પહોંચ્યું. સૂર્યોદયનો સમય થયો. પરંતુ આ રથ તો થંભી ગયો છે. રજ માત્ર ચસકતો નથી ને? આ સંકટ કોને પાપે?

બીજો : ગમે તેનો દોષ હોય. કદાચ કોઈનો ય દોષ ન હોય. રથને થાક લાગ્યો હશે. એને વિશ્રાન્તિની જરૂર હશે.

પહેલો : છટ્, રથને તે વળી થાક લાગતો હશે? આમ કેમ નભશે? સમય વહેતો નથી, એવું કોણ કહી શકશે? સમયનો રથ સદા ચાલુ જ રહે છે. જુઓ, પેલું દોરડું પડ્યું. કેવું દીર્ઘસૂત્રી દોરડું? અસંખ્ય માણસોએ એને હાથમાં લીધું હશે. આમ ધૂળમાં પડેલું ને નિષ્ક્રિય રહેલું તો એને કદી જોયું નહોતું.

ત્રીજો : રથ નહિ ચાલે ને દોરડું ધૂળમાં રગદોળાયા કરશે તો સમગ્ર રાજ્ય પર આફત આવી પડશે.

બીજો : બાપ રે! એ કેવું ભયંકર દેખાય છે? જાણે પાંછો વળી કણા મારતો સર્પ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજો : જુઓ, જુઓ, એ હાલે છે.

પહેલો : આપણે રથ નહિ ચલાવીએ તો એ પોતાની મેળે ચાલશે. પણ એમ થયું તો, દેશ પર આફત જ આવવાની.

ત્રીજો : તો જગતના બંધ તૂટી જશે. રથ આપણા પર ફરી વળશે. આપણને કચરી નાખશે. આપણે રથ ખેંચીએ. તો જ એનાં ચક્રો નીચે ન ચગદાઈએ. હવે શું કરીશું ?

પહેલો : પેલા પુરોહિતને કહો, મંત્રોચ્ચાર કરે.

બીજો : એમના મંત્રોચ્ચારથી રથ નહિ ચાલે. પ્રાચીન કાળમાં તો પુરોહિત રથને પહેલો ધક્કો મારતા. કેવળ મંત્રો ઉચ્ચારી બેસી રહેતા નહિ. આમ એકલા મંત્રોચ્ચારથી શું વળશે ?

પહેલો : એમણે તો ક્યારના ય ધક્કા મારી જોયા. વહેલા પરોઢે. અંધારું હતું ત્યારના એ મથતા હતા. આપણે બધા તો તે વખતે ઊંઘતા હતા. સવાર થયું. અજવાળે અજવાળે લોકો એકઠા થવા લાગ્યા. એટલે એમણે દોરડું પડતું મૂક્યું ને દૂર જઈ ધ્યાનમાં બેઠા. મંત્રોચ્ચાર કરવા લાગ્યા. આ કલિકાલમાં એમનામાં કાંઈ પાણી રહ્યું હોય તો ને ?

ત્રીજો : ઓત્તારી ! આ દોરડું તો ધબકવા લાગ્યું: જાણે યુગયુગાન્તરની નાડી.

પહેલો : ખરેખર, કોઈ મહાન વ્યક્તિનો સ્પર્શ થશે તો જ આજે રથ ઊપડશે.

બીજો : એવા કોઈ પુણ્યશાળી જીવની વાટ જોવા બેસીએ તો મંગલ ઘડી વીતી જાય: પછી આપણ પામર જીવોનું શું બનશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજો : વિધાતા પામર પ્રાણીઓના કિસ્મતની બીલકુલ પરવા કરતી નથી.

બીજો : એટલે દુનિયા સાધુ પુરુષો માટે જ સર્જાઈ છે, એમ ? તો ભગવાન આપણને જન્મ જ શું કરવા આપત ? ના. ના. ઉલટું આપણા જેવા સામાન્ય મનુષ્યો માટે જ આ જગત છે. સાધુપુરુષો તો અકસ્માત અવતાર લે છે. ને ઝાઝું ટકતા પણ નથી. આપણા પાપનો તાપ એમનાથી વેઠાય જ નહિ ને ? તેથી તો એ અરણ્યો ને ગુફાઓમાં ભરાઈ બેસે છે.

પહેલો : એ બધી વાત જવા દો ને. ચાલો, આપણે જ દોરડું ખેંચા જોઈએ. રથ ચાલે છે કે નહિ એનું તો પારખું થશે ? દોરડું તૂટી જશે તો આપણે જરા પછડાઈશું, એટલું જ ને ?

બીજો : સાધુપુરુષો એકાદ બે હોય છે. આપણા જેવા પામર જીવોની સંખ્યાનો પાર નથી. આપણે બધા જ જો એકમત થઈએ અને રથ ઉપાડવા પુરુષાર્થ આદરીએ તો જરૂર રથ ઊપડે. આપણે એક મતે, એક જૂથે, કામ કરતા નથી, તેથી જ રથ ખસતો નથી. કોઈ અસાધારણ વ્યક્તિ પ્રગટ થાય, એની આપણે વાટ જ જોયા કરીએ છીએ.

ત્રીજો : પેલું દોરડું હાલ્યું કે શું ? અલ્યા, ગમે તેમ બોલતાં વિચાર કરજો. આ તો દેવનું કામ. કુડું પડ્યું તો આવી જ બન્યું સમજો.

પહેલો : શાસ્ત્રો કહે છે કે પ્હો ફાટતાં, પહેલી જ પુણ્ય ઘડીએ, પુરોહિતે આવી પ્રથમ રથ ઉપાડવો. પછી આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા, આજે બન્ને જણ પોતપોતાનો ધર્મ ચૂક્યા છે. હવે ત્રીજો વારો કોનો છે ?

[સૈનિકો પ્રવેશ કરે છે.]

સૈનિકો : શરમ છે, શરમ. રાજાએ દોરડું ઉપાડયું અને આપણે હજારો સૈનિકોએ સાથ આપ્યો પરંતુ રથનું ચક્ર ન ચસકયું તે ન જ ચસકયું.

બીજો : આપણે ક્ષત્રિય છીએ. શુદ્ર જેવા અલ્પાત્માઓ નથી. આપણે તો રથ પર વિરાજવાનું. આપણે રથ ખેંચવાનો નહિ.

ત્રીજો : બહુ થાય તો રથ તોડવાનો. મારા હાથ તો પરશુ પકડવા સળવળી રહ્યા છે. એમ થાય છે કે ક્યારે આવા રથના ભુક્કા ઉડાવી દઉં ! મને કોણ રોકે છે, એ તો જોઉં.

નાગરિકો : પરંતુ વીરશ્રેષ્ઠ, આપે જે શસ્ત્રો ધારણ કર્યાં છે, એથી રથ ઊપડશે નહિ, તેમ એના ભુક્કા પણ નહિ થાય. જ્યોતિષાચાર્યની ભવિષ્યવાણી આપે સાંભળી જણાતી નથી.

સૈનિક : શું કહે છે ? એ બ્રાહ્મણભાઈ.

નાગરિક : એ તો ત્રેતાયુગની વાતો કરે છે.

સૈનિક : ત્રેતાયુગમાં જ વાનરોએ લંકા ભડકે બાળી હતી.

નાગરિકો : ના ના. એ વાત નહિ.

સૈનિક : ત્યારે રામે વાલીનો વધ કર્યો, એ યુગની વાત કરો છો ?

નાગરિકો : લગભગ એવામાં જ. એક શદ્રે આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરવા તપશ્ચર્યા આદરી હતી. એથી દેવો ક્રોધાયમાન થયા હતા. એ તો શ્રી રામે એ શુદ્રનું મસ્તક છેદી નાખ્યું, ત્યારે જ શાંતિ થઈ.

બીજો સૈનિક : હવે એવો કશો જ ભય નથી. હવે તો બ્રાહ્મણો પણ તપશ્ચર્યા ભૂલી ગયા છે, ત્યાં શદ્રોની તો વાત જ શી કરવી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગરિકો : આપણા કેટલાક શૂદ્રોએ શાસ્ત્રોનો છૂપો અભ્યાસ કરવા માંડયો છે. એ પ્રયત્નમાં પકડાઈ જાય તો "અમે પણ મનુષ્ય છીએ" એમ તેઓ ફેંકે રાખે છે. આ પ્રભુ-વિહોણા યુગનો જ એ પ્રભુ હશે. નહિ તો એમના મગજમાં આટલી રાઈ હોય જ ક્યાંથી ? આ પછી સમયરથ ચાલે જ શાનો ? રથ થંભી જ જવો જોઇએ. આવા સમયમાં રથ ઊપડયો તો સૂર્ય, ચંદ્ર કે આપણી પૃથ્વીની ખેર નથી. એનાં ચક્રો નીચે બધું જ પીસાઈ જવાનું, જરા વિચાર તો કરો. એક શૂદ્રનું કેટલું બધું ઘમંડ ! મનુષ્ય હોવાનું એમને ય ગુમાન આવ્યું છે. હવે થવા શું બેઠું છે ? કોણ જાણે ?

પ. સૈનિક : આજે શુદ્ર શાસ્ત્રો વાંચતા થયા. કાલે બ્રાહ્મણો હળ પકડશે, પછી વિનાશ જ વિનાશ, બીજું થાય શું ?

બી. સૈનિક : તો ચાલો, એ શૂદ્રને જળમૂળથી ઉખેડી ફેંકી દઈએ. મનુષ્ય કેમ થવાય, એનો જરા સ્વાદ ચખાડીએ

ત્રી. સૈનિક : આ કળિયુગમાં શાસ્ત્રો નકામાં પડયાં છે. હવે તો માત્ર સુવર્ણદ્રમની જ બોલબાલા છે. એટલે રાજાજીએ ધનપતિને તેડું મોકલ્યું છે. ધનપતિના ટેકા વિના આજે રથ ચસકવાનો જ નથી, એવી એ બધાની માન્યતા બંધાઈ ગઈ છે.

પ. સૈનિક : એક વૈશ્યના સ્પર્શથી રથ ઊપડે, તો આપણે આપણાં શસ્ત્રો ગળે બાંધી, મહાસાગરમાં ડૂબી મરવાનું.

બી. સૈનિક : આમ રોષે ભરાયે શો લાભ ? આજકાલ બધે જ વૈશ્યની બોલ બાલા છે. કામદેવનો રથ સુવર્ણદ્રમના સ્પર્શે જ ઉપડે છે. એનું ધનુષ્ય પણ સુવર્ણદ્રમના ખણખણાટે જ ટંકાર કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રી. સૈનિક : તદ્દન સાચી વાત છે. આપણા રાજાજી જ્યાં જાય છે ત્યાં ધનપતિ પણ એમની પડખે જ હોય છે.

૫. સૈનિક : ધનપતિ ભલે ને રાજાજીના પડખે રહે. બન્ને બાજુએ તો આપણે છીએ ને ? એટલે આપણાં જ ગીત ગવાવાનાં.

ત્રી. સૈનિક : ગમે તેમ કહો, પરંતુ વાદ્ય વગાડતી અંગુલિ પરઆજે તો કાબુ વૈશ્યનો છે.

[પ્રધાન અને ધનપતિ પ્રવેશ કરે છે.]

૫. સૈનિક : આ વળી કોણ આવ્યું ?

બી. સૈનિક : એમના હીરા કેવા ઝબકી રહ્યા છે ? આંખ આગળ જાણે આગીઆ ઊડ્યા.

ત્રીજો સૈનિક : એમના કંઠે પેલી સુવર્ણમાળાઓ કેવી તગતગે છે ? જાણે ગુલામીની અમોઘ શૃંખલાઓ ! કોણ છે આ લોકો ?

પહેલો નાગરિક: એ જ આપણા શ્રેષ્ઠીવર્ય ધનપતિ. એમની પેલી સુવર્ણ સાંકળીઓથી જ એમણે રથ જકડી રાખ્યો છે. એથી જ એ જરા ય ચસકતો નથી.

પહેલો સૈનિક : કોનું કામ છે ?

પહેલો સેવક : રાજાજીએ અમારા શેઠને તેડું મોકલ્યું છે. આજે રથને કોઈ ઉપાડી શક્યું નથી. બધા આશા રાખે છે કે ધનપતિના સ્પર્શ માત્રે જ રથ ઊપડશે.

પહેલો સૈનિક : એવી આશા રાખનાર બધા કોણ છે ? એમને એવી આશા રાખવાનું કોણે કહ્યું ?

બીજો સેવક : આજકાલ જગત અમારા શેઠના સ્પર્શે જ ચાલે છે.

બીજો સૈનિક : આ તલવારને એમના સ્પર્શની જરૂર નથી : તમારે એની મઝા જરા ચાખવી છે ?

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજો સેવક : પણ આપને વેતન કોણ આપે છે ? જાણે ખ્યાલ જ ન હોય એમ જ આપ હાંકે રાખો છો, મહેરબાન.

પહેલો સૈનિક : લવારો બંધ કર.

બીજો સેવક : અમારે તો કાંઈ જ બોલવું નથી. બાકી અમારા બોલે જ પૃથ્વી, સાગર ને આકાશનો બધો જ વ્યવહાર ચાલે છે.

પહેલો સૈનિક : તમારા બોલે ? જોયા ન હોય તો મોટા. આ જગતનો વ્યવહાર તો અમારાં સહસ્રમુખી શસ્ત્રોના રણકારે જ નભે છે, સમજ્યા ?

બીજો સેવક : પણ એ રણકે રણકે અમારી જ વાત દશે દિશામાં ગાજતી ફરે છે.

પહેલો નાગરિક: તમારી નકામી માથાઝીક જવા દો ને ! આ જડ લોક પોતાની જીદ છોડે એવા નથી.

પહેલો સૈનિક : અમે જડ ? એટલે ? એટલે તું શું કહેવા માગે છે ?

પહેલો નાગરિક: આપની તલવાર મ્યાન બહાર કાઢો. એટલે તમને જણાશે કે અત્યારે એ પડી પડી કટાઈ ગઈ છે. તમારામાંના કેટલા યે ધનપતિનું લુણ ખાધું હશે કે કોઈક પાસેથી સુવર્ણદ્રમ્મની સ્વત લીધી હશે.

પહેલો સેવક : નર્મદાકિનારે તપ કરતા પેલા યોગીને પકડી આણ્યો હતો ને ? એના સ્પર્શે આ રથ ઉપડવાનો હતો ને ? પછી થયું શું ?

બીજો સેવક : એ લોકો એની ગુફા પર ગયા ત્યારે એ ચત્તોપાટ પડ્યો હતો. એના પગ પદ્માસન વાળી, ગંઠાઈ ગયા હતા. એને ઘણો ય ઢંઢોળ્યો પરંતુ એના પગ સાવ અકડાઈ ગયા હતા. એ ઊભો જ થઈ શકયો નહિ. દશેરાને દિવસે દોડે, એ જ ઘોડો...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજો સેવક : પાંસઠ પાંસઠ વર્ષથી પદ્માસન વાળી બેઠેલા પગ અકડાઈ ન જાય તો થાય પણ શું ? પરંતુ એણે કહ્યુ શું ?

બીજો સેવક : એ વાતમાં પણ કાંઈ માલ નથી. એની જિહ્વા અણધાર્યો બોલ બોલી પાપ કરી બેસે, એ ભયથી એને પ્રથમથી જ કાપી નાખી હતી. પછી બોલવાનું રહ્યું જ ક્યાં ? એણે માત્ર ઘુરકયાં જ કર્યું. દરેકે પોત પોતાની મતિ પ્રમાણે એ ઘુરકાટનો અર્થ તારવ્યો.

પહેલો સેવક : પછી શું થયું ?

બીજો સેવક : પછી બધાએ થઈ એને ઉપાડયો ને રથ આગળ લઈ આવ્યા. પરંતુ એણે દોરડાને સ્પર્શ પણ નહિ કર્યો હોય ત્યાં રથનાં ચક્રો ધરતીમાં જ ખૂંપવા લાગ્યાં.

ત્રીજો સેવક : હા. હા. એના સ્વભાવ પ્રમાણે જ. સમયરથ પણ પણ ઉંડાણમાં જ ઊતરવા લાગ્યો હશે.

પહેલો સેવક : ના રે ના. એનાં પાંસઠ પાંસઠ વર્ષના ઉપવાસના ભારે કદાચ એમ બનવા પામ્યું હશે. ઉપવાસનો ભાર તે કાંઈ જેવો તેવો હોય છે ? બિચારાં ચક્રોનું એની આગળ શું ગજું ? આપણે એક જ દિવસ ઉપવાસ કરીએ છીએ ત્યાં તો આપણા પગ આપણું કહ્યું જ નથી કરતા ને ?

ત્રીજો નાગરિક : અરે, બોજાની વાત જ જવા દો ને. આપણા લોકોના અભિમાનનો બોજો જ કેટલો વધી પડયો છે !

બીજો નાગરિક: એ બોજો તો મનુષ્યને પોતાને જ કચરી મારે. (સેવકોને) આજે તમારા ધનપતિનો પણ કેવો વિનિપાત થાય છે, એ જોજો. ગર્વ તો રાજા રાવણનો પણ રહ્યો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો સેવક : ભલે, અમે આ ઊભા. રથની સામગ્રી કોણ પૂરી પાડે છે, એ જરા વિચારશો. એ બંધ થાય તો રથ ઊપડે કે ન ઊપડે, એ બધું જ સરખું. ભરેલા પેટે જગતની આખી યે ઘટમાળ ચાલે છે. ભૂખે પેટે કશું જ ન બને.

[પ્રધાન ને ધનપતિ પ્રવેશ કરે છે.]

ધનપતિ : કેમ પ્રધાનજી, મને કેમ તેડું કર્યું ?

પ્રધાન : જ્યારે જ્યારે રાજ્ય ભીડમાં હોય છે ત્યારે એ ભીડ ભાગવા આપને જ બોલાવીએ છીએ ને ?

ધનપતિ : કોઈ સામગ્રી પૂરી પાડવાનું કામ હોય તો એ મારું કામ. બોલો, આજે શું કામ પડ્યું છે?

પ્રધાન : આ રથ ઊપડતો નથી. આપને કાને વાત તો આવી જ હશે.

ધનપતિ : હા વાત તો મળી છે. પણ આજ સુધી આ કામ તો—

પ્રધાન : પુરોહિતજી બજાવતા. એ હકીકત મારી ધ્યાન બહાર બિલકુલ નથી. પરંતુ પ્રાચીન કાળમાં એ લોકો ભારે તપશ્ચર્યા આદરી, પોતાની પ્રગતિ સાધતા. અને એ પ્રગતિ ટકતી પણ ખરી. આજે એ બધા તમારા દ્વારે અડ્ડો લગાવી બેસે છે. પરિણામે જાતે જ જડ બન્યા છે, એ બીજાને શું ગતિમાન કરે ?

ધનપતિ : એ વખતે રાજા અને પ્રધાન પણ ટેકો કરતા, સૈનિકો પણ એમની પડખે રહેતાઃ બધા ય સાથે મળી દોરડું ખેંચતા ને બધું જ રાગે પડતું. આપણે માત્ર ચક્રોમાં તેલ પૂરવું પડતું. આજે પહેલી જ વાર મને રથ ઉપાડવાનું કહેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાન : જુઓ શેઠ સાહેબ. આ રથ ઉપાડવામાં આપણી સર્વની કસોટી છે. એનાં ચક્રો ચાલુ કરે એ જ જગતનો ખરો શાસનકર્તા છે. પ્રથમ પુરોહિતના બોલે દુનિયા ડોલતી. પછી ક્ષત્રિય, રાજા એ કામ કરતો થયો. નિદ્રામાંથી જાગ્રત થયેલા સિંહ પેઠે, રથ એમના સ્પર્શે છલંગ મારતો. આજે એમના સ્પર્શને એ જરા ય દાદ દેતો નથી. કલમ ને તલવાર આજે નકામાં પડ્યાં છે. બધું જ તંત્ર આજે તમારા હાથમાં છે. તમારા હાથના સ્પર્શે જ દોરડાં ઊંચકાશે ને રથ ચાલશે.

ધનપતિ : ભલે, મારાં માણસો પ્રયત્ન કરી જુએ. રથ ઊપડશે એટલે હું પણ ટેકો કરીશ. પરંતુ રથ નથી ચસકતો એવો અપયશ લેવા હું તૈયાર નથી.

પ્રધાન : ભલે એમ કરો. પણ હવે વિલંબ ન કરો. શેઠ સાહેબ, આ પ્રજાજનો રથ ઉપડવાની જ વાટ જોઈ રહ્યાં છે. બધાં ઉપવાસી છે. રથ ઊપડે નહિ ત્યાં સુધી મોંમાં કોળિયો પણ શી રીતે મુકાય ? તમે પ્રયત્ન કરો ને નિષ્ફળ જાઓ, તેમાં શું ? એમાં અપયશ શાનો ? પુરોહિત ને રાજા, પછી તમારો વારો આવે છે ને ?

ધનપતિ : એ તો બધા કેન્દ્રસ્થાને વિરાજનાર. અમે તો રહ્યા છેક તળિયે. એમનો ન્યાય એક રીતે થાય. અમારો ન્યાય બીજે ત્રાજવે તોલાય. રથ ન ઊપડે તો અમારી આબરૂના કાંકરા થઈ જાય. એ ઉપડે તો ય અમારું આવી બને, કારણ કે અમારું સદ્ભાગ્ય કોઈથી જીરવાય નહિ. તમે બધા ય અમારી પડતી શી રીતે થાય એ જ વાત વિચાર્યા કરો છો.

પ્રધાન : આપ કહો છો એ કદાચ સાચું પણ હોય, પણ આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રથ ઉપાડયા સિવાય છૂટકો નથી. આપ વિલંબ કરશો તો રાજ્યમાં બળવો ફાટી નીકળશે.

ધનપતિ : ભલે, પ્રયત્ન કરી જોઈએ. નસીબ યારી આપે ને હું સફળ થાઉં તો મારા વિરુદ્ધ પ્રચાર ન માંડશો. (પોતાના સેવકોને) સેવકો, ગજવો જયનાદ. જય સિદ્ધિ !

સેવકો : જય સિદ્ધિ ! જય સિદ્ધિ !

ધનપતિ : જય સિદ્ધિ ! મહાદેવી ! જગદંબા !

સેવકો : મહાદેવીનો જય. જગદંબા સિદ્ધિનો જય.

ધનપતિ : અરે, આ દોરડું તો ચસકતું સરખું પણ નથી, રહેવા દો, મહેનત કરવી. આજે તો દોરડું પણ રથ જેટલું જ સજ્જડ બની ગયું છે. આજે હવે સાધારણ માણસનું આ કામ નથી. [સેવકોને] ચાલો, આપણે બધા જોર કરીએ. મારો મુનીમ ક્યાં ? ચાલો મુનીમ ! એક વાર આપણે બધા ય મથી જોઈએ. જય સિદ્ધિ ! જગદંબા, જય સિદ્ધિ ! (બધા સાથે) જય સિદ્ધિ. ઉઠાવો. ના, ના. બધું જ નકામું છે. દોરડું જાણે ધરતી સાથે જડાઈ જ ગયું છે. દરેક પ્રયત્ને એ જમીન સાથે સજ્જડ થતું જ જાય છે.

બધા : શરમ છે શરમ.

પહેલો સૈનિક : ચાલો, આબરૂ રહી.

ધનપતિ : ઓ કાલદેવતા, આપને પ્રણામ કરું છું. આજે તમે જ અમારી લાજ રાખી છે. આ રથ ઊપડયો હોત તો અમે એના ચક્રો નીચે ભીંસાઈ જાત, ધૂળમાં રગદોળાઈ જાત.

મુનીમ : પણ શેઠ, આપણી પ્રતિષ્ઠા ! આપણે કેવું નામ જમાવી પડયા હતા ! આજે એને ભારે ધક્કો લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનપતિ : આપણે આ જમાનામાં આગેકૂચ કરી રહ્યા હતા, એ વાત ખરી. પરંતુ રથ ચાલતો હતો એના પોતાના આશ્રયે જ. રથની છાયામાં આપણે જગતની આંખે ચઢ્યા નહોતા. એની છેક આગળ આવી ઊભા એટલે આપણો ભય અનેક ઘણો વધી ગયો. એના દાંતનો કચડાટ મને ચોમેરથી સંભળાઈ રહ્યો છે. આપણે રથ ચલાવી રહ્યા છીએ, એ હકીકત જાહેર થાય તો આપણો વિનાશ જ આવી લાગ્યો સમજવો.

પહેલો સૈનિક : (ધનપતિને) પુરાતન કાલમાં આવી નિષ્ફલતા સાંપડી હોત તો આપનું મસ્તક જ છેદાઈ ગયું હોત.

ધનપતિ : બીજી રીતે કહીએ તો તમને કાંઈક કામગીરી મળત : રણજંગમાં કોઈનાં માથાં વધેરવાનાં નથી મળતાં એટલે આ ક્ષત્રિયો બિચારા કેવા અધીરા બની રહ્યા છે!

પહેલો સૈનિક : રાજાજીની વાત તો બાજુએ મૂકો. ખુદ કાલદેવતા જ આપના આજ્ઞાંકિત સેવક બની રહ્યા ન હોત તો અમે આપને યોગ્ય ઉત્તર જરૂર વાળત.

ધનપતિ : સાચું કહીએ તો, જ્યારે એક જ વ્યક્તિની આટલી બધી પૂજા નહોતી થતી ત્યારે અમે વધારે સલામત હતા. આ વિનમ્ર સેવા જ અમારો મૃત્યુઘંટ વગાડી રહી છે. આટલા બધા હતાશ કેમ થઈ ગયા છો? પ્રધાનજી.

પ્રધાન : છેલ્લો દાવ અજમાવી લીધો. હવે કોઈ પણ ઉપાય રહ્યો નથી. એટલે જ મને ચિન્તા થાય છે.

ધનપતિ : એવી ચિન્તા કરવાની કાંઈ જ જરૂર નથી. તમારી તમામ યોજનાઓ પૂરી થઈ તો ભલે. હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલદેવતા જાતે જ પોતાની યોજના ઘડી લેશે. અન્તે આગેકૂચ કરવામાં જ એમને લાભ છે. આપણને તો સમયની કૂચ સાથે કશી જ નિસ્બત નથી. એમનો પડકાર થતાં જ, એમના ચુનંદા અશ્વો દોડી આવશે. આજે જેઓ પડદા પાછળ છૂપાયલા છે તે આપોઆપ બહાર નીકળી આવશે. ત્યાં સુધી હું ઘેર જઈ મારી ત્રિજોરી વ્યવસ્થિત કરી લઉં.

[ધનપતિ અને તેના સેવકો વિદાય થાય છે.]

[જાસુસ પ્રવેશ કરે છે.]

જાસુસ : પ્રધાનજી, શૂદ્રોના નિવાસમાં અત્યારે ભારે ધમાલ મચી રહી છે.

પ્રધાન : કેમ, કેમ, શું વાત છે ?

જાસુસ : શૂદ્રોનું એક ટોળું આ તરફ આવી રહ્યું છે. 'આજે અમે રથ ઉપાડીશું' એમ તેઓ પોકારે છે.

બધા : ઊપાડયાં ઊપાડયાં હવે ? એમને સ્પર્શ પણ કોણ કરવા દેશે !

જાસુસ : એમને રોકનાર પણ કોણ છે ?

સૈનિકો : અમે છીએ ને ? ચિન્તા શી છે ?

જાસુસ : પરંતુ તમારું સંખ્યાબલ તો જુઓ. એમનાં માથાં વધેરતાં તમારી તલવારો ય બુઠ્ઠી થઈ જશે. છતાં ય એમની સંખ્યા વધતી જ જશે. રથ આગળ ઊભા રહેવું પણ તમને ભારે પડશે. આપ ધ્રુજારી અનુભવી રહ્યા છો ?

પ્રધાન : ના રે ના. આપણને એ લોકો કશું જ કરવાના નથી.

જાસુસ : ત્યારે ?

પ્રધાન : મને તો એમની સફલતાનો ભય લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈનિકો : આપ શું કહો છો ? પ્રધાનજી ! રથ શ્રદ્રો ઉપાડશે ? રામનામે પથ્થર તરી જશે ?

પ્રધાન : પરંતુ એમણે રથ ઉપાડયો તો ? વિધાતાએ નવો યુગ પ્રગટાવ્યો છે એમ જ સમજવાનું ને ? ભોંયતળિયું અગાશીનું સ્થાન લઈ લે તો શું થાય ? ભયંકર ધરતીકંપનું પરિણામ શું આવે ? પૃથ્વીના પેટાળમાં ઉછળતો લાવા છેક ગિરિશૃંગે પહોંચી જાય છે. માત્ર સ્થાન બદલો. આજ સુધી જે ભૂમિમાં ભંડારાઈ રહ્યું હતું, તે હવે પ્રકાશનાં દર્શન પામશે.

સૈનિકો : ત્યારે અમે શું કરીએ ? આજ્ઞા આપો. અમને જગતમાં કોઈનો ય ભય નથી.

પ્રધાન : નીડરતાનું પ્રદર્શન કરવાનો આવો વ્યામોહ જ આપણા ભયંકર કોયડાઓ સર્જાવે છે. ગમે તેવી કારી કૃપાણોની રમઝટ કાલદેવના આ આક્રમણને હવે રૂંધી શકનાર નથી.

જાસુસ : ત્યારે આપની શી સલાહ છે ?

પ્રધાન : સારી વાત તો એ છે કે આ વાતમાં કોઈ પણ જાતનો અંતરાય મૂકવો નહિ. અંતરાય મૂકવાથી શક્તિનું પારખું થાય છે. એક વાર અજાણી વ્યક્તિને પોતાની શક્તિનું પારખું થયું કે પછી આપણું આવી જ બન્યું સમજો.

સૈનિકો : ત્યારે અમારે બાજુ પર ઊભા રહી, એમને આવવા દેવા ?

જાસુસ : આવવા દેવા શું ? આવી પહોંચ્યા.

પ્રધાન : ભલે આવે. ભાઈઓ ! કોઈ કશું જ કરશો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[શૂદ્રોનું ટોળું પ્રવેશ કરે છે.]

પ્રધાન : (શૂદ્રોના આગેવાનને) આવો સરદાર, આપને જોઈ અમને ઘણો જ આનંદ થયો.

શૂદ્ર સરદાર : પ્રધાનજી ! અમે રથ ઉપાડવા આવ્યા છીએ.

પ્રધાન : એ તો તમારું જ કામ છે ને ? યુગયુગાન્તરથી તમે જ રથનો ભાર વહન કરી રહ્યા છો. અમે તો આવા પ્રસંગોએ કેવળ દેખાવ પૂરતી જ હાજરી આપીએ છીએ.

સરદાર : આજ સુધી તો અમો કાલદેવતાના રથનાં ચક્રો નીચે પીસાતા રહ્યા છીએ. અમારા દેહ પર થઈ અમે હંમેશાં રથને પસાર થવા દીધો છે. આ વર્ષે કાલદેવતાએ અમારું બલિદાન સ્વીકારવા ના પાડી છે.

પ્રધાન : મને પણ એવું જ કાંઈક લાગ્યું. આજ સવારે તમારામાંના કેટલાક રથનાં ચક્રો આગળ ધૂળમાં પડયા હતા. પરંતુ એ ચક્રોની ભૂખ જ જાણે ભાગી ગઈ હોય, એમ જણાયું. શિકાર હાથ વેંતમાં હોવા છતાં, એણે છલંગ ન મારી. હંમેશ માફક આનંદઘોષ પણ ન કર્યો. એમના આવા અપશુકનિયાળ મૌનથી જ અમે તો ડઘાઈ ગયા.

સરદાર : ચક્રો નીચે સરતા રાજમાર્ગને પૂરવા કાલદેવતાએ અમને આજે બોલાવ્યા નથી. આજે તો એમના રથનાં દોરડાં અમારે ખેંચવાનાં છે.

પુરોહિત : બરાબર છે. પણ તમને એ વાત કરી કોણે ?

સરદાર : આ વાત કેમ આવી, તેની તો કોઈને ખબર નથી ? વહેલા પરોઢથી વાતાવરણમાં એ જ વાત ગૂંજી રહી છે. શું યુવાન, શું વૃદ્ધ, પ્રત્યેકને કાલદેવતાની આણ છે. પુરુષ, સ્ત્રી, બાલક, દરેકે આ કાર્યમાં આજે સામેલ થવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈનિક : રક્ત સ્નાન માટે ?

સરદાર : ના. રથ ઉપાડવા.

પુરોહિત : સાંભળ, બેટા, જરા વિચાર કર. આ જગત પર શાસન કરવાની જેની તમન્ના હોય, તેના હાથમાં જ કાલદેવતાના રથનાં દોરડાં સોંપવાં જોઈએ ને ?

સરદાર : આ વિશ્વને આપ નિયંત્રિત કરી રહ્યા છો, એમ આપ ખરેખર, માનો છો ?

પુરોહિત : એ સમયને હજી વાર છે, એ હું બરાબર જાણું છું. અમારે માટે ગમે તે બોલાતું હોય, પણ એક વાત તો સાચી જ છે ને ? અમે બ્રાહ્મણ તો મટી ગયા નથી ને ?

સરદાર : (પ્રધાનને) આપ વિશ્વના નિયંતા છો ?

પ્રધાન : વિશ્વ એટલે ? તમે બધા. તમે જાતે જ પ્રગતિ કરો, એટલે વિશ્વ પ્રગતિ કરશે. અમે જરાક ચાલાક ખરા. એટલે અમે જ પ્રગતિ સાધીએ છીએ, બધું જ નિયંત્રણ કરીએ છીએ; કાંઈ નહિ તો, એવો દંભ કરીએ છીએ. તમારાથી જુદા છીએ એવો દેખાવ કરીએ છીએ. બાકી સાચી વાત એ છે કે, તમે બધા જ આગેકૂચ કરો એટલે વિશ્વકૂચ આગળ વધશે જ.

સરદાર : આપની સંખ્યા ગમે તેટલી હોય. આપ અમારાથી અળગા રહી શકવાના છો ? મુખ્ય વાત જ એ છે.

પ્રધાન : બરાબર છે. મુખ્ય પ્રશ્ન જ એ છે.

સરદાર : અમે ધાન્ય પકવીએ છીએ. એ ધાન્યથી તમારા દેહ પોષાય છે ! અમે વસ્ત્રો વણીએ છીએ એથી તમારો વૈભવ નભે છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈનિક : કેવી ઉદ્ધતાઈ ! આજ સુધી આ લોકો હાથ જોડી આપણને 'બાપા' કહેતા હતા. 'આપ જ અમારા અન્નદાતા છો," એમ એ પોકારતા હતા. આજે એક નવું પૂછડું તેમના હાથમાં આવ્યું છે. આવી બેહુદી વાત કદી નહિ બને. કદી નભાવી નહિ લેવાય.

પ્રધાન : (સૈનિકોને) જરા શાંતિ. (સરદારને) તમે કહો છો એ વાત તદ્દન સાચી છે. સરદાર, અમે ફક્ત તમારા આવવાની જ વાટ જોતા હતા. કાલદેવતાના આપ જ અશ્વો છો, એટલી વાત ન સ્વીકારીએ એવા અમને મૂર્ખ માનો છો ? ચાલો, કામે લાગો, અમે પણ અમારું કામ કરીશું.

સરદાર : ચાલો, ભાઈઓ, એક દિલથી કામે લાગો. આ પાર કે પેલે પાર. જીવન કે મૃત્યુ ! ચાલો, આપણે બધા ભેગા મળી રથ ઉપાડીએ.

પ્રધાન : પરંતુ સરદારજી ! રથનો રાજમાર્ગ તો આપને યાદ છે ? અવળે ચીલે ચઢી ન જાઓ. પાછું અધવચ્ચે અમને પૂછવા આવવું ન પડે.

સરદાર : જુઓ સાહેબ, અમે તો અશ્વો છીએ. સીધા કે આડા માર્ગની અમને ગમ ન હોય. અમારો સારથી હોય એ બધું ધ્યાન રાખે. ચાલો, ભાઈઓ ! જુઓ, રથ ઉપરનો રાષ્ટ્રધ્વજ કેવો લહેરાઈ રહ્યો છે ? કાળદેવતાની આજ્ઞા થઈ છે. ચાલો, ઉપાડો.

પુરોહિત : અરે, આ અછૂતોએ તો રથને સ્પર્શ પણ કર્યો, કેવો અધર્મ !

નાગરિકો : ભયંકર, ભયંકર વિનિપાત,- વિનાશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરોહિત : આંખો બંધ કરી દો. બાલકો, નેત્રો બંધ કરો. કાલદેવતાનું ત્રિલોચન ખૂલતાં પ્રલયજવાલા ભભૂકી ઊઠશે. એની આંચ લાગી તો સર્વ ભસ્મ થઈ જશો.

સૈનિકો : શું થયું ? ચક્રોનો અવાજ ! કે નિરાશાથી અંબરપટ ધ્રૂજી ઉઠયું ?

પુરોહિત : બને જ નહિ.

નાગરિકો : ખરેખર, ચક્રો હાલ્યાં ! ! !—

સૈનિકો : જુઓ, જુઓ, ધૂળ ઊડી. કેવો ઘોર અપરાધ ? રથ ચાલ્યો ! મહા પાપ. મહા પાપ. શાન્તમ્ પાપમ્ !

શૂદ્રો : જય, કાલદેવતાનો જય, મહાકાલનો જય.

પુરોહિત : અરે, આ શું ? આ શું થઈ રહ્યું છે ? કેમ ? આજે ન બનવાનું બને છે ?

સૈનિકો : આજ્ઞા આપો. ગુરુજી, આ દુષ્ટો પર અમારાં શસ્ત્રો વીંઝી અમે તૂટી પડીએ. એમની અધર્મી પ્રવૃત્તિ એકદમ થંભાવી દઈએ.

પુરોહિત : એવા સાહસ માટે આ ઘડી યોગ્ય નથી. કાલદેવતાને પોતાને જ ધર્માધર્મની પડી નથી, ત્યાં આપણી આજ્ઞા કોણ માનશે ?

સૈનિકો : તો આ નકામાં શસ્ત્રો ફેંકી દઈએ !

પુરોહિત : હું પણ શાસ્ત્રોનાં થોથાં નાખી દઉં.

નાગરિકો : આપણે પણ આ દેશનો ત્યાગ કરીએ. આપ શું કરશો ? પ્રધાનજી, આપ ક્યાં જશો ?

પ્રધાન : હું તો દોરડું ખેંચીશ.

નાગરિક : શૂદ્રોને સાથ આપશો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાન : ત્યારે જ મહાકાલ પ્રસન્ન થશે. આજે શૂદ્રો પર એમની મીઠી નજર છે. આ બધા પરથી આપને એટલું નથી સમજાતું ? આ નથી સ્વપ્ન કે નથી માયા. હરિજનોના પડખે રહેવામાં જ આપણી શોભા છે. નહિ તો આપણે પણ સ્થાનભ્રષ્ટ થઇ જઇશું.

સૈનિકો : છતાં ય અછૂતોએ અપવિત્ર કરેલા દોરડાનો આપ સ્પર્શ કરશો ? વિધાતાએ આવા લેખ તો કદી યે લખ્યા નહોતા. એમને અધર્મ પથે જતાં રોકવા જ જોઇએ. અમે આખા સૈન્યને એકઠું કરીએ છીએ. રથને અવરોધવામાં નહિ આવે તો લોહી રેડાશે.

પુરોહિત : બરાબર છે. હું તમારી સાથે આવું છું. તમને કદાચ કાંઇક માર્ગદર્શન આપી શકીશ.

પ્રધાન : તમારુ કહ્યું જ નહિ વળે. તમે એમને કદી રોકી શકશો નહિ. હવે ચક્રો નીચે પીસાવાનો વારો તમારો છે.

સૈનિકો : ભલે. તો અમે મહાકાલનાં ચક્રો નીચે પીસાઇ જઇશું ! મહાકાલના રથનાં ચક્રો વર્ષોથી શૂદ્રોનાં લોહીથી અપવિત્ર થતાં આવ્યાં છે. હવે અમે લોહી રેડી, એને પવિત્ર કરીશું.

પુરોહિત : જુઓ, જુઓ, પ્રધાનજી, રથ રાજમાર્ગ પર ચાલ્યો. રાજમહાલય આગળથી પણ પસાર થયો. જુઓ, એ તો ક્ષેત્રો તરફ આગેકૂચ કરી રહ્યો છે. હવે કયા ગામનું આવી બન્યું હશે ? પ્રભુ જાણે.

સૈનિકો : આ ધનપતિના સેવકો શાનો કોલાહલ મચાવી રહ્યા છે ? એ લોકો આપણી મદદ માટે કેમ ખૂમો પાડે છે. એમના દ્રવ્યાલય પ્રતિ રથ દોડી રહ્યો જણાય છે. ચાલો, એમને મદદ કરીએ. દ્રવ્યાલયનું રક્ષણ કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાન : પ્રથમ દરેક જણ પોતપોતાની જાતનું જ રક્ષણ કરો. ભાઇઓ, પછી બીજાને બચાવવાની વાત. મને તો રથ આપણા શસ્ત્રાગાર પ્રતિ જ દોડતો જણાય છે. એક પણ શસ્ત્ર તમારે હાથ આવશે નહિ. જુઓ.

સૈનિકો : હવે શું થાય ?

પ્રધાન : રથ ખેંચવા દોરડું હાથમાં લો. તો જ રથ યોગ્ય રાજમાર્ગે ગતિ કરશે. શંકાના વમળમાં ગોથાં ખાવાનો હવે સમય નથી. હું તો આ ચાલ્યો.

[જાય છે.]

સૈનિકો : [એક બીજાને] આપણે શું કરીશું ? (પુરોહિતને) કૃપાનિધાન ! આપની શું સલાહ છે ?

પુરોહિત : તમે શો નિર્ણય કર્યો ? શૂરવીરો.

સૈનિકો : લડવું કે રથ ખેંચવો ? શું કરવું એ જ અમને સમજાતું નથી. કહો, આપની શી સલાહ છે ?

પુરોહિત : દોરડું ઉઠાવવું કે શાસ્ત્રોનું અધ્યયન કરવું ? મને પણ આજે કશું જ સમજાતું નથી.

સૈનિક : ધરતી કંપતી જણાય છે : જાણે હમણાં જગતના ભુક્કા ઊડી જશે.

બી. સૈનિક : જુઓ, જુઓ, પેલા શૂદ્રો રથ ખેંચતા હોય એમ જણાતું નથી. સ્વયં રથ જ એમને આગળ ધકેલી રહ્યો છે.

ત્રી. સૈનિક : રથમાં ચેતન આવ્યું જણાય છે. સાંભળો! કેવાં ગર્જના થાય છે ? ઘણી યે વાર મેં રથયાત્રામાં ભાગ લીધો છે. રથમાં આટલું ચેતન મને કદી યે જણાયું નથી. એ ચેતનને લીધે જ, આજે એ રાજમાર્ગ પર સ્થિર થઇ શકતો નથી ને ગમે ત્યાં સ્વેચ્છાએ દોડી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બી. સૈનિક : પરંતુ એમ કેટલો ભયંકર વિનાશ થશે. આ કવિરાજ આવ્યા. ચાલો, આપણે બધા એમને ખુલાસો પૂછીએ.

પુરોહિત : છટ્, આપણે ન સમજી શકીએ તે કવિ સમજવાના હતા, કદી ? એ તો માત્ર કલ્પનાની વાતો રચે. શાસ્ત્રોમાં શું લખ્યું છે, એની એમને શી ગતાગમ ?

૫. સૈનિક : શાસ્ત્રોનાં થોથાં તો જરી પુરાણાં થઈ ગયાં. કૃપાનાથ, તેથી જ આપના બોલનું આજે કશું જ વજન પડતું નથી. આ કવિઓની ભાષા તો હજી યે ચેતનવંતી છે. કાવ્ય દ્વારા જ આજે પણ સત્ય આકાર લે છે.

૫. સૈનિક : કહો કવિરાજ ! આ વર્ષે રથયાત્રા આમ કથળી કેમ ગઈ ?

કવિરાજ : કહું ?

૫. સૈનિક : પુરોહિતજી કે રાજાજીથી રથ ન ઊપડયો, એનો અર્થ શો ?

કવિરાજ : મહાકાલમાંથી એ બન્નેને શ્રદ્ધા ઉડી ગઈ હતી. એનાં દોરડામાં ય એમને વિશ્વાસ નહોતો.

૫.સૈનિક : તમારા શબ્દોમાં કાંઈક રહસ્ય જણાય છે ખરું, કવિરાજ ! અમે શોધ કરવા ગયા તો અમને પણ નિષ્ફલતા મળી.

કવિરાજ : અમને કવિઓને તો માત્ર ગતિમાં જ શ્રદ્ધા હતી. સાચી પ્રગતિ સત્ય બતાવે. એનાં બંધનોની એમને ગતાગમ નહોતી. તેથી એ બંધનો કોયડા રૂપ બની ગયાં ને એમની પીઠ પર સડાસડ ફટકા પડવા માંડયા.

પુરોહિત : ત્યારે તમારા આ શૂદ્રો બધું સમજતા હશે અને બધાં બંધનો સ્વીકારતા હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિરાજ : ના રે ના. ગતિ આપનાર શક્તિને પણ તેઓ વિસરી જાય છે. રથ અને આત્મબલમાં શ્રદ્ધા રાખી તેઓ ઘૂમે છે. થોડી જ વારમાં એનું પરિણામ આપ સૌને પ્રત્યક્ષ થશે. એ લોકો પણ ઘૂમ મારતા આવશે. હળનો જય, રેંટિયાનો જય, શાળનો જય. ત્યારે એમનો નશો એમનો જ વિનાશ કરશે. અને સાથે સાથે આખા જગતમાં પ્રલયનાં મંડાણ થશે.

પુરોહિત : ફરીથી આ પ્રમાણે રથ થંભી જશે તો આપણે કવિરાજને બોલાવવા પડશે.

કવિરાજ : આપ ભલે મસ્કરી કરો. પરંતુ સત્ય કદી મિથ્યા થતું જ નથી. મહાકાલ યુગાયુગાન્તરોથી પછી કવિને પોકારતા રહ્યા છે, પણ બિચારા કવિઓ ! આ ક્ષુબ્ધ માનવ ટોળામાં કદી આગળ આવી જ શકતા નથી.

પુરોહિત : દોરડું ખેંચવાની એમનામાં શક્તિ જ ક્યાં છે ?

કવિરાજ : ખરેખર નથી જ. અમે કવિઓ માત્ર ડોલનમાં ને તાલમાં જ માણીએ છીએ. જ્યાં અટકવાનું નિર્માણ કર્યું હોય ત્યાં અટકવું જ જોઇએ. નહિ તો તાલભંગ થયા ગણાઇએ. જ્યારે સૌંદર્યના હાથમાં લગામ હોય ત્યારે જ શક્તિ સીધી ચાલે. તમને ફક્ત હિંસામાં જ શ્રદ્ધા છે. એ કાયરો, નિર્માલ્યો, જડવાદીઓનો સિદ્ધાંત છેઃ અમારો નહિ.

પ. સનિક : આપ ઉપદેશ દો છો ત્યારે, રાજ્ય સળગી રહ્યું છે.

કવિરાજ : યુગયુગાન્તરોથી રાજ્યો બળતાં જ રહ્યાં છે છતાં, રહેવા સર્જાયું છે તેનો કદી વિનાશ થવાનો નથી.

બી.સનિક : ત્યારે તમે શું કરશો ? કવિરાજ.

કવિરાજ : હું તો વીરતાનાં ને અમર આશાનાં ગીત ગાઈશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રી.સૈનિક : એથી કોનું ભલું થશે ?

કવિરાજ : રથ ખેંચતા માનવીઓના કદમ તાલબદ્ધ થશે. ગમે તેમ ખેંચાખેંચ કરવાથી જ જગતની આ જંજીરો ઊભી થાય છે. ને રથ ચીલે ચઢતો નથી. બધા એક ધારો પ્રયત્ન કરે તો રથ અટકે જ નહિ, આગે કૂચ કર્યા જ કરે.

સૈનિકો : અમે શું કરીએ ?

પુરોહિત : ને હું શું કરું ?

કવિરાજ : કોઈ કામમાં અધીરા ન બનો. વાટ જુઓ. વિચારો. કામ કરો. તમારો વારો આવે તે પહેલાં ધર્મ કાર્યમાં કટિબદ્ધ થવા સજ્જ બનો.

[પડદો પડે છે]



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બલિદાન



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત્રો.

ગુણવતી : ત્રિપુરાની મહારાણી.

ગોવિંદરાય : ત્રિપુરાના મહારાજા.

નક્ષત્રરાય : એમના ભાઇ.

નયનરાય : ત્રિપુરાના સેનાપતિ.

ચંદ્રપાલ : ઉપસેનાપતિ.

પ્રધાન

રઘુપતિ : મહાકાલીના મંદિરના પૂજારી.

જયસિંહ : મહાકાલીનો મંદિરનો સેવક.

સુવર્ણા : ભિક્ષુક કન્યા.

ઉપરાંત દરબારીઓ, દાસીઓ, શહેરીઓ, પરિચારકો.

નોંધ.

મહાકાલીના મંદિરમાં ને રાજમહાલયમાં આ નાટક ભજવાય છે. ઉપર જણાવેલાં નવ મુખ્ય પાત્રો અને ચાર પાંચ ગૌણ પાત્રોથી આ નાટક ભજવી શકાશે. એક દૃશ્યમાં મહાકાલીનું મંદિર, વચ્ચે મહાકાલીની મનુષ્યકદથી પણ મોટી મૂર્તિ, ધૂપ દીપ, પૂજન અર્ચનની સામગ્રી વગેરે. રાજ મહાલયનો દીવાનખંડ, રાજા અને કુટુંબીઓ રાજસી પોષાકમાં, રઘુપતિ પૂજારીના સ્વાંગમાં ને જયસિંહ મંદિરના સેવક તરીકે વસ્ત્ર પરિધાન કરે, સુવર્ણા સાદી ભિક્ષુક કન્યાના વેષમાં રજૂ થાય. સેનાપતિ ને નક્ષત્ર શસ્ત્રો સાથે સજાવટ કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય.

ત્રિપુરાની મહારાણી ગુણવતીને સંતાન નથી. પુરોહિત રઘુપતિ ભોગ ધરાવી મહાકાલીને પ્રસન્ન કરવા મહારાણીને પ્રેરે છે. મહારાણી કબૂલ થાય છે. બલિદાન માટે નિર્માયલાં પશુઓમાં, એક ભિક્ષુક કન્યા સુવર્ણાની બકરી ઝડપાય છે. એનું વાત્સલ્ય ને આક્રંદ મહારાજા ગોવિંદના સદ્દદયી દિલને સ્પર્શી જાય છે. મંદિરના સેવક જયસિંહને પણ સુવર્ણાની વ્યથા વ્યાજબી જણાય છે. પશુનું બલિદાન આપવાનો આદેશ દેવીનો હોઇ શકે જ નહિ. એ સત્ય રાજાને સમજાય છે. તેથી એ રાજ્યમાં બલિદાનની મનાઇ કરે છે. રઘુપતિ રાજાની આજ્ઞાનો વિરોધ ઉઠાવે છે. રઘુપતિ કોઈ પણ હિસાબે પ્રણાલિકાભંગ સહન કરી શકે તેમ નથી. મહારાણી, રૂઢીચૂસ્ત પ્રધાન, સેનાપતિ, નક્ષત્ર, પ્રજાજનો, દરબારીઓ વગેરે તમામ રાજાના પ્રણાલિકાભંગ કરતા હુકમથી ચમકી જાય છે. રઘુપતિ પ્રથમ જયસિંહને અંગત પ્રેમના પાશે એને પોતાના માર્ગે વાળવા મથે છે. નક્ષત્રરાયને રાજ્યાસનની લાલચ આપે છે. ચંદ્રપાલ રાજાને નક્ષત્રના દિલની દ્વિધાવસ્થાથી સાવધ કરે છે. ભાઈને સત્યપંથે વાળવા રાજા મહાકાલીને રક્ત ધરવા તત્પર થાય છે. પરંતુ માતાના અવાજને બદલે એ રઘુપતિનો સ્વર પારખી જાય છે. રઘુપતિ જયસિંહ પર છેડાય છે. મધ્યરાત્રિ પહેલાં રાજરક્ત સમર્પણ કરવા જયસિંહને આદેશ દે છે. સુવર્ણા જયસિંહને મંદિરનો ત્યાગ કરવા સૂચવે છે. કુમાર ધ્રુવને મહારાજા ગોવિંદે પુત્ર તરીકે ઉછેર્યો છે. રાજા કદાચ એને વારસ બનાવશે, એ શંકાથી ગુણવતી રાજરક્ત માટે રાજાને બદલે કુમાર ધ્રુવનું રક્ત નક્ષત્રને રેડવા દોરે છે. નક્ષત્ર ધ્રુવને મહાકાલીના મંદિરમાં ઉપાડી જાય છે. પરંતુ ધ્રુવનો પ્રાણ હરાય તે પહેલાં મહારાજા આવી ચઢે છે. રઘુપતિ એક દિવસની મહેતલ માગી છટકી જાય છે. રાજા નક્ષત્રને હદપાર કરે છે. રાત્રે તુફાન જાગે છે. રઘુપતિને પરાજય સાલે છે. માતાજીને નામે, પોતાના વાત્સલ્યના પાશે, છેવટે રઘુપતિ જયસિંહને રાજા ગોવિંદનું લોહી આણવા આદેશ દે છે. પરંતુ જયસિંહ આત્મસમર્પણ કરે છે. ત્યાં આવેલી સુવર્ણા એ જોઇ મૂર્છાવશ થાય છે. રઘુપતિ ઉન્મત્ત બની મહાકાલીની મૂર્તિને ફગાવી દે છે. મહારાણી મહાકાલીની મૂર્તિનાં દર્શન ન થવાથી ગૂંચવાય છે. રઘુપતિ સુવર્ણા સાથે મંદિરમાંથી વિદાય લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

[ત્રિપુરાનું એક મંદિર]

[મહારાણી ગુણવતી પ્રવેશ કરે છે]

ગુણવતી : તારો મેં શો અપરાધ કર્યો છે ? ભવાની, જીવન ટકાવવા સંતાન વેચનાર ભિખારણને અને અપકીર્તિની ઉંડેરી ગર્તામાંથી ઉગરવા મથનાર વ્યભિચારિણીને તું પુત્રવતી બનાવે છે. હું મહારાણી છું. સમગ્ર વસુંધરા મારા ચરણ ચૂમે છે. છતાં મારા ઉદરને બાલસ્પર્શ હજી થયો નથી. એ માટે હું ઝંખી રહી છું. મારા જીવનમાં એ ધન્ય ઘડી ઊગે. પ્રિયતર જીવનનો સહવાસ મળે, તે માટે હું વિમાસું છું, છતાં મેં શાં પાપ કર્યાં છે; માતાજી ! કે માતૃસુખના સ્વર્ગથી હું આજસુધી વંચિત રહી છું.

[પુરોહિત રઘુપતિ પ્રવેશ કરે છે.]

મારી પૂજામાં કાંઈ ઉણપ છે ? ભગવતી, મારા પતિ દેવતુલ્ય પવિત્ર છે. છતાં જગતની માયાજાળ રચનાર ઓ દેવી, અપુત્રતાના વેરાનમાં મને તેં કેમ ધકેલી દીધી છે ?

રઘુપતિ : માતાજી તો વાત્સલ્યમૂર્તિ છે. એને માટે કોઇ કાનૂન નથી. આપણા આનંદવિષાદો એના દિલના છંદ છે. ધીરજ રાખ, પુત્રી, એમને રાજી કરવા આપણે ખાસ ભોગ ધરાવીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણવતી : મારાં અભિવંદન, સ્વામીજી, આપની હું આભારી છું. મારો બલિ હાજર છે. કેસુડાંનાં રાતાં ફૂલ ને ભોગ માટે સુયોગ્ય પશુઓ...થોડી જ વારમાં અત્રે ઉપસ્થિત થશે.

[મંદિરનો સેવક જયસિંહ પ્રવેશ કરે છે.]

જયસિંહ : આવે બોલાવ્યો ? ગુરુદેવ !

[રાજા ગોવિંદરાય, ભિક્ષુક કન્યા સુવર્ણા સાથે મંદિરમાં આવે છે.]

ગોવિંદરાય : આ ભિક્ષુકકન્યાની બકરીને તમે પરાણે ભોગ દેવા આણી છે ? નામરજીએ ધરાવેલા ભોગથી માતાજી રાજી થતાં હશે, કદી ?

જયસિંહ : રાજાજી, મંદિરના સેવકો પૂજાનાં બલિદાન ક્યાંથી લાવે છે તેની અમને શી ખબર ? (ભિક્ષુક કન્યાને) બેટા, રડે છે શું કામ ? માતાજીએ સ્વીકારેલા ભોગ માટે આંસુ સારવાં ઘટે ?

સુવર્ણા : માતા ભવાની, હું પણ એ બકરીની માતા છું. ઝૂંપડીએ આવતાં મને મોડું થાય તો એ ઘાસ સુદ્ધાં ખાતી નથી. મારી વાટ જોતી એ ખૂમો પાડે છે આવતા વેંત જ હું તેને ઊંચકી લઉં છું. પછી અમે સાથે ભોજન કરીએ છીએ આ દેવી, હું જ એની મા છું.

જયસિંહ : મારાં જીવનસમર્પણથી આ બાલિકાની બકરી જીવતી થાય એમ હોય તો તેને માટે હું મારું જીવન ન્યોછાવર કરવા તૈયાર છું. પરંતુ જે ભોગ માતાજીએ સ્વીકારી લીધો છે એ પાછો શી રીતે વળે ?

સુવર્ણા : માતાજીએ ભોગ સ્વીકારી લીધો ? જુઠું ! માતાજી સાચાં હોય તો આવો ભોગ લે જ નહિ. કોઈ કૃત્યા જ એવું કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયસિંહ : શાન્તમ્ પાપમ્ શાન્તમ્ પાપમ્.

સુવર્ણા : ઓ ભવાની, તું એક ભિક્ષુકકન્યાનું પ્રીતિભોજન છિનવી લેવા અહીં બેઠી છે? તારા વિરુદ્ધ હું કોને ફરિયાદ કરું? કહો, માતાજી, હું ક્યાં જાઉં? રાજાજી! હું શું કરું?

ગોવિંદરાય: હું શું કરું? બેટા, તને શો જવાબ આપવો એ જ મને સૂઝતું નથી.

સુવર્ણા : આ લોહીની ધાર ચાલી, આ પગથી પર. મારી બકરીનું લોહી???—ઓ દીકરી! જીવન માટે તેં કેટકેટલું આક્રંદ કર્યું હશે! સમગ્ર બધીર સંસારપટલ ચીરી તારો કરુણ ચિત્કાર આજે મને કેમ ન સંભળાયો?

જયસિંહ : (પ્રતિમાને) છેક બાલ્યથી મેં તારી પૂજા કરી છે. ઓ મહાકાલી! છતાં હું તને ઓળખી શક્યો નથી. માત્ર પામર મનુષ્યો જ દયા કરી જાણે ને દેવો દયા ન કરે? (સુવર્ણાને) આવ, બેટા, મારાથી બનશે એટલું હું કરી છૂટીશ. દેવો દયા ન કરે તો માનવોએ તો કરુણા દાખવવી જ ઘટે ને.

[જયસિંહ ને સુવર્ણા જાય છે.]

[રઘુપતિ, રાજાના ભાઈ નક્ષત્રરાય અને દરબારીઓ પ્રવેશ કરે છે.]

બધા : મહારાજનો જય!

ગોવિંદરાય: સાંભળો, બન્ધુઓ, આજથી આપણા રાજ્યના કોઈ પણ મંદિરમાં રક્તપાત કરવાની હું મનાઈ કરું છું.

પ્રધાન : એટલે? હવે માતાજીને ભોગ નહિ ધરાવાય?

સેનાપતિ : ભયંકર! માતાજીના બલિદાનની બંધી?

નક્ષત્રરાય : બલિદાન અટકે તો તો ગજબ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રઘુપતિ : સ્વપ્ન છે સ્વપ્ન. માતાજીનું બલિદાન તે અટકતું હશે ?

ગોવિંદ : સ્વપ્ન નથી. ગુરુદેવ, હવે તો સર્વેએ નિદ્રામુકત થવાનું છે. ભિક્ષુકકન્યા સ્વરૂપે આજે માતાજીએ જ આપણ સર્વને દર્શન દીધાં છે : એમનાથી હવે આ રકતપાત નથી સહેવાતો.

રઘુપતિ : આજ તો બલિદાનની વાતને જમાના વીત્યા. યુગ યુગાન્તરથી એ રકતપ્રવાહ સતત વહ્યા જ કરે છે. માતાજીને આમ અણધાર્યો અણગમો તે આવતો હશે ?

ગોવિંદ : આ અણધાર્યો અણગમો નથી. માતાજી તો રકતપાતથી સદા ય વિમુખ છે. લોહીનાં તરસ્યાં એ તો કદી યે નહોતાં.

રઘુપતિ : રાજાજી ! સાવધાન. આ પ્રશ્ન પર ક્ષણ ભર ગંભીર વિચાર કરો. શાસ્ત્રાજ્ઞાનો અનાદર કરવાનો એક રાજાને પણ અધિકાર નથી.

ગોવિંદરાય: અંતર્યામીના આદેશના બોલ શાસ્ત્રોથી પર છે.

રઘુપતિ : તમારી આ મૂર્ખાઈને અભિમાનનો ટેકો ન આપો. તમે એકલા જ અંતર્યામીના આદેશ ઝીલો છો ને બીજા કાંઈ સાંભળતા જ નથી ?

નક્ષત્ર : પ્રભુ રાજાજીને આદેશ આપે ને પુરોહિતને નહિ ? અજબ વાત થઈ.

ગોવિંદ : પ્રભુના બોલના તો સૃષ્ટિભરમાં પડછંદા પડે છે. જેને સાંભળવું ન હોય એ બહેરો થાય.

રઘુપતિ : નાસ્તિક ! દંભી !

ગોવિંદ : ગુરુદેવ, હવે આપ પધારો. પ્રભાતની આરતીને વિલંબ થાય છે. સમગ્ર સૃષ્ટિની માતાની પૂજામાં લોહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેડનારને અમારા રાજ્યમાંથી દેશવટો દેવાશે. દરબારીઓ, એ રાજાજ્ઞાની ઘોષણા કરો. જાઓ.

રઘુપતિ : આપનો આ અંતિમ નિર્ણય છે ?

ગોવિંદ : હાં.

રઘુપતિ : તો આપનો વિનાશ થશે. અભિમાનમાં અંધ બની આપ શું એમ માની રહ્યા છો કે, આપના નગરમાં વાસ કરી રહેલાં મહાદેવી પણ આપની પ્રજા છે ? આપના કાયદાનાં બંધન મહાકાલીને બાંધશે ? એનો ભોગ બંધ થશે ? કદી નહિ. આવી અજુગતી રાજાજ્ઞા વિરુદ્ધ હું પડકાર કરું છું. હું મહાકાલીનો સેવક છું.

[જાય છે.]

નયનરાય : ક્ષમા કરો, કૃપાનિધાન, જરા વિચારો આપના અધિકારની આ વાત છે ?

પ્રધાન : આપનો આદેશ પાછો ખેંચી લેવા માટે હજી કાંઈ જ અસુરું નથી થયું.

ગોવિંદ : પાપને પ્રજાળવા ઘડીનો ય વિલંબ ન પાલવે. પ્રધાનજી.

પ્રધાન : પાપ હોય તો આમ યુગાન્તરથી ટકે પણ ખરું ? દેવીને ચરણે ધરાતી પુણ્યક્રિયામાં પાપ સંભવે ય ખરું ?

[રાજા નિરુત્તર રહે છે.]

નક્ષત્ર : ન જ સંભવે.

પ્રધાન : આપણા પિતૃઓએ ભક્તિભાવથી આને ધર્મકાર્ય માન્યું છે. આપને હાથે એ વડીલોનું અપમાન થશે ?

[રાજા હજીયે નિરુત્તર રહે છે.]

નયન : જમાનાના એ રિવાજને તિલાંજલિ આપવાનો રાજાને પણ અધિકાર ખરો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ : ચર્ચાને કે શંકાને અહીં સ્થાન નથી. જાઓ, મારા રાજ્યમાં મારા આદેશનો અમલ કરો.

પ્રધાન : પરંતુ રાજાજી, આજની પ્રાતઃપૂજા માટે તો ખુદ મહારાણીજીએ જ બલિ પાડવ્યો છે. મંદિરના દ્વારે એ પહોંચી પણ ગયો હશે.

ગોવિંદ : એને પાછો વાળો.

[જાય છે.]

પ્રધાન : ગજબ થયો.

નક્ષત્ર : આપણે હવે તો બૌદ્ધધર્મ અંગીકાર કરવાનો છે: અહિંસાનો જાપ જપવાનો છે ? ભયંકર ! ભયંકર !

[બધા જાય છે.]



૨

[મંદિરનો એક આવાસ]

[રઘુપતિ પ્રવેશ કરે છે. જયસિંહ પાછળ દેખાય છે.]

જયસિંહ : ગુરુજી !

[હાથમાં પાદપ્રક્ષાલન માટે જલપાત્ર છે.]

રઘુપતિ : મારે કોઈનું કામ નથી.

જયસિંહ : હું તો પાણી લાવ્યો છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રઘુપતિ : જરૂર નથી.

જયસિંહ : ને વસ્ત્રો !—

રઘુપતિ : તેની પણ જરૂર નથી. લઈ જા.

જયસિંહ : કંઈ દોષ થયો, કૃપાનિધાન !

રઘુપતિ : બકવાદ ન કર. પાપના પડછાયા ગાઢ બન્યા છે. મંદિરની વેદી સામે આજે રાજ્યસિંહાસને મસ્તક ઝૂંચકયું છે. કલિયુગના ઓ રાહબરો, રાજકર્મચારીઓ પેઠે નતમસ્તકે રાજાજ્ઞા ઝીલી લેવા આપ તૈયાર છો ? જગતનિયંતા દેવોનું સ્વામીત્વ ઝૂંટવી લેવા માનવો ને દાનવો એકઠા મળ્યા છે કે શું ? અમરાપુરીને સ્વમાન સાચવતાં પણ નહિ આવડે કે શું ? ભલે...ભલે...આપ ભલે નિષ્ક્રિય રહો. પૃથ્વીના પાટલે હજી ભૂદેવો બેઠા છે. એમના ક્રોધને પ્રજ્વલિત કરનાર રાજ્ય સિંહાસન પોતે જ પોતાનું જ ઇન્ધન બનશે. બેટા, આજે મારું દિલ વિહ્વલ બન્યું છે.

જયસિંહ : શું થાય છે, ગુરુજી !

રઘુપતિ : એ કહેવા શબ્દો પણ શોધ્યા જડતા નથી. માતાજીનું અપમાન થયું છે. માતાજીને જ પૂછી જો ને.

જયસિંહ : અપમાન ! માતાજીનું અપમાન ! કોણે કર્યું ?

રઘુપતિ : રાજા ગોવિંદે. બીજાં કોણે ?

જયસિંહ : રાજા ગોવિંદે મહાકાલીની અવજ્ઞા કરી છે ?

રઘુપતિ : તારી ને મારી પણ અવજ્ઞા ! દેશ, શાસ્ત્રો, સમય : તમામની અવજ્ઞા. મહાકાલી તો કાલના અનંત પ્રવાહનું નિયમન કરનારી દેવી છે. એની પણ અવજ્ઞા. પેલા એના ક્ષુલ્લક રાજ્યસિંહાસન પર વિરાજી પૂર્ણ ઘમંડભરી એણે અવળી રાજાજ્ઞા કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયસિંહ : રાજા ગોવિંદ ?

રઘુપતિ : હા. હા. રાજા ગોવિંદ–તારા હૈયાના હારે ? કૃતઘ્ની, તને ઉછેરતાં મારા પ્રેમનું પાણી કર્યું તોય રાજા ગોવિંદ આજે તારે હૈયે વસ્યો છે ?

જયસિંહ : પિતાના ઉછંગે બેસી બાલક પૂર્ણ ચન્દ્ર પ્રતિ પોતાના હસ્ત પ્રસારે છે. તમે પિતા છો. રાજા ગોવિંદ પૂર્ણિમાનો ચંદ્ર છે. લોકો કહે છે કે આપણા રાજાએ મંદિરમાં બલિદાન પર પ્રતિબંધ મૂકયો છે. એ વાત સાચી છે ? આ આજ્ઞાને આપણે તો અધીન થઈ શકીએ તેમ નથી.

રઘુપતિ : આજ્ઞાનો અનાદર કરનારને દેશનિકાલની સજા થવાની છે.

જયસિંહ : માતાની સેવા અપૂર્ણ રહે એ ભૂમિથી હિજરત કરવી શી ખોટી ? બિલકુલ નહિ. હું જીવું છું ત્યાં સુધી, માતાજીની સેવામાં જરા ય ઉણપ નહિ આવે.

[તેઓ જાય છે.]



૩

[રાજમહાલયનો એક ખંડ]

[રાજરાણી ગુણવતી દાસી સાથે પ્રવેશ કરે છે]

ગુણવતી : શું કહે છે ? અલિ, મહારાણીનું બલિ મંદિરના મુખ્ય દ્વારથી જ પાછું વાળ્યું ? આવું જિગર ધારણ કરનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળા માથાનો માનવી પાકયો છે ખરો આ રાજ્યમાં !' કોણ છે એ નરાધમ !

દાસી : એમનું નામ લેતાં ડર લાગે છે, રાણીજી.

ગુણવતી : હું પૂછું છું, પછી ડર કેવા ? મારાથી તને કોનો વધારે ડર છે ?

દાસી : ક્ષમા કરો, મહારાણી.

ગુણવતી : હજી ગઈ સન્ધ્યાએ તો રાજચારણોએ મારાં કીર્તિ-ગીતો ગાયાં છે, ભૂદેવોએ આશીર્વચનો ઉચ્ચાર્યાં છે. ભૃત્યજનોએ મારી આજ્ઞાને શિરોમાન્ય કરી છે: ત્યાં આ કલિયુગમાં એવું તે શું થયું કે આખી બાજી જ પલટાઈ ગઇ. મહાદેવીએ મારી પૂજા નકારી. મહારાણીની પ્રતિષ્ઠામાં પૂળો મુકાયો. ત્રિપુરા સ્વપ્નભોમ બની ગઈ ? રાજપુરોહિતને પ્રણામ પાઠવો. અત્રે સત્વર પધારે, એવો પ્રતિબંધ કરો

[દાસી બહાર જાય છે.]

[રાજા ગોવિંદરાય પ્રવેશ કરે છે]

ગુણવતી : સાંભળ્યું ? રાજાજી, મેં પાડવેલો બલિ માતાજીના મંદિરેથી પાછો વાળ્યો.

ગોવિંદ : મને એની ખબર છે.

ગુણવતિ : આપને ખબર છે ! છતાં ય આ અપમાન આપ ગળી જાઓ છો ?

ગોવિંદ : અપરાધી માટે હું ક્ષમા માગું છું.

ગુણવતી : હું જાણું છું. રાજાજી, આપના દિલમાં ઘણી કરુણા ભરી છે. પરંતુ આ દયા નથી : નિર્બલતા છે. આપને દયા અંતરાયભૂત થતી હોય તો દંડ દેવાનું કામ મને સોંપો. મને કહો, અપરાધી કોણ છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ : અપરાધી હું છું. મારી રાણી, તારા દિલને દુભવ્યું એ જ મારો અપરાધ છે.

ગુણવતી : તમારી વાત મને નથી સમજાતી.

ગોવિંદ : આજથી મારા રાજ્યમાં બલિદાન પર પ્રતિબંધ મુકાયો છે.

ગુણવતી : એ પ્રતિબંધ મૂકનાર કોણ ?

ગોવિંદ : માતાજી સ્વયમ્—

ગુણવતી : માતાજીએ કોને આદેશ દીધો ?

ગોવિંદ : મને.

ગુણવતી : તમને ? કેવી હાસ્યાસ્પદ વાતો કરો છો ? સમગ્ર સૃષ્ટિની મહારાણી મહાકાલી ત્રિપુરાના રાજાના રાજ્યભવનમાં અરજી કરવા આવ્યાં ?—

ગોવિંદ : અરજી કરવા નહિ : પોતાનો વિષાદ દાખવવા.

ગુણવતી : આપની હકૂમત મંદિરની બહાર છે, આપના આદેશો જ્યાં અવિનય લેખાય ત્યાં પાઠવશો નહિ.

ગોવિંદ : પણ એ આજ્ઞા મારી નથી : ખુદ માતાજીનો જ એ આદેશ છે.

ગુણવતી : આપનો નિર્ણય આપને સત્ય જણાયો હોય તો ભલે. પણ, કૃપા કરી આપ મારા ધર્મની આડે ન આવશો. મારી સમજણ પ્રમાણે મને મારી પૂજા કરવા દો.

ગોવિંદ : મંદિરનાં બલિદાન પર પ્રતિબંધ મૂકવા મેં માતાજીને વચન આપ્યું છે. એ વચન મારે પાળ્યે જ છૂટકો.

ગુણવતી : મેં પણ ત્રણસો બકરાં ને સો ભેંસોનો ભોગ ધરાવવાની બાધા રાખી છે : તે પણ મારે પૂરી કરે જ છૂટકો. સમજ્યા ? હવે આપ પધારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ : જેવી ઇચ્છા.

[રાજા જાય છે.]

[રઘુપતિ પ્રવેશ કરે છે.]

ગુણવતી : મારો બલિ મંદિરના મુખ્ય દ્વારથી પાછો વાળ્યો છે, ગુરુજી !

રઘુપતિ : એક ભિખારણની વિનવણીનાં મૂલ્ય પણ આપની પ્રાર્થના કરતાં ઓછાં અંકાતાં નથી. મહારાણીજી, પરંતુ કમનસીબી એ છે કે હવે તો માતાજી પૂજામાત્રથી વંચિત બન્યાં છે. કમનસીબી તો એ છે કે રાજાઓનો ગર્વ અત્યારે કાળમુખો દૈત્ય બની રહ્યો છે, દેવીકૃપાને આંતરી રહ્યો છે. ક્રોધથી લાલચોળ બનેલી મહાકાલીની આંખ સર્વે પૂજારીને ડારી રહી છે.

ગુણવતી : પણ એનું પરિણામ, ગુરુજી !

રઘુપતિ : એ તો માતાજી જાણે. એમનાં શમણાંથી આ સૃષ્ટિ સર્જાય છે. છતાં ય એક વાત નક્કી છે કે જે સિંહાસન માતાજીના મંદિર પર પોતાની છાયા પ્રસારી રહ્યું છે, તે પરપોટા પેઠે ફૂટી જશે, અનંતમાં વિલીન થશે.

ગુણવતી : દયા કરો ! ઉદ્ધાર કરો !

રઘુપતિ : હા. હા. હું ઉદ્ધાર કરું ? ને તે ય તમારો...? પૃથ્વી ને સ્વર્ગ પર શાસન કરનારની હૃદયેશ્વરીનો ? અરે, એમની આગળ તો સ્વર્ગના દેવો અને ભૂદેવો પણ ધ્રૂજી રહ્યા છે. શરમ છે. આ કલિકાલમાં બ્રાહ્મણોના નિષ્ફલ શાપો બ્રાહ્મણોને પોતાને જ દંશ દઈ ઘેલા બનાવી રહ્યા છે.

[પોતાની જનોઈ તોડી નાખવા પ્રયત્ન કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણવતી : (અટકાવી) હાં. હાં. દયા કરો. આવું અઘટિત આચરણ ન કરો.

રઘુપતિ : તો બ્રાહ્મણોનો અધિકાર પુનઃ સ્થાપિત કરો.

ગુણવતી : એ કરીશ, ગુરુજી ! જાઓ, પૂજામાં પ્રવૃત્ત થાઓ. તમારી પૂજામાં કોઈ માનવસત્તા અંતરાય નહિ નાખે

રઘુપતિ : ખરેખર ? આપની કૃપાથી હું વિહ્વલ બન્યો છું. આપની આંખના અણસાર માત્રથી જ દેવોની અપકીર્તિ અટકી ગઈ છે; બ્રાહ્મણો પુરોહિતધર્મ બજાવવા શક્તિશાળી બન્યા છે. નિર્વાણ સુધી આપની કૃપાથી ધર્મસંસ્થાઓ ફૂલશે ને ફાલશે.

[જાય છે.]

[રાજા ગોવિન્દરાય પ્રવેશ કરે છે.]

ગોવિંદરાય: મહારાણી, તમારી આ રોષભરી ભ્રમરની છાયા મારા હૈયાનું સઘળું ચેતન હરી લે છે.

ગુણવતી : જાઓ. આ પવિત્ર કુલ પર શાપ ન ઉતારો.

ગોવિંદ : સ્ત્રીનું સ્મિત કુલના શાપ નિવારે છે. મહિલાની માયામાં પ્રભુની દયાનાં દર્શન થાય છે.

ગુણવતી : જાઓ. મારે તમારું મોં નથી જોવું.

ગોવિંદ : ભલે. જાઉં છું. પણ હું જરૂર પાછો આવીશ : માત્ર તમે યાદ કરશો ત્યારે.

ગુણવતી : (રાજાનો ચરણ પકડી) ક્ષમાં કરો, રાજાજી. આપ આવા નિષ્ઠુર ક્યાંથી બન્યા છો ? સમાજ સાથે આપની પત્નીને પણ આપે તિલાંજલિ આપી ? સ્ત્રીનો સ્નેહ છંડાય ત્યારે એ રોષ ધારણ કરે છે, એ જાણો છો !

ગોવિંદ : તારામાં વિશ્વાસ ગુમાવીશ તે દિવસે તો હું મારા પ્રાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડીશ, એ ખબર છે ? પ્રિયે ! વાદળો તો ઘડીક આવે ને જાય પરંતુ સૂર્યપ્રકાશ તો સર્વદા ઝળહળે છે

ગુણવતી : હા. સ્વામીનાથ, આવેલાં વાદળો જરૂર વિખરાશે. પ્રભુનું ચક્ર સ્વસ્થાને પાછું વળશે. યુગયુગાન્તરની પ્રણાલિકા પર મહાકાલનો સૂર્ય પ્રકાશ વેરશે. મારા રાજા, બ્રાહ્મણોને એમના પદ પર પુનઃ સ્થાપિત કરો. દેવીને ભોગ ધરાવવાનો પ્રતિબંધ ઉઠાવી લો. આપની રાજસત્તાને ઐહિક વર્તુલમાં જ વાળી રાખો.

ગોવિંદ : સનાતન સત્યનો દ્રોહ કરવાનો બ્રાહ્મણોને પણ અધિકાર નથી. પશુનું લોહી દેવોનું બલિ નથી. ધર્મ ને સત્ય સાચવવાનો રાજા અને કિસાન બન્નેનો સરખો ધર્મ છે.

ગુણવંતી : આપને ચરણે હું દંડવત્ પ્રણામ કરું છું. યુગ-યુગાન્તરથી ચાલ્યા આવતા રિવાજો પર, રાજાની કોઈ હકૂમત નથી. હવાની પેઠે સર્વનો એના પર અધિકાર છે. છતાં આપની મહારાણી, આપની પ્રજા વતી, હાથ જોડી આપને પ્રાર્થના કરું છું. છતાં આપ આપના ગુમાનમાં મસ્ત રહેશો ? નિરુત્તર રહી, સ્નેહીની વિનવણી-ને શંકાસ્પદ ધર્મ બજાવવા, ઠોકરે મારશો ? તો જાઓ, મારાથી દૂર થાઓ.

[બન્ને જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૪

[મહાકાલીના મંદિરમાં]

[રઘુપતિ, જયસિંહ ને નયનરાય પ્રવેશ કરે છે.]

રઘુપતિ : સેનાપતિ, માતાજી પ્રત્યે આપનો ભક્તિભાવ અપાર છે.

નયન : એ તો અમારા વંશપરંપરાથી ઊતરી આવેલી વાત છે.

રઘુપતિ : એ ભક્તિભાવ તમારામાં અખુટ ધૈર્ય ભરો. એથી તમારી કૃપાણધારા ઈન્દ્રના વજ્ર જેવી અમોઘ બનો: સૃષ્ટિની સર્વ સત્તાઓ ને પદવીઓમાં તમો કેન્દ્રસ્થાને વિરાજો.

નયન : બ્રાહ્મણનાં વચન કદાપિ મિથ્યા નહિ થાય.

રઘુપતિ : જાઓ, તમારું સૈન્ય એકઠું કરો : માતાજીના શત્રુને રણમાં રોળી નાખો.

નયન : પણ એ શત્રુ કોણ છે, એ તો કહો. ગુરુજી !

રઘુપતિ : ગોવિંદ...

નયન : ગોવિંદ ?-આપણા રાજા ! ! !—

રઘુપતિ : તમારી સઘળી શક્તિથી એમના પર આક્રમણ કરો.

નયન : આપની આ સલાહ વ્યાજબી નથી. ગુરુજી ! આપ મારી કસોટી તો કરી રહ્યા નથી ને ?

રઘુપતિ : હા. તમારી કસોટીનો જ આ સમય છે. તમે કોના અનુચર છો તે હવે જ જણાશે. તમારો સંકોચ દૂર કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તો દેવીનો આદેશ છે એટલે કોઈ ઐહિક અંતરાયો તમને નડશે નહિ.

નયનરાય : મારા દિલમાં તો કશો ય સંકોચ નથી. મારા સ્થાને હું અડગ જ છું. માતાજીની સેવામાં સર્વદા તૈયાર છું.

રઘુપતિ : તમે ખરેખર વીરપુરુષ છો.

નયન : માતાજીની નજરમાં હું એટલો બધો હલકો પડી ગયો કે મને રાજદ્રોહી બનવા આજ્ઞા કરી? માનવહૃદયના વિશ્વાસ પર તો દેવી નિર્ભર છે. મારી એ શ્રદ્ધા ડગે એવું માતાજી માગે છે. આજે રાજા ધૂળમાં રગદોળાશે તો કાલે દેવીનો પણ વારો આવશે...

જયસિંહ : કેવાં વીર વચન?

રઘુપતિ : રાજા માતાજીનો દ્રોહ કરે પછી તમારી વફાદારીનો પ્રશ્ન જ રહેતો નથી.

નયનરાય : ચર્ચાના અરણ્યમાં મને ધકેલશો નહિ. ગુરુજી, હું તો ફક્ત એક જ વાત જાણું છું. સત્ય ને શ્રદ્ધાનો સીધો માર્ગ. માતાજીનો આ નમ્રસેવક એ રાજમાર્ગથી કદાપિ ચલાયમાન થશે નહિ.

[જાય છે]

જયસિંહ : આપણી શ્રદ્ધા પણ સેનાપતિજી જેવી અચલ નિવડો. ગુરુજી! સૈનિકોની સહાયનું શું કામ છે? માતાજીએ આપણો જે ધર્મ દાખવ્યો છે તેનું પાલન કરવા આપણામાં પૂરતી તાકાત છે. મંદિરનાં દ્વાર ખોલી નાખો, ગુરુજી, મૃદંગનાદ ગજાવો. ચાલો, નાગરિકો! માતાજીની પૂજાનો સમય થયો છે. એ જ આપણા ભયત્રસ્ત હૈયાંનો ભય ટાળશે...આવો...નાનાં... મોટાં...સહુ આવો...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[નાગરિકો પ્રવેશ કરે છે.]

૫. નાગરિક : ચાલો, ભાઈઓ , ચાલો, દર્શન થયાં.

સર્વે : માતાજીનો જય ! દેવી ભવાનીનો જય ! મહાકાલીનો જય.

[સૌ ગાય છે ને નૃત્ય કરે છે.]

રણભૂમિએ નવરાત્રા માતા ભવાની નાચે,
રાતી કરાલ [જહ્વા અગ્નિશિખા પ્રસારે;
વેણી છૂટી છવાઇ, આકાશ કેશ ચૂમે,
તારા રવિ સમૂળા જાણે ઉખાડી નાખે.
ઘનશ્યામ અંગમાંથી લોહીની છોળ ઊડે,
ઘેરા પ્રયોગનાદે શત્રુ સમાય ભોમે;
એના સશક્ત પાદે સારી ધરા ધ્રુજાવે,
સંસાર ચક્ર કમ્પે પ્રલયાન્ધકાર છાયે.

જયસિંહ : પરિચારકો બાલ સાથે મંદિર તરફ જતા જણાય છે.

[તેઓ જયનાદ કરે છે]

માતાજીનો જય ! મહારાણીનો જય !

રઘુપતિ : જલ્દી, જયસિંહ, સત્વર પૂજાની તૈયારી કર.

જયસિંહ : બધું જ તૈયાર છે, ગુરુજી !

રઘુપતિ : દેશબંધુ નક્ષત્રરાયને તેડી લાવવા કોઈને મોકલ.

[જયસિંહ જાય છે : નાગરિકો ગાય છે ને નૃત્ય કરે છે]

[ગોવિંદ પ્રતિહાર સાથે પ્રવેશ કરે છે.]

ગોવિંદ : બંધ કરો. રઘુપતિ, મારા આદેશનો અનાદર થાય છે.

રઘુપતિ : ખરી વાત છે, મહારાજ.

ગોવિંદ : નહિ માનો તો હદપાર થવું પડશે.

રઘુપતિ ; બિલકુલ નાહ. રાજાનો મુગટ જ્યાં ધૂળ ચાટે છે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો વાસ છે. તેની હદપાર થવાનું મને કોઈ કહી શકશે નહિ. એ કદી નહિ બને. નાગરિકો, માતાજીનો બલિ લાવો.

[નાગરિકો ઢોલ વગાડે છે.]

ગોવિંદ : (પ્રતિહારને) સેનાપતિને બોલાવો. રઘુપતિ, પ્રભુના હક્કોના રક્ષણ માટે તું સૈનિકો બોલાવવાની મને ફરજ પાડે છે. ખરેખર, આ શરમની વાત છે. શસ્ત્રોની શક્તિ તો મનુષ્યની પામરતા દાખવે છે.

રઘુપતિ : એ નાસ્તિક રાજા, બ્રાહ્મણો પોતાની પ્રાચીન શક્તિ ગુમાવી બેઠા છે, એમ તું માને છે : પણ એમ નથી. મારા હૈયામાંથી એ શક્તિની જ્વાલા બહાર પડી તારા સિંહાસનને ભસ્મ કરી નાખશે. નહિ તો આ શાસ્ત્રોને હું આ વેદીમાં જલાવી દઈશ. એટલે મારું બ્રાહ્મણત્વ ને આ મંદિરનો વૈભવ પણ નષ્ટ થશે.

[નયનરાય અને ચંદ્રપાલ પ્રવેશ કરે છે]

ગોવિંદ : આ મંદિરમાં પશુનું બલિદાન અટકાવવા તમારા સૈનિકો ગોઠવી દો.

નયન : ક્ષમા કરો, મહારાજ, માતાજીના મંદિરમાં સેવક સત્તા અજમાવવા નાઈલાજ છે.

ગોવિંદ : સેનાપતિ, મારા હુકમમાં પ્રશ્નને સ્થાન નથી. રાજાજ્ઞાનું પાલન કર્યે જ તમારો છૂટકો. એનાં પરિણામનો ભાર રાજા ઉપર છે.

નયન : હું આપનો ગુલામ છું એ વાત ખરી પણ હું યે મનુષ્ય છું. મને પણ ભગવાને બુદ્ધિ આપી છે. મારે પણ ધર્મ છે. મારો રાજા છે એમ-મારા દેવ પણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ : એમ હોય તો તારી તલવાર ચંદ્રપાલને સ્વાધીન કર.

નયન : ચંદ્રપાલને શા માટે ? આપના વડવાઓએ આ તલવાર મારા વડવાઓને આપી હતી. આપ એ પાછી માગશો તો હું આપને જ સ્વાધીન કરીશ. વીરપુરુષોના સ્વર્ગમાં વાસ કરતા ઓ પિતૃઓ, આપ એની સાખ પૂરજો. આપની વફાદારી અને વીરતાથી પવિત્ર થયેલી આ તલવાર હું રાજાજીને પાછી સુપ્રત કરું છું.

[જાય છે.]

રઘુપતિ : જોઈ તે બ્રાહ્મણના શાપની શરૂઆત—

[જયસિંહ પ્રવેશ કરે છે]

જયસિંહ : બલિદાન તૈયાર છે.

ગોવિંદ : બલિદાન !

જયસિંહ : રાજાજી, મારી એક વાત માનો. નાસ્તિક બની આમ અંતરાય ન નાખો.

રઘુપતિ : જયસિંહ, ઊભો થા. ત્હારો ગુરુ હું છું, તારું સ્થાન મારે ચરણે છે. રાજાનો તું ગુલામ નથી. મૂર્ખ, મારી ક્ષમા યાચ. પ્રભુની આ સેવા માટે રાજાજ્ઞાની વાટ શું જોઈ રહ્યો છે ? તારી પૂજા બંધ કર. બલિદાન રહેવા દે. જો. રાજાનું અભિમાન આપોઆપ ઓગળી જશે. ચાલ.

[બહાર જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

(સુવર્ણા પ્રવેશ કરે છે.)

સુવર્ણા : જયસિંહ ! ક્યાં છો ! તમે અહીં નથી ? જયસિંહ. અહીં તો આ પથ્થરની પ્રતિમા જ છે. તેને કશું જ ચળાયમાન કરી શકે તેમ નથી. આ દેવી ! એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના તું અમારું સર્વસ્વ હરી લે છે. અમે સ્નેહ માટે ઝૂરી મરીએ છીએ ને સ્નેહવિહોણા જ મૃત્યુ પામીએ છીએ, જ્યારે તને એ વણમાગ્યો મળી રહે છે. સમાધિની શાંતિથી તું એનો સંગ્રહ કરે છેઃ તારી કૃપણ શિલાઓ નીચે છૂપાવી દે છે. ટળવળતા જગતથી એને દૂર રાખે છે. જયસિંહ, કહે, તને માતાજીના આશ્રયે શું સુખ સાંપડ્યું ? તારી સાથે એણે શી વાતો કરી ? ઓ ધવાયેલા જિગર ! !!—

[રઘુપતિ પ્રવેશ કરે છે.]

રઘુપતિ : કોણ છે ?

સુવર્ણા : હું ભિક્ષુકકન્યા. મારે જયસિંહનું કામ છે. એ ક્યાં છે ?

રઘુપતિ : ભાગી જા. આ મંદિરમાં તારું કામ નથી. માતાજીમાં સ્થાપિત થયેલા જયસિંહના હૈયાને તું ચોરી જવા મથે છે, તે હું જાણું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુવર્ણા : માતાજીને મારો શો ડર ? બલ્કે એમનાથી હું તો ડરું છું.

[સુવર્ણા જાય છે.]

[જયસિંહ ને રાજબંધુ નક્ષત્ર પ્રવેશ કરે છે.]

નક્ષત્ર : મારું શું કામ પડ્યું ?

રઘુપતિ : બપ્પ રાતે માતાજીએ મને એક શમણું આપ્યું. એક અઠવાડિયામાં આપ રાજા થશો.

નક્ષત્ર : હા ! હા ! ભારે ઠરી, હોં !

રઘુપતિ : આ ખાલી વાત નથી. આપ રાજા થશો, એ નક્કી જ છે.

નક્ષત્ર : એ મારા માન્યામાં નથી આવતું.

રઘુપતિ : મારાં વચનમાં શંકા ?

નક્ષત્ર : શંકા તો નથી કરવી પણ એમ ન બન્યું તો ?

રઘુપતિ : બનશે જ.

નક્ષત્ર : શી રીતે ? એવો સંભવ છે ?

રઘુપતિ : માતાજી રાજાજીનું બલિદાન માગે છે.

નક્ષત્ર : રાજાજીનું ?

રઘુપતિ : અને આપ રાજા થાઓ તે અગાઉ આપે જ એ ચઢાવવાનું.

નક્ષત્ર : એ કેમ બને ? એની મને ગમ નથી.

રઘુપતિ : રાજા ગોવિન્દ—જયસિંહ, સ્વસ્થ થા. નક્ષત્ર ! સમજી લ્યો, તમારે રાજાજીના પ્રાણ લેવાના. એમના રક્તમાં માતાજી સ્નાન કરશે. જયસિંહ ! ન સંભળાય તો તું દૂર ચાલ્યો જા.

નક્ષત્ર : આપ તો મારા ભાઈનું ખૂન કરવાનું મને કહી રહ્યા છો. એ મને–જરા ય અળખામણા નથી. હું એમને ચાહું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રઘુપતિ : એથી તો એ બલિદાન વધારે અમૂલ્ય બને છે.

નક્ષત્ર : પણ મારે રાજ્ય નથી જોઈતું. મને મારી સ્થિતિથી સંતોષ છે.

રઘુપતિ : પણ છૂટકો જ નથી. માતાજીનો આદેશ છે. રાજકુટુંબના રકતની એમને તૃષા જાગી છે. તમારા ભાઈ નહિ તો તમારે પ્રાણાર્પણ કરવું પડશે.

નક્ષત્ર : દયા કરો, ગુરુજી ! દયા કરો.

રઘુપતિ : માતાજીની આજ્ઞાનું પાલન કર્યા સિવાય છૂટકો જ નથી.

નક્ષત્ર : તો શું કરું ? મને માર્ગ દાખવો.

રઘુપતિ : ભલે, યોગ્ય કાલે તમને સૂચના મળી જશે.

[નક્ષત્ર જાય છે.]

જયસિંહ : આ હું શું સાંભળું છું ? દયાળુ દેવી ! આવો તે તારો આદેશ હોય ? બંધુ બંધુનો ઘાત કરે ! ગુરુજી, માતાજીનો આદેશ છે, એવું આપ શી રીતે કહી શકો છો ?

રઘુપતિ : એ વિના માતાજીની સેવા અશકય છે.

જયસિંહ : શા માટે અશકય છે ? ઓ માતાજી ! આપની કૃપાણ આપ જ ચલાવો ને. આપની ઇચ્છા બર આણવા આવી ચોરી અને આવાં પાપ શા માટે ?

રઘુપતિ : પાપનું તને શું ભાન છે ?

જયસિંહ : આપે જે ખ્યાલ આપ્યો છે એ.

રઘુપતિ : તારો પાઠ બરાબર તૈયાર થયો નથી. આવ, એક વાર તને પાપનો પાઠ ફરી શીખવું. સાચી રીતે પાપનો કાંઈ અર્થ જ નથી. મારવું એટલે મારવું, એમાં નથી પાપ કે નથી પુણ્ય, નથી કશું જ. આ પૃથ્વીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટી એવા અનેકના વિનાશમાંથી જ ઉત્પન્ન થઇ છે. સૃષ્ટિના ક્ષણભંગુર જીવોની કારમી જીવન કથા કરાલ કાલ હરહંમેશ લોહીના અક્ષરે લખી રહ્યો છે. અરણ્યમાં, મનુષ્યવસવાટમાં, પંખીવિહારમાં, જંતુના જગતમાં, સિંધુની સમાધિમાં કે અંબરપટમાં હરહંમેશ પ્રત્યેક પલે વિનાશ થતો જ રહે છે. એ વિનાશમાંથી જ જીવન પ્રગટે છે. કોઈ પણ કારણ વિના, કેવળ ક્રીડાર્થે પણ, નાશ નોતરવામાં આવે છે. આ વસુંધરાના વિશાળ પટ પર અનન્ત વધક્રિયાની પરંપરા ચાલુ જ છે. પળ પળ પલટાતા મહાકાલની અધિષ્ઠાત્રી દેવી મહાકાલી તૃષાતુર જિહ્વા બહાર કાઢી હર હંમેશાં તૈયાર જ ઉભેલી હોય છે. એનું ભિક્ષા-પાત્ર અખંડ રક્તધારાથી ભરેલું છે. દ્રાક્ષના ઝૂંડમાંથી દ્રાક્ષાસવ નીતરે એમ, માનવલોહીની અનન્ત ધારા નીતરી રહેલી દૃષ્ટિગોચર થાય છે.

જયસિંહ : બસ કરો, ગુરુજી, આપ કહો છો એ સત્ય હોય તો સ્નેહ એક જુઠાણું છે, દયા એક મજાક છે. મહાકાલના આરંભથી માત્ર એક જ સનાતન સત્ય છે: વિનાશ. એથી તો એનો પોતાનો જ ક્યારનો વિનાશ થઇ ગયો ન હોત! ગુરુજી, આપ મારા હૈયા સાથે રમત કરી રહ્યા છો. જુઓ, જુઓ, માતાજી મારા સામે મીટ માંડી રહ્યાં છે. એમના અધરદ્વય પર મારા પ્રત્યે તુચ્છકાર વર્ષાવતું હાસ્ય ચમકી રહ્યું છે. ઓ રક્તપિપાસુ માતા, મારું રક્ત સ્વીકારશો? મારા હૈયામાં આ ખંજર હુલાવી, તારા આ સંતાનનું લોહી તારે ચરણે ધરું? આ રક્તશિરામાં વહેલું લોહી તને ખૂબ પસંદ છે? બોલ, ઓ લોહી તરસી માતા!!! બોલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે બોલાવ્યો ? ગુરુજી, દર્દથી મારું હૈયું માતૃચરણે ફાટી પડે, એ જ આપની ઇચ્છા છે, એ હું જાણું છું. એ જ સાચું બલિદાન છે. પરંતુ રાજાનું લોહી ! ! !– અમારા સ્નેહ માટે મરી પડતી માતા લોહીતરસી હોય ? ? ?

રઘુપતિ : એમ ન હોય તો મંદિરમાં બલિદાન પણ ન હોય.

જયસિંહ : હા. બલિદાન બંધ કરો. ના. ના. ગુરુજી, સત્ય કે અસત્ય શું છે, તે આપ જાણો છો ? હૈયાના કાયદા ને શાસ્ત્રોના નિયમો એક નથી. નેત્રો પોતાની દૃષ્ટિથી પ્રકાશ જોઈ શકતાં નથી. પ્રકાશ તો બહારથી જ આવનાર છે. ગુરુજી ! મારા અજ્ઞાનને દરગુજર કરો. પિતાજી, મને સાચું કહો. માતાજી રાજાજીનું લોહી અવશ્ય ઝંખે છે ?

રઘુપતિ : અરે રે ! બેટા, મારામાંથી પણ તારી શ્રદ્ધા ઊડી ગઈ ?

જયસિંહ : તમારા પર મને શ્રદ્ધા છે, એ તો મારું જીવન છે. દેવીને રાજાજીનું લોહી જોઈએ છે. લાવો, હું લાવી આપું. એક બન્ધુ પોતાના બીજા બન્ધુનો ઘાત કરે, એ મારાથી નહિ જોવાય.

રઘુપતિ : પરંતુ પ્રભુનો આદેશ અમલમાં મૂકવામાં પાપ હોઈ શકે જ નહિ.

જયસિંહ : બરાબર છે. એ પુણ્યકાર્ય જ હશે ને હું જ એ પુણ્યનો અધિકારી બનીશ.

રઘુપતિ : પરંતુ બેટા, મેં તને છેક નાનપણથી પાળી પોષી ઉછેર્યો છે, એટલે તું મને સૌથી વધારે પ્રિય છે. તારો વિયોગ મારાથી કદી સહન થાય તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયસિંહ : આપના વાત્સલ્યને હું પાપથી કદી યે કલુષિત થવા નહિ દઉં. કુમાર નક્ષત્રને એમના વચનથી છૂટા કરો.

રઘુપતિ : વિચાર કરી હું કાલે નિર્ણય પર આવીશ.

[જાય છે.]

જયસિંહ : વિચારણા ને શંકાના નર્ક કરતાં, ગમે તેવાં નિષ્ઠુર જણાતાં પણ કર્મો સારાં. તમે સાચું જ કહો છો, ગુરુજી, તમારા બોલમાં સત્ય તીતરે છે. મારવું એમાં પાપ નથી. ભાઈનો વધ કરવામાં પણ પાપ નથી. રાજાનું ખૂન કરવામાં પણ પાપ નથી. બન્ધુઓ, તમારા પ્રયાણમાં મુંઝાઓ છો શા માટે ? તમે બધા નિશાપુરના મેળામાં જવા તૈયાર થયાં છો ને ? ત્યાં સુંદરીઓ નૃત્ય કરનાર છે, નહિ વારું ? અહા. જગત સુંદર છે. નૃત્યાંગનાનાં અંગો પણ મનોહર છે. કેવા મસ્ત ઉલ્લાસમાં લોકોનાં ટોળેટોળાં રાજમાર્ગ પર આનંદકૂચ કરી રહ્યાં છે ? એમના કલ્લોલ નાદે સ્મિત ને સંગીતથી આખું વાતાવરણ ગૂંજી ઊઠયું છે. ચાલો, હું પણ જાઉં.

[રઘુપતિ પ્રવેશ કરે છે.]

રઘુપતિ : જયસિંહ !

જયસિંહ : હું જાઉં છું. કોઈ મારી આડે આવશો નહિ. હું કોઈને ય પીછાનતો નથી. આપને પણ પીછાનતો નથી. હું તો આ ટોળાં સાથે તણાઉં છું, મને રોકો છો શા માટે ? આપ આપને માર્ગે જાઓ.

રઘુપતિ : જયસિંહ !

જયસિંહ : મારો માર્ગ સીધો છે હાથમાં ભિક્ષાપાત્ર ને સંગમાં ભિક્ષુક-કન્યા. એ રીતે હવે હું અગમને માર્ગે પ્રયાણ આદરીશ. કોણ કહે છે કે સંસારના રાહ વિકટ છે ? અમે અમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષ્યને જરૂર પહોંચી વળીશું. ત્યાં કોઈ પણ જાતનાં બંધન નથી. ત્યાં જીવનના આનંદવિષાદ વિસરી જવાય છે. ત્યાં અનન્ત વિરામ મળે છે. હવે શાસ્ત્રોનું શું કામ છે? ગુરુ અને તેમની શિક્ષાની પણ જરૂર નથી. અરે, આ હું શું બોલ્યો? ઓ ગુરુજી, ઓ પિતાજી! હું કેવા જંગલી બોલ બોલી રહ્યો છું? કોઈ શ્રમણાની દુનિયામાં તો હું વિહરતો નથી ને? પેલું ઊભું મંદિર! સત્યના જેવું જ અચલ ને કઠોર. આપની શી આજ્ઞા હતી? ગુરુજી, હું તો બધું જ સાવ વિસરી ગયો છું. (ખંજર બહાર કાઢે છે.) આપના બોલને હું પાણી ચઢાવી રહ્યો છું. આ ખંજરની ધાર પેઠે, એ પણ પાણીદાર બનવાં જોઈએ ને? આપનો બીજો કોઈ આદેશ છે?

રઘુપતિ : બેટા, મારા હૈયાના હાર, તારા પર મારો કેટલો અસીમ સ્નેહ છે, એ તને શી રીતે સમજાવું?

જયસિંહ : ના. ગુરુજી! એવી વાતો મને નથી ગમતી. મારે સ્નેહની ગાથા નથી સાંભળવી. એક માત્ર કર્તવ્યનો જ મને વિચાર કરવા દો. જગતની લીલોતરી ને જીવનના સંગીત પેઠે, પ્રેમ સૃષ્ટિનું બાહ્ય સ્વરૂપ માત્ર છે. એક સ્વપ્ન પેઠે એ આવે છે ને સરી જાય છે. એની ભીતરમાં કર્તવ્ય ડોકિયાં કરે છે. જાણે પથ્થરનાં કઠિન પડળો : શિલાભાર કે કશું જ એને હઠાવી શકે નહિ.

[તેઓ જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૬

(ગોવિંદ અને ચંદ્રપાલ પ્રવેશ કરે છે.)

ચંદ્રપાલ : કૃપાનાથ, આપે સાવધ રહેવાની જરૂર છે.

ગોવિંદ : એટલે ? તું શું કરે છે ?

ચંદ્રપાલ : આપનું ખૂન કરવા કાવત્રું રચાયું છે.

ગોવિંદ : મારો જીવ લેવા કોણ તલસે છે ?

ચંદ્રપાલ : રખે ને એ સમાચાર જ ખંજર કરતાં વધુ કાતીલ નિવડે : એ ભયથી આપને વાત કરતાં જ હું અચકાઉં છું. રાજબંધુ નક્ષત્ર.....

ગોવિંદ : નક્ષત્ર ! ! !—

ચંદ્રપાલ : જી. આપનું લોહી મહાકાલીને ધરવા એમણે રઘુપતિને વચન આપ્યું છે.

ગોવિંદ : દેવીને ધરવા ? એમાં એનો કાંઈ જ દોષ નથી. દેવોની વાત આવે ત્યારે મનુષ્ય પોતાની માનવતા વિસરી જાય છે. ભલે. તમે તમારા કામે લાગો. મારે એકાંતની જરૂર છે.

[ચંદ્રપાલ જાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પ્રતિમાને) આ પુષ્પોનુ અર્ઘ્ય સ્વીકારો. મહાદેવી! આપના ભકતોને કૃપા કરી શાંતિથી જીવવા દો. માતાજી, આ જગતમાં જે નિર્બલ છે તે એટલા તો નિરાધાર છે અને જે સબલ છે એ એટલા તો નિષ્ઠુર છે કે કાંઈ કહેવાની જ વાત નથી. લોભમાં દયા નથી. અજ્ઞાન અંધ છે. નિર્બલને પગ નીચે છૂંદી નાખતાં, ગર્વને જરા પણ અરે નથી. માતાજી, આપની તલવાર ન ઉઠાવશો. રકતાતુર બની આપનાં ગલોફાં ન ચાટશો. બંધુને બંધુનો ઘાત કરવા ન પ્રેરશો. પત્નીને પતિ વિરુદ્ધ ન ઉશ્કેરશો. મારો સ્નેહીજન મારા પર પ્રહાર કરે, એવી આપની ઇચ્છા હોય તો ભલે તે ઇચ્છા બર આવે. પાપનો ઘડો પૂરો ભરાયે જ છૂટકો. રાજાનું લોહી એના બન્ધુના હાથે જ રેડાશે, ત્યારે જ રકતપિપાસાનું રાક્ષસી મુખ પ્રત્યક્ષ થશે. ત્યારે જ આપનું દૈવી સ્વરૂપ અદૃશ્ય થશે. આપની એવી જ ઇચ્છા હોય તો મારે કાંઈ જ કહેવાનું નથી.

[જયસિંહ અંદર ધસી આવે છે]

જયસિંહ : માતાજી, માતાજી, સાચું કહો, રાજાજીનું લોહી જ આપ માગો છો ને? આપના સ્વમુખે એ બોલ ઉચ્ચારો : આપને એ મળશે જ.

અવાજ : મારે રાજાનું લોહી પીવું છે.

જયસિંહ : તો રાજાજી! આપ છેલ્લી પ્રાર્થના કરી લ્યો. આપનો સમય ભરાઈ ચૂકયો છે.

ગોવિંદ : એવું શા પરથી કહે છે? જયસિંહ.

જયસિંહ : આપે માતાજીની આજ્ઞા સાંભળી નહિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ : એ માતાજીની આજ્ઞા નહોતી. મને તો એ સ્વર આપણા ચિરપરિચિત રઘુપતિનો જ લાગ્યો.

જયસિંહ : રઘુપતિનો ? ના. ના. એક શંકામાંથી બીજી શંકામાં મને અથડાવી ન મારો. અવાજ ગુરુજીનો હોય કે માતાજીનો હોય : મારે મન તો બન્ને સરખાં જ છે. (ખંજર મ્યાન બહાર કાઢે છે : થોડી વારે તે દૂર ફેંકી દે છે.) તારાં સંતાનોનું આક્રન્દ સાંભળ. ઓ માતા ! તારા બલિ માટે એકલાં સુંદર ફૂલો જ બસ છે. લોહી છાંટવાની કશી જ જરૂર નથી. કુસુમો પણ લોહી સમોવડાં રાતાં ક્યાં નથી મળતાં ? આ કેસુડાનાં ફૂલ... માતા વસુંધરાનું હૈયું ચીરી એ ઊગી આવ્યાં છે. સંતાનોનાં બલિદાન દેવાતાં જોઈ, એનું હૈયું ચીરાઈ ગયું છે. એમાંથી પ્રગટેલાં પુષ્પો આપે સ્વીકારવાં જ પડશે. આપના રોષની મને પરવા નથી પણ આપને હવે લોહી તો કદી યે મળનાર નથી. આપનાં ચક્ષુઓ ભલે રક્તવર્ણાં બને. આપની કૃપાણધારા ભલે ચમકી રહે. આપ ભલે પ્રલયાનલના અંગાર વરસાવો. હવે મને આપનો ભય નથી. રાજા, આ મંદિરનાં અધિષ્ઠાતા આ દેવી જ ભલે રહે. આપ આપના મહાલયમાં પધારો.

[રાજા ગોવિંદરાય જાય છે.]

જયસિંહ : અરે. રે, એક ક્ષણમાં હાથમાં આવેલું સર્વસ્વ મેં ગુમાવ્યું. ઓ ગુરુજી, ઓ મહાદેવી ! !—

[રઘુપતિ પ્રવેશ કરે છે.]

રઘુપતિ : મેં બધું જ સાંભળ્યું છે દગાબાજ, તારા ગુરુને તેં દગો દીધો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જયસિંહ : તો એનો દંડ દો. [પતાજી !

રઘુપતિ : તારે દંડ જોઈએ છે ?

જયસિંહ : હા. હા. દેહાન્તદંડ !—

રઘુપતિ : ના. એ પૂરતું નથી. મહાદેવીના ચરણ સ્પર્શ કરી સોગંદ લે.

જયસિંહ : જી. ચરણસ્પર્શ કર્યા.

રઘુપતિ : પ્રતિજ્ઞા કર— 'મધ્યરાત્રિ પહેલાં રાજાનું રક્ત આણી તારે ચરણે ધરીશ.'

જયસિંહ : 'મધ્યરાત્રિ પહેલાં રાજસી રક્ત માતાજીની વેદીમાં સમર્પીશ.' [જાય છે.]



૭

[રાજમહાલયનો એક ભાગ]

[ગુણવતી પ્રવેશ કરે છે.]

ગુણવતી : હારી. હું હારી. થોડા દિવસ હું વિમુખ બનીશ તો એ પરાજિત થશે, એવો મને મારી શક્તિમાં વિશ્વાસ હતો. માનિની બની, મેં ફિક્કો રોષ દાખવ્યો. એમનાથી અળગી રહી, પરંતુ મારા બધા જ પછાડા નિષ્ફલ ગયા. સ્ત્રીનો રોષ તો હીરાની ચમક જેવો છે. એ ચમકે પણ બાળે નહિ. એ મેઘગર્જના સમોવડો હોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પણ ઠીક થાત. રાજમહાલય પર તો એ તૂટી પડત. તો પણ એ નિદ્રામાંથી ઝબકી જાગત: એમના ગર્વના ચૂરેચૂરા થઈ જાત.

[કુમાર ધ્રુવ પ્રવેશ કરે છે.]

ગુણવતી ; ક્યાં જાય છે?

ધ્રુવ : રાજાજી પાસે.

[જાય છે.]

ગુણવતી : આ રાજાજીના હૈયાનો હાર. એણે મારાં અજાત સંતાનોને પિતૃવાત્સલ્યથી વિમુખ કર્યાં છે. રાજાના હૈયામાં એમનું જ પહેલું સ્થાન હોય, તે આ બાલકે છિનવી લીધું છે. ઓ મહાકાલી! તારી સૃષ્ટિ અનન્ત છે. ફક્ત એક બાલક આપ. કેવળ ધૂનને ખાતર પણ મારો ખોળો પૂરવા એક જીવ આપ, તારી જે ઈચ્છા હશે તે હું પૂરી કરીશ.

(નક્ષત્રરાય પ્રવેશ કરે છે.)

બંધુ નક્ષત્ર! શા માટે પાછા વળો છો? હું તો એક શસ્ત્રવિહોણી નિર્માલ્ય સ્ત્રી છું, હું તમને ભયજનક લાગું છું?

નક્ષત્રરાય : ના. ના. મને ન બોલાવશો.

ગુણવતી : કેમ ન બોલાવું? શો વાંધો છે?

નક્ષત્ર : મારે રાજા નથી થવું—

ગુણવતી : પણ આટલા આકળા કેમ?

નક્ષત્ર : રાજાજી ઘણું જીવો: હું રાજાનો બંધુ છું, એ જ બસ છે. મને પ્રાણાર્પણ કરવા દો.

ગુણવતી : ભલે, એમ કરજો : તમારા માર્ગે હું ક્યાં અંતરાય નાખું છું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નક્ષત્ર : ત્યારે આપને મારું શું કામ પડ્યું છે ?

ગુણવતી : તમારો રાજમુગટ હરી લેનાર ચોર બતાવું. પેલો ઊભો. એને દૂર કરો. સમજ્યા ?

નક્ષત્ર : હા. પણ એ ચોર છે કોણ ? એ જ નથી સમજાતું.

ગુણવતી : પેલો કુમાર ધ્રુવ. રાજાજીના ઉછંગે એ કેવો ઉછરી રહ્યો છે, એ નથી જોતા ? એક દિવસ એ રાજમુગટ ધારણ કરશે.

નક્ષત્ર : ખરી વાત છે. મને ઘણી વાર એ વિચાર આવ્યો છે. ક્રીડામાં એ બાલકના મસ્તકે રાજમુગટ પહેરાવતાં ભાઈને પણ મેં ઘણી વાર જોયા છે.

ગુણવતી : રાજમુગટની ક્રીડા ઘણી ભયંકર રમત છે. એ ક્રીડામાં ભાગ લેનારને દૂર નહિ કરો તો તમારી રમત પૂરેપૂરી રમાઈ જશે.

નક્ષત્ર : ખરી વાત છે. મને પણ એ રુચતું તો નથી જ.

ગુણવતી : માતાજીને ભોગ ધરો. માતાજીને રાજસી લોહીની તૃષા લાગી છે.

નક્ષત્ર : એ મારું કામ નહિ.

ગુણવતી : મૂર્ખ, માતાજી રોષે ભરાય પછી તમારી સલામતી ક્યાં રહી ? લોહી તો માતાજીને ધરાવવું જ પડશે. ફક્ત તમારું બચે તો બચાવો.

નક્ષત્ર : પણ એમને તો રાજાજીનું જ લોહી પીવું છે.

ગુણવતી : કોણે કહ્યું ?

નક્ષત્ર : જેને દેવી શમણાં આપે છે, એવાએ મને કહ્યું.

ગુણવતી : તો એ બાલકે રાજાજીનું સ્થાન લેવું પડશે. તમારા ભાઈને મન પોતાના લોહી કરતાં, એનું લોહી વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂલ્યવાન છે અને એમના જીવન કરતાં પણ અધિક મૂલ્યવાન હોય, એવી કીંમત આપીને જ એમના પ્રાણનું રક્ષણ કરવું ઘટે.

નક્ષત્ર : સમજ્યો.

ગુણવતી : તો સમય ન ગુમાવો. એની પાછળ પડો. એ બહુ દૂર નથી ગયો. જાઓ, મારા નામે એનું બલિદાન આપજો. યાદ રહેશે ને ?

નક્ષત્ર : જરૂર. જરૂર.

ગુણવતી : મહાદેવીના દ્વારથી મહારાણીનો બલિ પાછો વળ્યો હતોઃ માતાજી મને ક્ષમા કરે. તમે પણ એવી પ્રાર્થના કરજો.

(તેઓ જાય છે.)

૮

[જયસિંહ પ્રવેશ કરે છે.]

જયસિંહ : માતાજી, આપના ભંડિયેરમાં એક વસ્તુ બાકી રહેવા પામી છે ? દૂર દૂરના સંધ્યાતારકમાં પ્રકાશતી તારી સમુજ્જ્વલ જ્યોતિમાંનો એક આછેરો તણખો પણ મોજુદ હોય તો મારા પડકારનો ઉત્તર દે : ભલે આપનો સૂર અતિ નિર્બલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. બોલો, 'બેટા. હું આ રહી.' ના. ના. એ છે જ નહિ. માતાજી જેવું કોઈ જ નથી. ઓ મહામાયા, આ જયસિંહ પર દયા કર. એના ખાતર તારા સત્ય સ્વરૂપે પ્રગટ થા, તારું સ્વરૂપ એવું તે નરાતાર અસત્ય છે કે મારો સ્નેહ તારી ગેરહાજરીમાં જરા પણ ચેતનચિનગારી પ્રગટાવી શકતો નથી! ઓ મૂર્ખ, આજ સુધી તેં કોને માટે આ મનુષ્યજીવન વેડફી માર્યું? જીવનપ્યાલીનું અંતિમ પ્રાણબિંદુ તેં કોને માટે ખલાસ કર્યું? આ અનુત્તર નિર્જનતા ખાતર...આ અસત્ય નિર્દય માતૃહૃદયવિહોણી.....

[સુવર્ણા પ્રવેશ કરે છે.]

સુવર્ણા, લોકો તને આ મંદિરમાંથી હાંકી કાઢે છે. છતાં તું વળી વળીને અહીં જ પાછી આવે છે. કારણ કે તું સત્ય છે ને સત્યને કદી દેશવટો દેવાતો નથી. અનુપમ ભક્તિભાવે અમે હૃદયમંદિરમાં અસત્ય સંધરી રાખીએ છીએ. છતાં ય અમારું હૃદયમંદિર તો ખાલી જ છે. સુવર્ણા, હવે તું મારો ત્યાગ ન કરીશ. આવ, મારી પડખે બેસ. આટલી બધી ખિન્ન કેમ જણાય છે? આપણી આ નાનકડી સૃષ્ટિમાં પ્રભુની જરૂર છે ખરી? આપણે નિર્ભયહૃદયે પ્રભુવિહોણા બની જઈએ અને પરસ્પર વધુ સમીપ આવીએ. આ દેવીને આપણું લોહી જોઈએ છે. એટલા માટે તો સ્વર્ગનો વૈભવ છોડી, એ ધરતીની માટી ભેળાં થવા અહીં ઊતરી આવ્યાં છે. એમના સ્વર્ગમાં એ મનુષ્યો ક્યાંથી લાવે? દર્દ વેઠી લે એવા જીવો સ્વર્ગમાં ક્યાંથી મળે? ના. પ્રિયે, ખરું પૂછે તો માતાજી જેવું કશું છે જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુવર્ણા : તો આ મંદિર છોડી દો. ચાલો, આપણે જતાં રહીએ . . દૂર . . દૂર . . સુદૂર . . . જ્યાં કોઈ પણ અંતરાય ન હોય ત્યાં.

જયસિંહ : આ મંદિર છોડી દઉં ? હા. જરૂર. હું મંદિર છોડીશ જ. અરે રે, સુવર્ણા, મારે મંદિર છોડવું જ પડશે. પરંતુ મારું અંતિમ ઋણ ચૂકવ્યા વિના, હું શી રીતે મંદિર છોડું ! પણ જવા દે એ વાત, આવ, મારી સ્નેહરાજ્ઞી, જરા વધારે નજીક આવ. કાંઈ એવું બોલ કે આ જીવન મધુરપથી છલકાઈ જાય.

સુવર્ણા : હૈયું ભર્યું ભર્યું હોય ત્યારે વાચા સ્ફુરતી જ નથી.

જયસિંહ : તો જરા મારા આ આળા હૈયા પર તારું મસ્તક નાખી દે. મૃત્યુ ને જીવનની બે અંતિમ કક્ષાઓની શાંતિ ભલે પરસ્પર સ્પર્શી જાય . . અરે, હવે તો મારે જવું જ જોઇએ

સુવર્ણા : જયસિંહ, કઠોર ન થા. મારા દર્દનો તને ખ્યાલ પણ નથી આવતો ?

જયસિંહ : હું કઠોર ? તારો આ છેલ્લો બોલ ! દેવી કહી જેની હું પૂજા કરતો એ પથ્થરની પ્રતિમા જેવો જ હું નિષ્ઠુર ? સુવર્ણા, મારી પ્રિય સખી, તું દેવી હોત તો તને સમજાત કે મારા હૈયામાં કેવો અગ્નિ ભભૂકી રહ્યો છે. પરંતુ તું તો મારા હૃદયની દેવી છે, ખબર છે તને ? હું શી રીતે એ વાત માની ગયો ?

સુવર્ણા : કહો. કહો.

જયસિંહ : માતા સંતાનને ભોગ ધરાવે તેમ તું પણ પ્રત્યેક ક્ષણે મારો બલિ ચઢાવે છે. પણ એટલે સર્વ બલિદાનનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતિમ સ્વરૂપ. સર્જન માત્રમાં પળે પળ પોતાનું જીવન ભરી રહે તે પરમાત્મા.

સુવર્ણા : જયસિંહ, ચાલો, આ મંદિર છોડી આપણે દૂર દૂર.. ક્યાંક ભાગી જઈએ.

જયસિંહ : મને બચાવ, સુવર્ણા, દયા કર. મને એકલો જ રહેવા દે. મારા જીવનમાં બસ એક જ ધ્યેય છે. એનું સ્થાન તું ન લે.

(ભાગી જાય છે.)

સુવર્ણા : ફરી આવી આ વેદના ! ! !—હવે તો મારું જોમ ઓસરી ગયું છે. મારું હૃદય ભેદાઈ જાય છે.

[જાય છે.]



૯

[મંદિરનો એક ભાગ.]

[રઘુપતિ અને કુમાર પ્રવેશ કરે છે.]

રઘુપતિ : પેલા બાલકને ક્યાં રાખ્યો છે, નક્ષત્રરાય !—

નક્ષત્રરાય : ચૂનાનાં પાણીમાં પડ્યાં છે એ ખાડામાં. બિચારો આક્રન્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતો કરતો નિદ્રાવશ થયો છે. એ ફરીથી જાગ્રત થશે તો એનું આક્રંદ મારાથી નહિ સહેવાય.

રઘુપતિ : જયસિંહ મારી પાસે આવ્યો ત્યારે એ પણ એ જ વયનો હતો. માતાજીને ચરણે નિદ્રાધીન થતાં સુધી એ કેવું આક્રંદ કરતો, એ મને બરાબર યાદ છે. એના આંસુવેર્યાં બાલવદન પર મંદિરદીપક કુમાશભર્યો ટમકી રહેતો. એ સન્ધ્યા પણ આજના જેવી જ તૂફાનભરી હતી.

નક્ષત્ર : ગુરુજી, હવે વિલંબ ન કરો. એ નિદ્રાધીન છે એ ગાળામાં જ, મારે બધું પતાવી દેવું છે. એના આક્રંદથી મારા હૈયામાં ખંજરના ઘા પડે છે.

રઘુપતિ : એ જાગશે તો આપણે ઔષધ આપી બેશુદ્ધ કરીશું.

નક્ષત્ર : પણ રાજાજીને ખબર પડ્યા વિના નહિ રહે. તમારે જલ્દી આટોપ્યે જ છૂટકો છે. દર સંધ્યા સમયે એ રાજપાટની ઉપાધિ વિસારી આ બાલક સાથે ખેલવા આવે છે.

રઘુપતિ : મહાદેવીમાં શ્રદ્ધા રાખ. એનો બલિ એને અર્પણ થઈ ચૂકયો છે. એ કદી છટકી શકશે નહિ.

નક્ષત્ર : પરંતુ ચન્દ્રપાલ ચકોર છે.

રઘુપતિ : માતાજી આગળ એની તે શી મિસાલ?—

નક્ષત્ર : કોઈ પડછાયો . . .]

રઘુપતિ : તારા ભયનો જ.

નક્ષત્ર : કોઈનું આક્રંદ . . ?

રઘુપતિ : તારા હૈયાનું. નિરાશા દૂર કરો. નક્ષત્રરાય માતાજીને ધરાવેલી આ મદ્યપ્રસાદી સ્વીકારો. જ્યાં સુધી મગજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારો ભર્યા છે ત્યાં સુધી દિલ ભારે રહે છે. ભયને મેદાન જડે છે. પ્રવૃત્તિમાં પડતાં જ દિલમાં છૂપાતો ભય નહિવત બની જાય છે. એનાં જલબિન્દુ બંધાય છે. નાનકડાં ને ચમકભર્યાં . . કુમાર, એ વાતમાં કાંઈ માલ નથી. એમાં એક ક્ષણથી વધારે સમય નથી લાગતો. દીપકને ફુંક મારીએ એટલી જ વાર. એક જ સપાટે એ જીવનદીપક બુઝાઈ જવાનો. અષાઢના ગોરંભાયલા મેઘમાં વિદ્યુલ્લેખા સમાઈ જાય તેમ. ને રાજાના ગુમાન પર એથી એવો તો વજ્રપાત થવાનો કે એનો ઘા રૂઝાવાનો જ નહિ. કેમ શાન્ત છો ? કુમાર.

નક્ષત્ર : આપણે ઉતાવળા તો નથી થતા ને ? આ કાર્ય કાલ પર રાખીએ તો ?

રઘુપતિ : આજની રાત કે કાલની રાત ! એમાં શો ફરક પડવાનો છે ? આજની રાત કદાચ વધારે અનુકૂળ નિવડશે.

નક્ષત્ર : કોઈનો પગરવ— ?

રઘુપતિ : મને તો કશું જ નથી સંભળાતું.

નક્ષત્ર : જુઓ, જુઓ, દીપક . ! પ્રકાશ ! .

રઘુપતિ : રાજા આવે છે કે શું ? અરે રે ! બહુ જ અસુરું થઈ ગયું. . .

[રાજા ગોવિંદરાય સૈનિકો સહિત પ્રવેશ કરે છે]

ગોવિંદ : કેદ કરો બન્નેને. (રઘુપતિને) કાંઈ કહેવું છે ?

રઘુપતિ : કાંઈ જ નહિ.

ગોવિંદ : ગુનો કબૂલ છે ?

રઘુપતિ : ગુનો ! હા. હા. માતાજીની આજ્ઞાનો અમલ કરવામાં મારી નિર્બલતાથી મેં વિલંબ કર્યો એ મારો અપરાધ ખરો જ ને ? પછી દેવી દંડ દે જ. તું તો એનું નિમિત્ત માત્ર—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ : મારા રાજ્યના ધારા અનુસાર મારા સેવકો તને હદપાર કરી દેશે. રઘુપતિ, આઠ વર્ષ દેશનિકાલ.

રઘુપતિ : રાજા, જીવનભર હું કોઈ માનવીને નમ્યો નથી. હું બ્રાહ્મણ છું. તારા કરતાં ઉચ્ચ વર્ણનો છું. છતાં આજ હું તને વિનમ્રતાથી વિનવું છું: મને ફક્ત એક જ દિવસની મહેતલ આપ.

ગોવિંદ : ભલે.

રઘુપતિ : (માર્મિકતાથી) વાહ રાજાધિરાજ ! વાહ. શી વાત કરું આપની ને આપના મહાનુભાવની ?—હું તો એક ક્ષુદ્ર જીવ છું. માટીનો બનેલો ને માટીમાં ભળી જનાર.

(જાય છે.]

ગોવિંદ : નક્ષત્ર, ગુનો કબૂલ કર.

નક્ષત્ર : હું ગુન્હેગાર છું. આપની ક્ષમાને પણ પાત્ર નથી.

ગોવિંદ : બંધુ, તારું કોમળ હૈયું હું પિછાનું છું. કહે, આવો અવળો રાહ કોણે દેખાડયો ?

નક્ષત્ર : હું કોઈનું યે નામ નહિ લઉં. રાજાજી, મારા પાપનો જવાબદાર હું જ છું. આપે આપના મૂર્ખ બંધુને અનેક વાર ક્ષમા આપી છે. આજે ફરી એક વાર એ આપની ક્ષમા યાચે છે.

[ચરણે પડે છે.]

ગોવિંદ : નક્ષત્ર, ઊભો થા, ચરણે પડવાની જરૂર નથી. કેદી કરતાં ન્યાયાધીશ કાયદાની ચુંગાલમાં વધુ ભીડાયલો હોય છે.

પારજન : નક્ષત્રરાય આપના ભાઈ છે: એમને ક્ષમા કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ : હું રાજા છું એટલું જ મને યાદ રહે તો બસ. નક્ષત્રે આઠ વર્ષ દેશવટો ભોગવવો જ પડશે. સરિતાતીરે બાંધેલા એકદંડિયા મહેલમાં ત્રિપુરાની હદ બહાર આજથી એણે વસવાટ કરવાનો છે (નક્ષત્રનો હાથ પકડી) આ સજા તને એકલાને નથી. ભાઈ, એ મને પણ સજા જ છે. દૈહિક દંડભાગીઓ હું નથી બની શકતો, એથી તો મને ઉલટું વધુ સાલશે. રાજમહાલયમાં તારી ગેરહાજરી મારું હૈયું કોરી ખાશે. સહસ્ર શૂલ ભોકાતાં હોય એવું મને દર્દ થશે. મારાથી દૂર રહે ત્યાં સુધી પ્રભુ તારું રખેવાળું કરશે.

(સર્વે જાય છે.)



૧૦

[મંદિરમાં મહાકાલીની મૂર્તિ આગળ]

[રઘુપતિ અને જયસિંહ પ્રવેશ કરે છે.]

રઘુપતિ : મારું ગુમાન ઘવાયું છે. છતાં મારું બ્રાહ્મણત્વ મે જાળવ્યું છે. તારો ગુરુ થવા હું લાયક રહ્યો નથી. ગઇ કાલે તને આદેશ દેવાની મારામાં તાકાત હતી. આજે તો મારે તારી પણ કૃપા જ માગવાની રહી છે. રાજાની સત્તાની સામે થવા મને તાકાત અર્પનાર જ્યોત બુઝાઇ ગઈ છે. કોડિયાનો દીવો તો ફરી ફરી પ્રગટાવી શકાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ નભોમંડળમાંથી જે તારક ખરે, એ ફરી નહિ જ ચમકવાનો. હું પણ એવા ખરેલા તારક સમોવડો છું. જીવન ક્ષણભંગુર છે; પ્રભુજીની આછેરી કૃપારેખા છે. એવા એક દિવસ માટે મારે રાજાજીને ઘૂંટણીએ પડી યાચના કરવી પડી. એ એક દિવસ વૃથા જવા દેવાનો નથી. એની કાતીલ ભ્રમરો સંકોચાઈ જાય તે પહેલાં, એને રાજાજીના લોહીથી લાલ રંગાઈ જવા દો. કેમ કંઈ બોલતો નથી? બેટા! તારા ગુરુના સ્નેહથી વિમુખ તો નથી થયો ને? હું ખસી જાઉં છું. છતાં તારા પિતા તરીકે તને આજ્ઞા કરવાનો અધિકાર તો મેં ગુમાવ્યો નથી ને? તું અનાથ બાળક હતો ત્યારથી, એક પિતા કરતાં મેં તારું વધારે જતન કર્યું છે. જે મનુષ્યને પ્રેમ માટે યાચના કરવી પડે, એ સર્વ યાચકોમાં તુચ્છ છે. હજી યે તું બોલતો નથી? બેટા, લે તને પણ હું ઘૂંટણીએ પડું. મારી પાસે આવ્યો ત્યારે તો તું બાલક હતો, પણ આજે–

જયસિંહ : બસ કરો, પિતાજી, ધવાયલા જિગરમાં મીઠું ન પૂરશો. મહાદેવીને રાજસી લોહીની જ તૃષા લાગી હશે, તો હું સાંજ પહેલાં એ જરૂર લાવી આપીશ. મારું ઋણ હું ચૂકવીશ : જરૂર ચૂકવીશ. પાઈ એ પાઈ. હું પાછો આવું એટલી જ વાર. બહુ વાર નહિ લાગે.

[જાય છે.]

[બહાર તોફાન શરૂ થાય છે.]

રઘુપતિ : અન્તે જાગી, રુદ્રસ્વરૂપા માતા, મા અંબે ભવાની જાગી. એના શાપ નગરભરને કંપાવી રહ્યા છે. ક્ષુધાતુર તૂફાન સંસારવૃક્ષની ડાળીએ ડાળી હચમચાવી રહ્યું છે. તારલાઓ પણ આકાશપટલથી જાણે તૂટી પડશે. વાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતાજી, વાહ. અત્યાર સુધી તારા સેવકોને આમ શા માટે શંકાશીલ બનાવ્યા? કેમ અવમાનિત થવા દીધા. આ સેવકને તલવાર ઉપાડવી પડે, એવો પ્રસંગ જ ન આણશો. માતાજી, તમારી પોતાની શક્તિથી જ બધું પાર પાડજો...કોઈ આવતું જણાય છે.

[સુવર્ણા પ્રવેશ કરે છે.]

સુવર્ણા : જયસિંહ ક્યાં છે?

રઘુપતિ : દૂર થા, ઓ અમંગલ નારી—અત્યારે તો મંગલ ઘડી આવી ઊભી છે.

[સુવર્ણા વિદાય થાય છે.]

પરંતુ જયસિંહ પાછો ન વળ્યો તો? ના. ના. એ જરૂર આવશે. એ અવશ્ય પોતાનું વચન પાળશે. જય મહાકાલી, વિજયવાહિની દેવીનો જય. જયસિંહને કોઈ અંતરાય નડશે તો? ચોકીઆતોના પંઝામાં સપડાઈ, એ જીવ ગુમાવશે તો? ઓ સર્વજ્ઞ દેવી, તારો જય હો. તારી પત ન જાય, સંભાળજે. નહિ તો તારા શત્રુઓ હસશે. તારાં બાલકો માતાજીમાંથી શ્રદ્ધા ખોઈ બેસશે, તો તારું ગૌરવ હણાશે, ક્રાંતિકારો આગળ મસ્તક નમાવવા તારાં બાલકોને ફરજ પડશે. પછી આ અનાથ વિશ્વમાં તારો ધ્વજ કોણ ફરકાવશે? કોઈ આવે છે! આટલી વારમાં જયસિંહ ક્યાંથી આવે? એ નિષ્ફલ તો નહિ ગયો હોય ને? ના. ના. એવું બને જ નહિ. ચમત્કાર સમયની વાટ જોતો નથી. મનુષ્યમસ્તકની માલાથી શોભતી ઓ રુદ્રસ્વરૂપા ભવાની, ઓ મહાકાલી—

[જયસિંહ મંદિરમાં ધસી આવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રઘુપતિ : જયસિંહ, લાવ્યો ? રાજસી લોહી આણ્યું !

જયસિંહ : લ્યો. આ રહ્યું. છોડી દો મારો હાથ. હું જાતે જ મહાદેવીને રાજરક્ત ધરાવીશ. (પ્રતિમા પાસે જઈ) ઓ મહામાયા, ઓ મહાકાલી ! તને રાજસી રક્તની તૃષા લાગી છે ને ? સૃષ્ટિ માત્રમાં સ્તનપાનથી ચેતન પૂરનાર ઓ માતા ! સાંભળ, મારું લોહી પણ રાજકુટુંબનું જ છે. હું પણ ક્ષત્રિય છું. મારા વડવાઓએ પણ સિંહાસનો શોભાવ્યાં છે. મારાં મોસાળિયાં પણ માનવો પર રાજ્ય ચલાવે છે. મારી શિરાએ શિરાઓમાં રાજસી લોહી વહે છે. લે, મારું આ રાજરકત ને તારી તૃષા હંમેશ માટે છિપાવ.

[જયસિંહ પોતાની જ છાતીમાં ખંજર હુલાવી ઢળી પડે છે.]

રઘુપતિ : જયસિંહ, જયસિંહ ! તેં આ શું કર્યું ? ઓ નિષ્ઠુર આત્મા ! તેં મહા પાપ કર્યું. તેં તારા પિતાનો વધ કર્યો. જયસિંહ, ક્ષમા કર, મારા હૃદયાધાર, આ તેં શું કર્યું ? બેટા, પાછો આવ. મારા હૃદયભંડાર, તારે સ્થાને જીવ આપવા હું તૈયાર છું.

[સુવર્ણા પ્રવેશ કરે છે.]

સુવર્ણા : હું જરૂર ગાંડી બની જઈશ. જયસિંહ ! જયસિંહ તું ક્યાં છે ?

રઘુપતિ : આવ, સુવર્ણા, આવ, બેટા. તારા સ્નેહાવેગથી જયસિંહને પોકાર. એને સજીવન કર. મારાથી દૂર...દૂર. એને તારી સાથે લઈ જા. માત્ર એનામાં પ્રાણસંચાર કર એટલી જ મારી તને વિનવણી છે.

[જયસિંહના મૃતદેહ પ્રતિ નજર પડતાં જ, સુવર્ણા મૂર્છાવશ થાય છે.]

पुस्तकालय
गुरुकुल काँगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[રઘુપતિ મંદિરની ફરસબંધી પર કપાળ કુટે છે.]

લાવો, લાવો, મારા જયસિંહ ક્યાં છે? મારો જયસિંહ મને પાછો આપો. (ઊભો થઈ, પ્રતિમાને) જુઓ, આ કેવી ઊભી છે? ઓ નિષ્ઠુર પ્રતિમા! બધીર, મૂક, અંધ, સમગ્ર શોકાતુર સૃષ્ટિ એને આંગણે આક્રંદ કરી રહી છે. એના પથ્થરના ચરણારવિંદમાં ઉન્નત હૈયાનું બલિદાન દેવાય છે. મારા જયસિંહને પાછો લાવ. આહ! સર્વ વૃથા છે. ગમે તેવાં છાતીફાટ રુદનો પણ અરણ્યરુદન સમોવડાં જ છે. જગત ખાલી છે. એ ખાલી જગા પૂરવા શિલાની આવી માયાવી મૂર્તિઓ ઊભી કરી, મનુષ્યો મિથ્યા મથામણ કરે છે. હવે એની હદ આવી ગઈ. આપણાં નિર્માલ્ય શમણાં અહીં પથ્થરની પ્રતિમાઓ બની બેસી ગયાં છે, દુનિયાને ભારે મારે છે, એને દૂર કર્યે જ છૂટકો.

[મહાકાલીની મૂર્તિને દૂર ફેંકી દે છે.]

[ગુણવતી પ્રવેશ કરે છે.]

ગુણવતી : જય મહાદેવી, મહાકાલીનો જય—(મૂર્તિને ન જોતાં) અરે, પણ મહાદેવી ક્યાં?

રઘુપતિ : સૃષ્ટિમાં મહાદેવી જેવું કાંઈ છે જ નહિ.

ગુણવતી : મહાદેવી ક્યાં? પિતાજી, દેવીને પાછાં લાવો. મારો બલિ તૈયાર છે. મારા હૈયાનું રક્ત સીંચી એમનો ક્રોધ શમાવવા હું આજે અહીં આવી છું. બોલેલો બોલ રાણી પાળે છે, એ વાત એમને વિદિત કરો. દયા કરો. દેવીની પુનઃ પ્રતિષ્ઠા કરો. આજની રાત. કહો. કહો. દેવી ક્યાં છે?

રઘુપતિ : પણ દેવી છે જ નહિ : આ જગતમાં એનું અસ્તિત્વ જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણવતી : ગુરુજી, દેવી તો આ મંદિરમાં જ હતાં ને ?

રઘુપતિ : દેવી, આ જગતમાં સાચી દેવી હોત તો એના નામને આમ ભુંસાવા દેત ?

ગુણવતી : મને ત્રાસ ન દો. કહો, કહો, દેવી ક્યાંય નથી ?

રઘુપતિ : ના. ક્યાંય નથી.

ગુણવતી : ત્યારે અહીં કોણ હતું ?

રઘુપતિ : કોઈ નહિ—અહીં કશું જ નહોતું.

[સુવર્ણામાં ચેતન આવે છે.]

સુવર્ણા : પિતાજી !—

રઘુપતિ : આવ, બેટા ! 'પિતાજી' કહી તેં પોકાર્યો ? એ શબ્દોચ્ચારે આજે મને ઉથલાવી દીધો છે ! મારા પુત્રનો મેં ઘાત કર્યો છે. એણે મારી વિદાય લીધી છે. પરંતુ એ મીઠો પુકાર તારા મંજુલ સ્વરમાં પડઘા પાડતો જળવાય છે.

સુવર્ણા : પિતાજી, આ મંદિર છોડી દો. ચાલો, દૂર...દૂર...

[રાજા પ્રવેશ કરે છે]

ગોવિંદ : મહાદેવી ક્યાં ?

રઘુપતિ : દેવી છે જ નહિ

ગોવિંદ : ને આ લોહી—?

રઘુપતિ : રાજા, જયસિંહનો તમારા પર અપાર પ્રેમ હતો : એણે પોતાનું બલિદાન દીધું–

રાજા : બલિદાન ! શા માટે ?

રઘુપતિ : અસત્યના વિનાશ માટે, માનવોનું લોહી પીનાર ભયંકરતા નાબુદ કરવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદ : જયસિંહ મહાન છે. મૃત્યુ પર એણે જ સાચો વિજય મેળવ્યો છે. મારી આ પુષ્પાંજલિ—

ગુણવતી : રાજાજી.

ગોવિંદ : રાણી.

ગુણવતી : મહાદેવી ક્યાં ?

ગોવિંદ : પથ્થરનું પિંજર તોડી એ મહિલાના હૈયામાં વસી છે.

સુવર્ણા : ચાલો, પિતાજી

રઘુપતિ : ચાલ, બેટા, ચાલ. માતા! આજે મેં તને સાચી પીછાની છે. જયસિંહનું અંતિમ સ્મરણ તું જ છે.

[પડદો પડે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ લેખકનાં પુસ્તકો

નાટક

નાગાનંદ

પ્રતિજ્ઞા

રાજાની રાણી

નવલિકા

પુષ્પાંજલિ

ધૂમ્રશિખા

અંગાર

ભડકા

મુક્તિદ્વાર

નવલકથા

લક્ષ્મીનાં બંધન

અગમ્ય નાદ

ગુન્હેગાર ?

કલ્યાણને માર્ગે

સુવર્ણા

કલ્યાણી

જ્યોતિરક્ષા

જીવન ઇતિહાસ

જંઘીસખાન

કમાલ

બાલ સાહિત્ય

ગુલછડી

કાયદો

કાપડ નિયમન

કાવ્યગ્રંથ

પરિમલ

પ્રાપ્તિસ્થાન

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર સાહિત્ય

ધૂમકેતુ

પડછાયા	૧–૪
વનરાજ	૧–૦
તણખા ૧ થી ૪	૧૩–૦

ક. મા. મુનશી

પૃથિવીવલ્લભ	૨–૮
જય સોમનાથ	૫–૦
ભગવાન પરશુરામ	૫–૮

ઝવેરચંદ મેઘાણી

રસધાર ૧ થી ૫	૧૩–૦
સોરઠી બહારવટિયા ૧ થી ૩	૭–૮
એશિયાનું કલંક	૨–૮
હંગેરીનો તારણહાર	૧–૮
સત્યની શોધમાં	૩–૦

મનુભાઈ જોષાણી

કુમારોની પ્રવાસકથા	૧–૮
સોરઠી જવાહર	૩–૦
શૌર્યનાં તેજ	૨–૮
સોરઠી વિભૂતિઓ	૨–૪
જનપદ ૧ થી ૩	૩-૧૨

જયભિક્ષુ

જવાંમર્દ ભા. ૧–૨	૩–૦
હિંમતે મર્દાં	૧–૮
ગઈ ગુજરી	૧–૮
બેઠો બળવો	૨–૦
વિક્રમાદિત્ય હેમૂ	૫–૦

પુરાતન ભુચ

આપણા ગાંધીજી	૧–૦
,, સરદાર	૧–૦
,, જવાહર	૧–૦

દામુભાઈ શુકલ

ચાર મોરચાની કેળવણી	૧–૪
કુવારા જ સારાં (નાટક)	૨–૦

ટાગોર

ઘરે બાહિરે	૪–૦
લક્ષ્મીની પરીક્ષા	૨–૦

શરદબાબુ

શ્રીકાન્ત ૧ થી ૪	૧૧–૮
દેવદાસ	૨–૦
કાશીનાથ	૨–૮
સ્વામી	૨–૪

વિદ્યાર્થી વાચનમાળા
(૨૦૦ જીવનચરિત્રો)
૧ થી ૧૦ શ્રેણી ૪૦–૦

તમામ જાતનાં પુસ્તકોનું પ્રાપ્તિસ્થાન
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજવી શકાય તેવાં

નાટકો

કાકાની શશી	૧-૮
ડૉકટર મધુરિકા	૧-૪
બ્રહ્મચર્યાશ્રમ	૧-૪
પૌરાણિક નાટકો	૩-૮
છીએ તે જ ઠીક	૨-૮
ઠંડી ક્રૂરતા ને બીજાં નાટકો	૧-૮
સંભાવિત સુંદરલાલ	૧-૪
રક્ષાબંધન	૧-૦
પૃથ્વીનાં આંસુ	૧-૮
શાહજહાં	૨-૦
રાણો પ્રતાપ	૨-૮
રાજા-રાણી	૨-૦
રમા (શરદબાબુ)	૨-૦
લક્ષ્મીની પરીક્ષા ને બીજાં નાટકો	૨-૦
રાજાની રાણી	૦-૮
પ્રતિજ્ઞા	૦-૮
ઢીંગલી	૦-૧૨
કુંવારાં જ સારાં	૨-૦
જો તું હું હોત તો	૩-૦
શિખરિણી	૧-૮
ધરા ગૂર્જરી	૨-૦
આહુતિ	૧-૪
ઊંડા અંધારેથી	૨-૮
કાલિદાસનાં નાટકો	૪-૮

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો : : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar